

**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)



**અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૦ ❖ અંક : ૭ ❖ ૧૦, માર્ચ-૨૦૧૧

૪, રબી.આખર, હિ.સન-૧૪૩૨ ❖ સળંગ અંક : ૩૫૫

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ ✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨ હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)

મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com

Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-

(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION

## લેખ સૂચિ


| | |
|---|---|
| ❊ ઊઘડતે પાને | ૦૧ |
| ❊ કુરઆન શિક્ષણ | ૦૪ |
| ❊ અહાદીસ | ૦૫ |
| ❊ સફળ જીવન જીવો | ૦૭ |
| ❊ ગડમથલ | ૧૦ |
| ❊ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)એ પઢેલ મજલિસ | ૧૧ |
| ❊ તૌહીદ | ૧૪ |
| ❊ તા'ઝિમે રસૂલ(સ.) | ૧૫ |
| ❊ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૩ |
| ❊ મિસ્વાક અને મોઢાની તંદુરસ્તી | ૨૬ |
| ❊ જુંબિશે લબ | ૨૭ |
| ❊ નહજુલ બલાગહ | ૨૯ |
| ❊ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૧ |
| ❊ ઝિંદગી | ૩૩ |
| ❊ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૩૭ |
| ❊ મશાયખવાણી | ૩૯ |
| ❊ મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત | ૪૩ |
| ❊ આરોગ્યની સાચવણી | ૪૬ |
| ❊ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૭ |
| ❊ જ્ઞાનગોષ્ઠિ | ૪૯ |
| ❊ આપણા ઘરની વાતો | ૫૩ |
| ❊ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૭ |


## ઊઘડતે પાને...

એક ઈસ્લામી જંગ.

જંગે ખૈબર નામ.

જંગે ખૈબર સમાપ્ત થઈ ચૂકી હતી. હઝરત રિસાલત મઆબ(સ.) મદીના શરીફમાં તશરીફ લાવ્યા. બપોરના સમયે હઝરત જિબ્રઈલ નાઝિલ થયા અને આપને બની કુરૈઝા સાથે જંગ કરવાનો આદેશ પહોંચાડ્યો.

હઝરત રસૂલે ખુદા(સ.)એ તરત જ લડાઈ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી અને એવી જાહેરાત પણ કરી દીધી કે અસરની નમાઝ બની કુરૈઝામાં જઈને પઢવામાં આવશે. મુસલમાનોએ

આપના હુકમનું પાલન કર્યું અને ત્યાં જઈને બની કુરૈઝાના ગઢને ઘેરી લીધો.

બની કુરૈઝા યહૂદી હતા. મદીનાથી ચાર કિલોમીટર દૂર વસેલા હતા. તેમણે હુઝૂર(સ.) સાથે એવી સંધી કરી હતી કે તેઓ તેમના દુશ્મનોને મદદ નહીં કરે તેમ છતાં તેમણે ખંદકની લડાઈ વખતે જાહેરમાં મુસલમાનોની વિરૂધ્ધ કાર્ય કર્યું હતું અને કાફિરોને સહકાર આપ્યો હતો. ખંદકની લડાઈ પૂર્ણ થઈ ગયા પછી આપ(સ.)એ તેમને વચનભંગ બદલ દંડ કર્યો હતો.

કિલ્લેબંધી લાંબો સમય ચાલી. યહૂદીઓ કંટાળી ગયા ત્યારે તેમણે રસૂલે ખુદા(સ.)ની ખિદમતમાં એક સંદેશો મોકલાવ્યો.

'તમે તમારા સહાબી અબુ લબાબાને અમારી પાસે મોકલો. અમે તેમની સાથે વાટાઘાટો કરીશું.'

અબુ લબાબા બની કુરૈઝાના હલીફ★ રહી ચૂક્યા હતા. હઝરત રસૂલે ખુદા(સ.)એ અબુ લબાબાને ફરમાવ્યું,

'તમે તમારા હલીફ લોકો પાસે જાઓ અને જાણી લાવો કે તેઓ શું કહેવા માગે છે.'

અબુ લબાબા બની કુરૈઝાના કિલ્લામાં આવ્યા. બની કુરૈઝાની સ્ત્રીઓ અને બાળકોની નજર જેવી અબુ લબાબા ઉપર પડી કે તરત જ તેઓ અસહ્ય દુઃખને કારણે રડવા લાગ્યાં. અબુ લબાબા આવું હ્રદયદ્રાવક દશ્ય જોઈને મૂંઝાઈ ગયા. બની કુરૈઝાના લોકોએ કહ્યું,

'અય અબુ લબાબા ! હવે તમે જ કહો કે અમારે શું કરવું જોઈએ. શું અમે બિનશરતે હઝરત મોહંમદ(સ.)ની રહમ અને કરમ ઉપર શરણે થઈ જઈએ અને પછી તે અમારા માટે જે નિર્ણય લે તે સ્વીકારી લઈએ કે પછી અમારે કોઈ બીજો રસ્તો વિચારવો જોઈએ ?'

★ જેણે કોઈની સાથે કોઈ બાબતની કસમ ખાધી હોય તેવો મિત્ર

અબુ લબાબાએ કહ્યું,

'મારા અભિપ્રાય પ્રમાણે તો તમારે કોઈ પણ શરત વગર અને વિરોધ કર્યા વગર હઝરત મોહંમદ(સ.)ને શરણે થઈ જવું જોઈએ.'

આ શબ્દો ઉચ્ચારતી વખતે અબુ લબાબાએ પોતાની ડોક તરફ ઈશારો કર્યો. તે ઈશારા દ્વારા એમને એવું સમજાવવાનો હેતુ હતો કે જો તમે આવું કરશો તો કતલ થઈ જશો.

અબુ લબાબાએ આવો સંકેત આપતાં તો આપી દીધો પરંતુ તેઓ પોતાની આવી વર્તણૂકથી ખૂબ જ દુઃખી થઈ ગયા અને પસ્તાવા લાગ્યા. તેમણે પોતાની જાતને ઉદ્દેશીને કહ્યું,

'તેં ખુદા અને રસૂલ(સ.) સાથે અપ્રમાણિકતા આચરી છે.'

પછી અબુ લબાબા કિલ્લામાંથી બહાર આવ્યા અને પોતાના અંતઃકરણને ઠપકો આપવા લાગ્યા. તેમને હવે હુઝૂર(સ.)ની ખિદમતમાં હાજર થવામાં શરમ લાગી રહી હતી. તેઓ કિલ્લામાંથી નીકળીને સીધા જ મસ્જિદમાં ચાલ્યા ગયા અને પોતાની ડોકમાં જાનવરને પહેરાવવાની રસ્સી બાંધીને મસ્જિદના એક થાંભલા સાથે રસ્સીનો બીજો છેડો બાંધી દીધો, જે થાંભલો **'સુતૂને તૌબા'**(અર્થાત તૌબાનો થાંભલો)ના નામથી સુપ્રસિધ્ધ હતો. અબુ લબાબાએ મનમાં એવી ગાંઠ વાળી દીધી હતી કે જ્યાં સુધી અલ્લાહ મારી તૌબા કબૂલ નહીં કરે ત્યાં સુધી હું મારી જાતને કેદમાંથી મુક્ત નહીં કરું.

આ બાજુ હઝરત રસૂલે ખુદા(સ.) અબુ લબાબાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. છેવટે આપે ફરમાવ્યું,

'હજુ સુધી અબુ લબાબા પાછા કેમ ફર્યા નથી?'

એક સહાબીએ અરજ કરી,

'તેમણે તો પોતાને તૌબાના થાંભલા સાથે બાંધી રાખ્યા છે.'

આપ(સ.)એ ફરમાવ્યું,

'જો અબુ લબાબા સીધા આપણી પાસે આવી ગયા હોત અને પોતાની ભૂલ બદલ તૌબાની માગણી કરી હોત તો અમે તેમની ભૂલને અલ્લાહ પાસે માફ કરાવી દેત, પરંતુ હવે તો તેમણે અલ્લાહ સાથે સીધો સંબંધ જોડ્યો છે. તેથી હવે અલ્લાહને જે યોગ્ય લાગશે તે નિર્ણય તેના માટે લેવામાં આવશે.'

ઘણા દિવસો સુધી અબુ લબાબાએ પોતાની જાતને રસ્સી સાથે બાંધેલી રાખી. તેઓ દિવસે રોઝો રાખતા અને ઈફ્તારમાં ખૂબ જ ઓછો ખોરાક લેતા. કુદરતી હાજત સિવાય મસ્જિદની બહાર નીકળતા ન હતા.

એક રાત્રે હઝરત રસૂલે કરીમ(સ.) જનાબે ઉમ્મે સલમાના ઘેર તશરીફ લઈ ગયા ત્યારે હઝરત જિબ્રઈલ અબુ લબાબાની તૌબા કબૂલ થવાના વર્ણનની આ આયત અલ્લાહ તરફથી લઈને નાઝિલ થયા,

(ભાષાંતર) 'અને કેટલાક લોકો એવા છે કે જેમણે પોતાના ગુનાઓનો સ્વીકાર કર્યો, તેઓએ સારાં ખરાબ કામો ભેગાં કરી નાખ્યાં તો અલ્લાહ તેમની તૌબા કબૂલ કરી લેશે. બેશક અલ્લાહ માફી આપનાર અને મહેરબાન છે.'

હઝરત રિસાલત મઆબ(સ.)એ પોતાનાં પત્ની ઉમ્મે સલમાને ફરમાવ્યું,

'અલ્લાહે અબુ લબાબાની તૌબા કબૂલ ફરમાવી છે.'

હઝરત ઉમ્મે સલમાએ અરજ કરી,

'જો આપની રજા હોય તો હું તેમની પાસે જઈને તેમને આ ખુશખબરી સંભળાવું ?'

આપ(સ.)એ રજા આપી. હઝરત ઉમ્મે સલમાએ પોતાના ઓરડામાંથી માથુ બહાર કાઢીને તેમને આ શુભ સમાચાર સંભળાવ્યા.✶

અબુ લબાબાએ આ સાંભળીને અલ્લાહની હમ્દોસના કરી. કેટલાક મુસલમાનો અબુ લબાબાની દોરીની ગાંઠ છોડવા માટે આગળ વધ્યા પરંતુ અબુ લબાબાએ તે લોકોને એવું કરવાની મનાઈ કરી અને કહ્યું,

'જયાં સુધી હઝરત રસૂલે ખુદા(સ.) પોતે જ આવીને મને મુક્ત નહીં કરે ત્યાં સુધી હું બંધાયેલો રહેવાનું પસંદ કરીશ.'

હઝરત રસૂલે ખુદા(સ.)એ તેમને એવું કરવાની પરવાનગી આપી. ત્યાર પછી અબુ લબાબાએ પોતાની અડધી સંપત્તિ ખેરાતમાં આપવાની ઈચ્છા પ્રગટ કરી. આપ(સ.)એ તેની રજા ન આપી. અબુ લબાબાએ પોતાની ત્રીજા ભાગની સંપત્તિ અલ્લાહની રાહમાં વાપરવાની મંજૂરી માગી તો આપે તેમને રજા આપી દીધી. નીચેની આયતમાં તે સદકો સ્વીકારવાનું વર્ણન કરવામાં આવ્યું છે : (ભાષાંતર)

**'તેમના માલમાંથી સદકો લો, તેના થકી તેને પાક-સાફ કરો અને તેના માટે દુઆ કરો. બેશક તમારી દુઆ તેમના માટે સાંત્વનરૂપ છે અને અલ્લાહ સાંભળનાર અને જાણનાર છે. શું તેઓ નથી જાણતા કે અલ્લાહ પોતાના બંદાઓની તૌબા કબૂલ કરે છે, સદકાઓને મંજૂર કરે છે અને બેશક તે તૌબા કબૂલ કરનાર અને મહેરબાન છે.'** ❋

(સંદર્ભ : તફસીરે બુરહાન, ભાગ-૨, પેજ-૧૫૪)

✶ ઈતિહાસકાર તબરી લખે છે કે આ પ્રસંગ, સ્ત્રીઓ માટે હિજાબનો હુકમ આવ્યો તે પહેલાંનો છે.

**મહેફિલે ઈલ્મીયા - ક્વીઝ કોમ્પિટીશન**

તા.૭-૫-૨૦૧૧ના રોજ મહેરપુરા મુકામે યોજવામાં આવનાર છે જેના અભ્યાસક્રમ તરીકે જાન્યુ.૧૦ થી ડિસે-૧૦ સુધીના જાફરી આવાઝ રાખેલ છે. પરંતુ તેમાંથી માત્ર **ઊઘડતે પાને, સુપરેમન ઈન ઈસ્લામ, જ્ઞાનગોષ્ઠિ, અહાદીસ, નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી બાવા સાહેબ તથા હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબે પઢેલ મજિલસ, જનાબ સૈયદ નદીમ એહમદ ડી. જાફરી સાહેબના લેખ** તથા **સર્વશ્રેષ્ઠ સ્મરણમાંથી** પૂછવામાં આવશે. -આયોજકો

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ હે ઈમાન લાવનારાઓ ! તમે નબીના ઘરોમાં દાખલ થાઓ નહીં સિવાય કે તમને ખાવા માટે (અંદર) બોલાવવામાં આવે, પણ (જાણી જોઈને) ખાણું તૈયાર થવાની રાહ ન જુઓ, પરંતુ જ્યારે તમને બોલાવવામાં આવે ત્યારે જ દાખલ થાઓ, અને પછી જેવું ખાણું ખાઈ રહો કે તરત જ છૂટા પડી જાઓ, અને વાતોમાં વળગી બેસી રહો નહીં. નિઃસંશય તમારી આ વાત નબીને તકલીફ આપે છે અને તે તમને કહેતાં શરમાય છે, પણ અલ્લાહ વ્યાજબી વાત કહેતાં શરમાતો નથી; અને જ્યારે તમે નબીની પત્નીઓ પાસે કોઈ વસ્તુ માગો તો તેમની પાસે પડદા પાછળથી માગો; આ વાત તમારા અંતઃકરણને વધુ પાક કરનારી છે અને તેમના અંતઃકરણોને પણ; અને તમે અલ્લાહના રસૂલને કોઈ તકલીફ આપો એ તમારા માટે ઘટતું નથી, અને ન આ (ઘટે છે કે) તમે તેની પાછળ તેની પત્નીઓ સાથે કદી પણ નિકાહ કરો; બેશક આ વાત અલ્લાહની પાસે મહા ગંભીર છે.

**(પારો-૨૨, સૂરએ અહઝાબ, આયત-૫૩)**

✻ નિઃસંશય અમોએ (ન્યાય અને આજ્ઞાપાલનની) જવાબદારીનો બોજો આકાશો તથા પૃથ્વી તથા પર્વતો સમક્ષ રજૂ કર્યો, પણ તે સર્વેએ તેને ઊંચકવાનો ઈન્કાર કર્યો, અને તેઓ તેનાથી ડરી ગયા, પણ મનુષ્યે તે ઊંચકી લીધો; નિઃસંશય તે(મનુષ્ય) પોતાના હકમાં મોટો જુલમગાર (અને) અજ્ઞાન છે.

**(પારો-૨૨, સૂરએ અહઝાબ, આયત-૭૨)**

✻ (હે રસૂલ !) તું કહે કે બેશક મારો પરવરદિગાર જેના માટે ચાહે છે રોઝી વિશાળ કરે છે, અને જેના માટે ચાહે છે તંગ કરી દે છે, પરંતુ ઘણા ખરા લોકો તે જાણતા નથી.

**(પારો-૨૨, સૂરએ સબા, આયત-૩૬)**

✻ અને તેમની પૂર્વે જે લોકો હતા તેમણે પણ (સત્યને) જૂઠલાવ્યું હતું, જો કે અમે તેમને જે કાંઈ આપી મૂક્યું હતું તેના દસમા ભાગને પણ આ લોકો નથી પહોંચ્યા; સારાંશ કે તેમણે પણ મારા રસૂલોને જૂઠલાવ્યા હતા, જેથી (તમોએ જોયું કે) મારી નાપસંદગી તેમના સંબંધમાં કેવી થઈ પડી હતી ?

**(પારો-૨૨, સૂરએ સબા, આયત-૪૫)**

✻ જે શખ્સ આબરૂનો ઈચ્છનાર હોય તો સંપૂર્ણ આબરૂ અલ્લાહ માટે જ છે; જેની જ તરફ પવિત્ર કલમા(શુભવાણી) ચઢે છે, અને સત્કાર્યો તે(શુભવાણી)ને ઊંચે ચઢાવે છે; અને જેઓ ચાલબાજીઓ કરી બદીઓ કરતા રહે છે તેમના માટે જ સખત અઝાબ છે; અને તેમની ચાલબાજીઓ અંતે નિષ્ફળ જનાર છે.


**(પારો-૨૨, સૂરએ ફાતિર, આયત-૧૦)**

✻ અને અલ્લાહે તમને (પ્રથમ) માટીમાંથી પેદા કર્યા, પછી વીર્યબિંદુમાંથી, પછી તમને જોડાં જોડાં (નર-માદા) બનાવ્યાં; અને કોઈ માદા (એવી) ગર્ભવતી થતી નથી, અને ન તે કોઈ બાળકને જન્મ આપે છે, પરંતુ આ એ અલ્લાહને તે (સર્વે)ની જાણ ન હોય; અને કોઈ વૃધ્ધને વધારે કે (જે વય) અલ્લાહના લખાણમાં મોજુદ હોય (તે જ આપવામાં આવે છે); ખચીત જ આ વાત અલ્લાહ માટે અત્યંત સહેલી છે.

**(પારો-૨૨, સૂરએ ફાતિર, આયત-૧૧)**


**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



### યતીમો પર મહેરબાની કરવા વિષે

સમાજના વંચિત વિભાગોમાંથી એક વિભાગ એવા બાળકોનો છે કે જેઓ બાળપણમાં જ પોતાના મા-બાપને ગુમાવી દેતાં હોય છે અને તેમના પ્રેમ અને મોહબ્બતથી વંચિત બની જાય છે. એ બાબત તો સ્પષ્ટ છે કે જો આવાં બાળકોને તેમના હાલ પર છોડી દેવામાં આવે તો તેઓ મોટાં થઈને બેજવાબદાર અને બદચલન સાબિત થઈ જાય.

આ કારણે તો ઈસ્લામ ધર્મ પોતાના અનુયાયીઓને હુકમ આપે છે કે આવા બાળકોની પૂરેપૂરી કાળજી રાખવામાં આવે અને પોતાની દેખરેખ હેઠળ તેમનો ઉછેર કરવામાં આવે.

કુરઆને મજીદ ફરમાવે છે :

**'એ લોકો તમને યતીમોના વિષે સવાલ કરે છે તેમને કહી દો કે તેમની સુધારણા(કરવી) શ્રેષ્ઠ (બાબત) છે અને જો તમે તેમની સાથે સંબંધ રાખો તો(એ હેતુથી કે તેમની સુધારણા કરો તો તે યોગ્ય કાર્ય છે) કેમકે તેઓ તમારા ભાઈ છે અને ખુદા (તમારી નિય્યતોથી પરિચિત છે) નેકી કરનારાઓને દંગા ફસાદથી ઓળખે છે.'**

એમાં તો કોઈ શંકાને સ્થાન નથી કે આવાં બાળકો એ ઉણપને કારણે કે જે તે પોતાની જાતમાં નિહાળે છે તેનાથી હ્રદયભંગ અને દુ:ખી બની જાય છે અને પોતાની જાતને તુચ્છ સમજે છે. આ નુકસાનની ક્ષતિપૂર્તિ થઈ જાય અને તેમને એ વસ્તુઓ પ્રાપ્ત થઈ જાય જે તેમના આત્માને સાંત્વન આપવાનું કારણ બને તો શું આ સારી બાબતો નથી?

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'કોઈ માણસ કોઈ યતીમનું પાલન પોષણ કરે અને તેમના જીવનને સાચું સ્વરૂપ આપે એટલે સુધી કે તેનાથી તે માલદાર થઈ જાય તો ખુદા તઆલા તેના પર જન્નત વાજિબ કરી દે છે અને એવી જ રીતે જો તે(યતીમના) માલમાં ખયાનત કરે તો તેના પર દોઝખ વાજિબ કરી દે છે.'**

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'જે વ્યક્તિ કોઈ યતીમના માથા પર મહેરબાનીભર્યો હાથ ફેરવે તો ખુદા તઆલા કયામતના દિવસે તેને એ બાલોની સંખ્યા બરાબર તેને નૂર આપશે કે જે(બાલ) તેના હાથના નીચેથી પસાર થયા હોય.'**

અમીરૂલ મોમિનીન(અ.) પોતાના સંતાનોને વસિયત ફરમાવે છે :

**'યતીમોના સંદર્ભમાં ખુદાથી ડરો તેમને કદી બેપરવા અને કદી ભૂખ્યા ન રાખો અને તેમને પોતાની પાસે(રાખીને) ન બગાડો.'**

રસૂલે અકરમ(સ.)ના નીચેના ઈરશાદમાં પણ યતીમો પર દયા ભાવ રાખવાથી શું પરિણામ આવે છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

**'એક દિવસ હઝરત ઈસા ઈબ્ને મરીયમ(અ.) એક કબ્રસ્તાનમાંથી પસાર થયા અને પોતાની મખ્સૂસ(ખાસ) દષ્ટિથી તેમને ખબર પડી કે એક કબરવાળાને અઝાબ આપવામાં આવી રહ્યો છે અને જ્યારે આપ એક વર્ષ પછી ત્યાં થઈને પસાર થયા તો (તે) કબર પર અઝાબનાં કોઈ ચિહ્નો તેમને જોવા ન મળ્યાં. આપે ખુદા તઆલાને આ બાબતમાં સવાલ કર્યો (તો) વહી આવી કે તે**

નેક માણસ ગુનેગાર હતો અને તેનો એક સાલેહ(નેક) ફરઝંદ હતો કે જેણે એક વર્ષની મુદતમાં એક યતીમને એક મકાન તૈયાર કરી આપ્યું અને એક રસ્તાને દુરસ્ત કર્યો (તો) ખુદા તઆલાએ તેના આ કાર્યના બદલામાં તેના બાપના ગુનાહ માફ કરી દીધા.'

વળી ફરીથી રસૂલે અકરમ(સ.) ફરમાવે છેઃ

**'જે વ્યક્તિ કોઈ યતીમનું ભરણ-પોષણ કરે અને તેના ખર્ચાને વહન કરે તો હું અને તે જન્નતમાં એવી રીતે એકઠા થઈશું કે જેવી રીતે હાથની બે આંગળીઓ એક બીજા સાથે જોડાયેલી હોય છે.'**✻

**ઈસ્લામી કવીઝ નં. ૨૦૪ના જવાબો**

(૧) એવા મહાત્મા કે જેમની કબ્રથી મુરાદો પૂરી થતી હોય (૨) ગુસલ કર્યા વગર સૂઈ જવું (૩) દક્કતુલ કઝા (૪) કુફામાં (૫) ફુઝતો બેરબ્બીલ કાઅબા (૬) તલ્બીયહ (૭) શુક્રવાર


શબ્બીરભાઈ તેજપુરાવાળા (જેઠીપુરા)
મો. ૯૯૭૯૭૮૬૫૭૦

**ડીસન્ટ**
**મસાલા સેન્ટર**

મરચું, હળદર, ધાણા જીરૂ, ધાણા પાવડર, ગરમ મસાલો તથા ચાનો મસાલો, વગેરે ખાંડેલા મળશે તથા ખાંડી આપવામાં આવશે.

**ડીસન્ટ ચા પણ મળશે.**

નોંધ : સીઝનમાં ઓર્ડર માટે આ નંબર ૯૯૭૯૭૮૬૫૭૦ પર ફોન કરવો.

**સ્થળ**
જેઠીપુરા, પો. જાદર, તા. ઈડર,
જિ. સાબરકાંઠા.

**આંખોની સંપૂર્ણ તથા આધુનિક સારવાર માટે**
**આંખના નિષ્ણાંત સર્જન અને પડદાના સ્પેશિયાલીસ્ટ**

**ડૉ. બાકરઅલી વલ્લી કડીવાલા (ખડીયાસણા)**
**MBBS, DNB (Opth), FICO (U.K.) FMRD, FGO**



- ✶ કમ્પ્યુટરાઇસ્ડ ચશ્માનાં નંબર મેળવવા માટે
- ✶ લેસરથી ચશ્માનાં નંબર કાઢવાની સારવાર (LASIK)
- ✶ વગર ટાંકાનું મોતીયાનું ઓપરેશન
- ✶ લેસરથી મોતીયાનું ઓપરેશન (PHACO)
- ✶ ઝામરની તપાસ અને ઇલાજ
- ✶ બાંડી આંખોની તપાસણી તથા ઇલાજ
- ✶ ડાયબેટીક રેટીનોપેથી (પડદામાં) ની તપાસ અને સારવાર

**ડૉ. શાહ હોસ્પીટલ**
સાની શોપીંગ સેંટર, રેલ્વે સ્ટેશનની સામે,
જોગેશ્વરી (વેસ્ટ), મુંબઇ-૧૨. ફોનઃ ૨૬૭૯૩૧૨૬
સોમવાર થી શનિવાર બપોરે ૧૨.૦૦ થી ૨.૦૦

**સહારા મેડીકલ સેંટર**
મોહંમદી મંજીલ, વાય.એમ.સી.એ. રોડ,
મુંબઇ-૪૦૦ ૦૦૮. ફોનઃ ૦૨૨ ૨૩૦૦૯૬૨૪
સોમવાર થી શનિવાર સાંજે ૫.૦૦ થી ૭.૦૦

# સફળ જીવન જીવો

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન
જાફરી બાવા સાહેબ(મદ્દે.)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

સફળ જીવન જીવો.

આ શબ્દો જોઈને કોઈને એમ પણ થશે કે આ તો કેવી મૂર્ખાઈ ભરેલી વાત છે ! લ્યો, કહી નાખ્યું, સફળ જીવન જીવો. આમ તો કંઈ સફળ જીવન થોડું જીવાય છે. બાવાને તો ખેર, નવરા બેઠા વિચારો આવ્યા કરે અને લખી નાખે. એમણે હમણાં દુનિયા જ ક્યાં જોઈ છે. અમારા વાળ કાંઈ તડકામાં ધોળા નથી થયા.

જુઓને, વિદ્યાર્થી જીવનમાં કેટલાક આગળ વધવાનો પ્રયત્ન કરે છે તો કેટલાક સફળ થઈને જેમકે ડૉકટર, વકીલ, એન્જિનિયર વગેરેના સારા હોદ્દા પર પહોંચે છે. અને કેટલાક તો મહેનત કરીને થાકી જાય છે છતાં નિષ્ફળ જાય છે તેવી જ રીતે કેટલાકનાં લગ્ન જીવન સફળ થાય છે અને કેટલાકનું નભતું પણ નથી. સફળ જીવન જીવવું એ કાંઈ આપણા હાથમાં થોડું છે ? એ તો જેવાં જેનાં નસીબ.

હું કહીશ કે મૂર્ખો હું નથી પણ તમે છો. નારાજ થવાની જરૂર નથી તમે આપ મેળે જ કબૂલ કરશો. તમારા વાળ ધોળા છે તો તેમાં કાંઈ ગર્વ કરવા જેવું નથી. કદાચ બુધ્ધિનું બાષ્પિભવન થઈ જવાથી પણ ધોળા થઈ ગયા હશે. તમે કહો છો કે મેં હજુ દુનિયા જોઈ નથી. તો હું પૂછીશ, ત્યારે તમે કઈ ઉંમરમાં દુનિયાને જોઈ ? તો તેનો જવાબ પણ તમને આપતાં આવડશે નહીં.

જો આપણે એમ જ સમજી લઈએ કે મહેનત કર્યે જવી અને એ તો અલ્લાહ સફળતા આપશે. તો સવાલ એ ઉપસ્થિત થશે કે કેટલા સમય સુધી મહેનત કરવી ? દરેકની ઉંમર સરખી હોતી નથી. લાંબી ઉંમરવાળાને મહેનત કરવાનો વધારે અવકાશ મળે અને ટૂંકી ઉંમરવાળાને મહેનતનો ઓછો સમય મળે. તેથી જો લાંબી ઉંમરવાળો વધારે સમય સુધી મહેનત કરીને પોતાના ધ્યેયમાં સફળતા મેળવે અને ટૂંકી ઉંમરવાળો સમયના અભાવે જો પોતાના ધ્યેયને પહોંચવામાં નિષ્ફળ નીવડે તો તેમાં અલ્લાહનો જ વાંક ગણાય, અલ્લાહ અન્યાયી ગણાય. જ્યારે અલ્લાહ પોતે **આદિલ** એટલે કે ન્યાયપ્રિય છે. હવે હું તમને પૂછીશ કે અલ્લાહ આદિલ છે કે અન્યાયી ? હવે તમે જ નિર્ણય કરજો કે કોણ બેવકૂફ છે ? તમે કે હું ?

શું તમે દરરોજ નમાઝ પઢો છો ? અને જો નમાઝ પઢતા હશો તો સૂરએ અલહમ્દ પઢતા જ હશો. હવે હું પૂછીશ કે શું તમે આટલાં વર્ષો સુધી સમજ્યા વગર જ નમાઝ પઢી ?

ચાલો હવે શરમાવાની જરૂર નથી. બસ આટલું સમજી લેજો.

અલ્હમ્દોના સૂરામાં અલ્લાહ ફરમાવે છે :

**ઈય્યાકા ન અબોદો વ ઈય્યાકા નસ્તઈન**

એટલે કે અમે તારી જ બંદગી કરીએ છીએ અને તારાથી જ મદદ માગીએ છીએ.

**એહદે નસ્સિરાતલ મુસ્તકીમ**

અમને સીધા માર્ગે લઈ જા.

**સિરાતલ્લઝીના અન અમતા અલયહીમ**

એ રસ્તા પર કે જેના ઉપર ચાલનારાઓ પર તારી મહેરબાની ઉતરી છે.

સીરાત એટલે કે માર્ગ. માર્ગો બે છે; આખેરતનો અને દુનિયાનો. આખેરતનો માર્ગ એટલે ધર્મ. હવે આપણે આખેરતના ગમે તે માર્ગ પર નહીં ચાલીએ પરંતુ એ જ માર્ગને પસંદ કરીશું

કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો

# કુરઆની દુઆઓ

૧૩

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبَّنَآ اَخْرِجْنَا مِنْ هٰذِهِ الْقَرْيَةِ الظَّالِمِ اَهْلُهَا وَاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ وَلِيًّا وَّاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ نَصِيْرًا

**રબ્બના અખ્રિજના મિન્ હાઝેહિલ કર્યતિઝઝાલેમે અહ્લોહા વજઅલ્લના મિલ્લદુન્ક વલીય્યંવ વજઅલ્લના મિલ્લદુન્ક નસીરા.**

(પારો-૪, સૂરએ નિસા, આયત-૭૫)

અર્થ : અય અમારા પરવરદિગાર ! અમને આ વસ્તી (મક્કા)માંથી કે જેના રહેવાસીઓ જાલિમ છે, કાઢીને લઈ જા અને તારા તરફથી અમારો કોઈ હિમાયતી ઊભો કર અને તારા તરફથી અમારો કોઈ મદદગાર પણ પેદા કર. *

કે જે સીધો માર્ગ હોય અને જેના પર ચાલનારાઓ પર અલ્લાહની મહેરબાની ઉતરી હોય જેથી આપણને સફળતા એટલે કે અલ્લાહની મહેરબાની મળે, તેથી જે માર્ગ પર નબીઓ અને રસૂલો ચાલ્યા અને તેમના પછી ઈમામો ચાલ્યા એ જ માર્ગને આપણે પસંદ કરીશું કારણ કે તે લોકો પર જ અલ્લાહની મહેરબાની છે અને નમરૂદ, ફિરઓન અને શદ્દાદ તેમજ એહલેબયતના વિરોધીઓનો માર્ગ મૂકી દઈશું કે જેમના પર અલ્લાહ ગઝબનાક થયો છે. તો જ્યારે આપણે આખેરતના માર્ગમાં વગર વિચાર્યે ચાલતા નથી કે આપણું કામ તો ચાલવાનું. નજાત મળે કે અઝાબ એ નસીબની વાત છે. તો એવી જ રીતે દુનિયાના જીવનને પસાર કરવા માટે અલ્લાહે દરેકના માટે તેની મુદ્દત પ્રમાણે જીવન પસાર કરવાનું નક્કી કરી નાખ્યું છે.

(૧) **અને પૃથ્વી પર ચાલનારાં કેટલાંય એવાં છે કે જેઓ પોતાની રોઝી ઊંચકીને ફરતાં નથી પણ અલ્લાહ જ તેમને રોઝી પહોંચાડે છે અને તમને પણ; અને એ જ મોટો સાંભળનારો (અને) જાણનારો છે.** (પારા-૨૧, સૂરા-૩૯, આયત-૬૦)

(૨) **અને ગરીબાઈના (ભય)થી તમારી ઓલાદને મારી ન નાખો, અમે જ તમને રોઝી આપીએ છીએ અને તેમને પણ.**

(પારા-૮, સૂરા-૬, આયત-૧૫૧)

(૩) **અને તે એ જ છે કે જેણે મનુષ્યને પાણીમાંથી પેદા કર્યો, પછી તેને વંશ અને સગપણ ધરાવનાર બનાવી દીધો અને તારો પરવરદિગાર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.**

ઉપરની આયતો જોઈ તે પ્રમાણે તો અલ્લાહે દરેક માટે રોઝી અને સગપણ, વગેરે નક્કી કરીને જ પેદા કર્યા છે.

અલ્લાહ દરેકને જુદી જુદી રીતે રોઝી પહોંચાડે છે. કોઈને ખેડૂત બનાવીને તો કોઈને ડૉક્ટર, કારીગર વગેરે બનાવીને રોઝી પહોંચાડે છે કારણ કે જો તે દરેકને ખેડૂત, વેપારી કે ડૉક્ટર બનાવે તો દુનિયાનો વ્યવહાર ન ચાલે. તેથી તેણે દુનિયાનો વ્યવહાર સારી રીતે ચાલી શકે તે માટે દરેકને જુદી જુદી યોગ્યતા આપી છે. પરંતુ માણસને ખબર પડતી નથી કે પોતાની રોઝીનું સાધન અલ્લાહે શું નક્કી કર્યું છે અને તે કોઈ વખત અલ્લાહે તેના માટે જે નક્કી કર્યું છે તેના વિરૂધ્ધ ડૉક્ટર, વકીલ કે વેપારી બને છે તો તેને નિષ્ફળતા મળે છે પરંતુ જો અલ્લાહે તેના માટે ડૉક્ટર વેપારી કે જે કાંઈ થવાનું નક્કી કર્યું હશે તે પ્રમાણે જો તે હોદ્દો મેળવે તો તેમાં


## જોઈએ છે.

હોમ સ્કૂલીંગ માટે B.A.,B.Ed / B.Sc.,B.Ed.(English) લાયકાત ધરાવનાર ટ્યુટર જોઈએ છે.

**પીંપોદર, તા. હિંમતનગર, જિ.સા.કાં.**

**મો.૯૩૭૬૯૪૯૧૫૮, ૯૬૬૨૭૪૯૪૨૯**

સફળતા મેળવશે. તેથી દરેક માણસ આખેરતના માર્ગ માટે તેની જ મદદની દુઆ માગે છે તેવી જ રીતે દુન્યવી જીવનના માર્ગો માટે પણ અલ્લાહ પાસેથી જ મદદ લઈને પોતાને તે માર્ગ પર ચલાવવાની દુઆ કરવી જોઈએ અને એ રીતે જો તે આગળ વધશે તો જે અલ્લાહે તેના માટે નક્કી કર્યું હશે તેની જ પ્રેરણા અલ્લાહ આપશે અને તે તેમાં સફળતા મેળવશે.

એવી જ રીતે દુન્યવી જીવન પસાર કરવા માટે લગ્નની પણ જરૂર પડે છે. તેના માટે પણ અલ્લાહથી જ મદદ માગીને પોતાને જે યોગ્ય હોય તેવા જ પાત્ર સાથે પોતાનાં લગ્ન થાય તેવી દુઆ કરવી જોઈએ જેથી અલ્લાહ પોતે જ તેવા સંજોગો ઉપસ્થિત કરીને તેને યોગ્ય હોય તેવા પાત્ર સાથે લગ્ન કરાવી આપશે. એવી જ રીતે જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા મળશે અને જીવન સફળતાથી પસાર થશે. ✻


**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭


*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ઈસ્લામી કવીઝ નં. ૨૦૪

**(૧) હઝરત ગરીબનવાઝ(રહે.)ના નામની આગળ 'ખ્વાજા' શબ્દ વપરાય છે. 'ખ્વાજા'નો ભાવાર્થ શું થાય ?**
(A) એવા મહાત્મા કે જેમને લોકો ચાહતા હોય.
(B) એવા મહાત્મા કે જેમની કબ્રથી મુરાદો પૂરી થતી હોય.
(C) એવા મહાત્મા કે જે ગરીબોને મદદ કરતા હોય.

**(૨) જનાબતનું ગુસલ ચઢેલું હોય તો નીચેનામાંથી કઈ બાબત હરામ નથી ?**
(A) વાજિબ અથવા સુન્નત નમાઝ પઢવી.
(B) ખાનએ કા'બાનો તવાફ કરવો.
(C) ગુસલ કર્યા વગર સૂઈ જવું.

**(૩) મસ્જિદે કુફામાં મૌલા અલી(અ.) જે જગ્યાએ બેસીને ચુકાદો આપતા હતા તે જગ્યા કયા નામથી ઓળખાય છે ?**
(A) અલવી અદાલત (B) દક્કતુલ કઝા
(C) બયતુત તશ્ત

**(૪) મૌલા અલી(અ.)ના એક ખાસ સહાબી મયસમે તમ્મારને કઈ જગ્યાએ દફન કરેલ છે.**
(A) કુફામાં (B) નજફમાં (C) કરબલામાં

**(૫) ઈબ્ને મુલ્જિમે મૌલા અલી(અ.)ના સર મુબારક ઉપર તલવારનો ઘા કર્યો ત્યારે મૌલા અલી(અ.)ના મુખમાંથી કયા શબ્દો નીકળ્યા હતા ?**
(A) ઈન્નાલિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઊન
(B) ફુઝતો બેરબ્બીલ કાઅબા
(C) બિસ્મિલ્લાહે વબિલ્લાહે વ અલા મિલ્લતે રસૂલિલ્લાહ

**(૬) હજયાત્રીઓ 'લબ્બૈક અલ્લાહુમ્મા લબ્બૈક... લા શરીક લક' કહે છે તેને શું કહેવામાં આવે છે ?**
(A) તલ્બીયહ (B) તન્બીયા (C) તકબીર

**(૭) ૧૩મી રજબના દિવસે મૌલા અલી(અ.)નો જન્મ કા'બામાં થયો તે દિવસે કયો વાર હતો ?**
(A) સોમવાર (B) ગુરૂવાર (C) શુક્રવાર

# ગ ડ મ થ લ ૨૨૩

:::: સંપાદક::::
મો.અકબરઅલી એચ.
દેઘરોટીયા (કનાઈ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | | ૫ |
| | ■ | | ■ | ૬ | ૭ | | ■ | ■ | |
| ૮ | ૯ | | ■ | | | ■ | ૧૦ | ■ | |
| ૧૧ | | ■ | ૧૨ | ■ | ૧૩ | | | ૧૪ | |
| ■ | ૧૫ | ૧૬ | | | ■ | ■ | | | ■ |
| ૧૭ | ■ | ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ |
| | ■ | ૨૨ | | ૨૩ | ■ | | ■ | ૨૪ | |
| ૨૫ | | | ■ | | ■ | ૨૬ | ૨૭ | ■ | |
| ૨૮ | | | ૨૯ | ■ | ૩૦ | | | ■ | |
| ■ | ૩૧ | | | | | ■ | ૩૨ | | |

## ::::: આડી ચાવીઓ :::::

(૧) દુર્ભાગિયો, ખરાબ નસીબવાળો (૫)
(૪) નિરીક્ષક, દેખભાળ કરનાર (૪)
(૬) વારસદાર (૩)
(૮) હઝરત મોહંમદ(સ.)ની પ્રશંસાનું ગીત કે કાવ્ય(૩)
(૧૧) આનંદ, મોજ (૨)
(૧૩) સચ્ચાઈ (૫)
(૧૫) ગાયબ, અદશ્ય (૪)
(૧૮) આત્મા, જીવ (૨)
(૧૯) નમાઝ માટેનો અરબી શબ્દ (૩)
(૨૨) ઉપાધિ, ખિતાબ (૩)
(૨૪) દોસ્ત, મિત્ર (૨)
(૨૫) શિષ્ટાચાર (૩)
(૨૬) વાયુ, હવા (૨)
(૨૮) વાદવિવાદ, બોલાચાલી (૪)
(૩૦) દોઝખ, જહન્નમ (૩)
(૩૧) ઉન્નત મસ્તક, પ્રતિષ્ઠિત, આબરૂદાર (૫)
(૩૨) વેચનાર, વેપારી (૩)

## ::::: ઊભી ચાવીઓ :::::

(૧) કુખ્યાત, રૂસ્વા (૪)
(૨) કુરઆનનું શુધ્ધ ઉચ્ચારણ સાથે પઠન (૩)
(૩) પ્રદક્ષિણા, ફરતાં ફરવું તે (૩)
(૪) દેખરેખ, રક્ષણ, નિરીક્ષણ (૨)
(૫) શિખામણ, ઉપદેશ (૪)
(૭) વ્યાજ, સૂદ, વેપારી લાભ (૩)
(૯) નમાઝ માટેનું નિમંત્રણ (૩)
(૧૦) ઉપનામ, માતા-પિતા સંબંધી નામ (૪)
(૧૨) સાચો (૪)
(૧૪) હાથ (૨)
(૧૬) શાંતિધામ, જન્નતનું એક નામ (૬)
(૧૭) શિફારિશ, નજાત માટેની ભલામણ (૪)
(૨૦) ભાગીદાર ન હોય તેવો (૪)
(૨૧) જાનની બાજી લગાવનાર, જાંનિસાર (૫)
(૨૩) આફત, મુશ્કેલી (૨)
(૨૭) અક્ષર (૩)
(૨૯) પેદા કરનાર, અલ્લાહનું એક નામ (૨)
(૩૦) એકસો, શત (૨)

## ગડમથલ નં.૨૨૨નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ રૂ | બા | ૨ બ | ■ | ૩ સ | ૪ ક | રા | ત | ■ | ૫ ક |
| મા | ■ | ૬ ર | હે | મ | ૭ ત | ■ | ■ | ૮ દા | દ |
| ૯ લ | બા | બા | ■ | ■ | ૧૦ મી | રાં | ૧૧ દા | તા | ર |
| ■ | ■ | ૧૨ દ | ૧૩ ર | ૧૪ બા | ર | ■ | નિ | ■ | ■ |
| ૧૫ જ | દ | ■ | ૧૬ વા | દ | ■ | ૧૭ શ | શ | ૧૮ મા | હ |
| મ | ■ | ૧૯ ક | ■ | ૨૦ શા | ૨૧ મ | ■ | ૨૨ મં | શા | ■ |
| ૨૩ ક | મુ | સ | ■ | ૨૪ હ | ક | ■ | દ | ■ | ૨૫ હ |
| રા | ■ | ૨૬ મ | ૨૭ સ | ■ | ૨૮ ત | ફ | ■ | ૨૯ ક | મ |
| ૩૦ ન | ૩૧ ઈ | ■ | ૩૨ હ | મ | લ | ■ | ૩૩ જા | ■ | શી |
| ■ | ૩૪ સા | મ | રા | હ | ■ | ૩૫ શ | મ | શી | ર |

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

**મજલિસ નં. ૧૫**

અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)

કાલે આપણે હઝરત ઈમામ હુસૈન(અ.)ના ખુત્બાને એટલે સુધી વાંચી ગયા કે જ્યાં સુધી ઘણા બધા રાવીઓએ આ ખુત્બાનો અંત માન્યો છે. પરંતુ સૈયદ ઈબ્ને તાઉસ નામના રાવીએ આટલો વધારો કર્યો છે જે આપણે બાકીના દિવસોમાં હવે વાંચી જઈશું.

**ખુદાયા ! મૈં માલદાર હોને કે બાદ ભી ફકીર હૂં તો ફિક્ર કી હાલત મેં કયું કર ફકીર ન હોઉંગા ?** ઈમામ હુસૈન(અ.) ફરમાવે છે કે યા અલ્લાહ ! હું માલદાર થઈને પણ ફકીર છું તો જ્યારે ફકીર ખરેખર થઈ જઈશ તો ફકીર કેમ નહીં રહું ? **ખુદાયા ! મૈં આલિમ હોતે હુએ ભી જાહિલ હું તો અપની જેહાલતમેં કયું કર જાહિલ ન હોઉંગા ?** યા અલ્લાહ ! હું તો આલિમ હોવા છતાં જાહિલ છું તો ખરેખર જયારે હું જાહિલ થઈ જઈશ તો કેટલો બધો જાહિલ થઈ જઈશ ? **મેરે માલિક ! બેશક તેરી તદબીરકી તબ્દીલી ઔર તેરે મુકદ્દરાતમેં તેઝીસે આનેવાલે તગય્યુરાતને તેરે આરિફ બંદોં કો તેરી બક્ષિસસે પૂરસુકૂન હો જાને ઔર મુસીબતમેં નાઉમ્મીદ હો જાને સે રોક રખ્ખા હૈ.** યા અલ્લાહ ! ખરેખર તારી તદબીરમાં જે ફેરફાર આવે છે તેમાં અને તારી તકબીરોમાં જે તેજી આવે છે અને તેના કારણે થતા બદલાવ, પરિસ્થિતિમાં થતા બદલાવને લીધે જે મા'રેફત ધરાવનાર લોકો, તારા બંદાઓ છે તે તારી બક્ષિસો ઉપર સંતોષ નથી કરતા, તે તો આરઝૂ રાખે જ છે કે વધુને વધુ યા અલ્લાહ ! તારા તરફથી આપતો જ રહે કારણ કે અલ્લાહથી માગવું તે લાલચ નથી. અલ્લાહથી આપણે માગીએ છીએ તો કોઈ બીજા માણસનો હક છીનવાતો નથી. અલ્લાહ પાસે શાની ખોટ ? આપણે કોઈ એવી વ્યક્તિથી અપેક્ષા રાખીએ કે જેની પાસેથી આપણે વધુ લઈ લઈએ તો બીજા માણસ માટે ખૂટી જાય તો તે લાલચ ગણાય અને એ આપણી ત્રુટિ ગણાય, આપણી બૂરાઈ ગણાય પરંતુ અલ્લાહ કે જેની પાસે અસીમ નેઅમતો છે તેની પાસેથી આપણે વધુને વધુ માગતા રહીએ તો આપણું વધુને વધુ થઈ જઈને કેટલું વધી જવાનું ? તો આરિફ લોકો, મા'રેફત ધરાવનારા લોકો અહીં કદીય પણ સંતોષ કરતા નથી કે યા અલ્લાહ ! તેં આટલી નેઅમતો આપી, હજુ વધારે આપ. અને એ જ રીતે જ્યારે તેમના ઉપર મુસીબત આવે છે ત્યારે એવા લોકો નિરાશ પણ નથી થઈ જતા કારણ કે અલ્લાહનો ભાસ તેમને હંમેશાં રહે છે કે અલ્લાહની મદદ કયારેક ને કયારેક મળી જવાની. તો જેવી રીતે મુસીબત નથી હોતી, નેઅમતો હોય છે ત્યારે પણ સંતોષ નથી કરતા એવી જ રીતે મુસીબતમાં પણ હાથ પર હાથ ધરીને બેસી જતા નથી. અલ્લાહની સાથે આશા જોડેલીને જોડેલી રાખે છે.

**મેરે માઅબૂદ ! મુઝસે ઐસા અમલ સરઝદ હોતા હૈ જો મેરી સરઝનશ કે લાયક હૈ.** યા અલ્લાહ ! મારાથી એવું કાર્ય જઈ જાય છે કે જેના કારણે મને ઠપકો મળવો જોઈએ. **જબ કે તેરી જાનિબસે ઐસા અમ્ર હૈ જો તેરે કરમકા સઝાવાર હૈ.** અને આનાથી વિપરીત તું તો એવા અમ્ર કરે છે કે જેના

કારણે બંદાઓને તારો કરમ મળે છે. **મેરે માઅબૂદ! જબ મૈં ઝઈફ નહીં થા ઉસ વક્ત તૂને અપને કો લુત્ફો મહેરબાનીસે મૌસૂફ કીયા.** જયારે હું નવયુવાન હતો, જ્યારે મારામાં અશક્તિ નહોતી ત્યારે મેં તારી વહાલ અને મહેરબાનીની સિફતો જોઈ. **તો ક્યા અબ મેરે નાતવાં હો જાને કે બાદ ઈન દોનોંસે મુઝકો મહેરૂમ કર દેગા?** તો તું આવી ઘડપણની પરિસ્થિતિમાં તું મને આનાથી વંચિત રાખીશ ?

**અય મેરે ખુદા ! અગર મુઝસે નેકીયાં ઝાહિર હુઈ હૈ તો યે તેરે ફઝલ કી વજહ સે હૈ.** હું જે નેકી કરું છું તે તારો જ ફઝલ છે. **ઔર તેરા મુઝ પર એહસાન હૈ.** આ તારો અહેસાન પણ છે. **ઔર અગર મુઝસે બૂરાઈયાં ઝાહિર હુઈ હૈ તો યે તેરે અદલ કી વજહ સે હૈ ઔર તેરી હુજ્જત મુઝ પર કાયમ હૈ.** અને જો મારાથી કોઈ બૂરાઈ થઈ જાય છે તો તેના કારણે તું જેટલી સજા કરે છે મને અથવા તો જે દરગુજર કરે છે, માફ કરે છે એ બધો તારો ઈન્સાફ છે. યા અલ્લાહ ! તું કદીય પણ જુલ્મ કરતો નથી અને આ બધી વાતોથી તારી હુજ્જત કે તું કાં ફઝલવાળો છે કાં અદલવાળો છે એ મારા ઉપર સાબિત થાય છે.

**ખુદાયા ! તૂ મુઝે કૈસે છોડ દેગા જબ કે તૂ મેરા કફીલ હૈ ?** કફીલ એટલે વાલી. યા અલ્લાહ! તું મને કઈ રીતે છોડી દઈશ જ્યારે કે તું જ મારો વાલી છે. **ઔર કોઈ કૈસે મુઝ પર ઝુલ્મ કર સકતા હૈ જબ કે તૂ મેરા હામી હૈ ?** કોઈ મારા ઉપર જુલ્મ કરી જ કેવી રીતે શકે જ્યારે કે તું મારો મદદગાર છે. **યા મૈં કૈસે નુકસાન ઉઠા સકતા હું જબ કે તૂ મુઝ પર મહેરબાન હૈ ?** મને નુકસાન થઈ જ કઈ રીતે શકે છે જ્યારે કે તું મારા ઉપર મહેરબાન છે. **હાં, અબ મૈં તુઝસે મુતસ્સિલ હોતા હૂં ક્યું કે મૈં તેરી બારગાહકા ફકીર હૂં.** યા અલ્લાહ ! હું તારી સાથે જોડાઈ જાઉં છું, તારી સાથે મિલાપ કરી દઉં છું કારણ કે હું તારા દરબારનો ફકીર છું. **ઔર ઐસી ઐસી ચીઝ સે તવસ્સુલ કર સકતા હૂં જીસકા તુઝ તક પહુંચના મુહાલ હૈ.** હું કઈ રીતે, (ઉર્દૂમાં **કૈસે** નથી છપાયું) **ઔર ઐસી ચીઝસે કૈસે તમસ્સુક કર સકતા હૂં જીસકા તુઝ તક પહુંચના મુહાલ હૈ?** હું એવી વસ્તુ વડે તારાથી તમસ્સુક મિલાપ કઈ રીતે કરી શકું કે જે વસ્તુ પોતે જ તારા સુધી પહોંચી શકતી નથી. **ઔર કૈસે મૈં અપની બાત કી તરજુમાની કર સકતા હૂં જબ કે વો તેરે સામને ઝાહિર હૈ ?** હું મારી વાતને શબ્દો કઈ રીતે આપી શકું ? મારી વાત તો શબ્દોમાં અનુવાદિત થાય એ પહેલાં તો તારી સામે ખુલ્લી છે. **યા કયું કર તૂ મેરી ઉમ્મીદોં કો નાઉમ્મીદોંમેં બદલ સકતા હૈ જબ કે વો તેરી કરીમ બારગાહમેં પહુંચી હુઈ હૈ ?** મારી આશાઓને તું નિરાશામાં કઈ રીતે ફેરવી શકે છે કે મેં આશાઓ વ્યક્ત કરી નથી તે પહેલાં તો મારી આશાઓ તારી બારગાહમાં પહોંચી ગઈ છે. **યા કૈસે ત મેરે હાલાતકો બેહતર ન બનાયેગા જબ કે મેરે હાલાતકી તબ્દીલી તુઝ પર મુન્હસિર હૈ ?** મારી પરિસ્થિતિને તું સુધારશે નહીં કેવી રીતે જ્યારે કે મારી પરિસ્થિતિમાં થનાર સુધારા તારા ઉપર જ દારોમદાર રાખે છે ?

**મેરે માઅબૂદ ! મેરી અઝીમ જેહાલત કે બાવઝૂદ તૂને કિત્ના મુઝ પર લુત્ફ કીયા હૈ ?** મારી અજ્ઞાનતા મહાન છે, ઘણી અજ્ઞાનતા છે તેમ છતાંય તેં કેટલું બધું મને વહાલ કર્યું ? **ઔર મેરે કાલે કરતૂતોં કે બાવઝૂદ તૂને કિત્ના મુઝ પર રહેમ કીયા હૈ ?** અને મારી બૂરાઈઓ, મારાં કુકર્મો ઘણાં છે તેમ છતાંય તેં કેટલો બધો મારા ઉપર રહેમ કર્યો.

**ખુદાયા ! તૂ મુઝસે કિત્ના કરીબ હૈ ?** યા અલ્લાહ ! તું મારાથી કેટલો નિકટ છે ? **ઔર મૈં તુઝસે કિત્ના દૂર હૂં ?** અને હું તારાથી કેટલો દૂર

છું. **ઔર કિત્ની તૂને મુઝ પર મહેરબાની કી હે ?** તેં મારા ઉપર કેટલી બધી મહેરબાની કરી છે. **પસ વો કૌન સી ચીઝ હૈ જો મુઝકો તુઝસે દૂર રખ્ખેગી?** જો તું આટલો મહેરબાન છે તો પછી એવી કઈ વસ્તુ છે કે જે મને તારાથી દૂર રાખી શકે છે ?

**મેરે માલિક ! આસારકી તબ્દીલી ઔર હાલાત કે ઈખ્તેલાફસે મૈં ઈસ નતીજે પર પહુંચા હૂં કે ત ચાહતા હૈ કે હર ચીઝમેં અપના જલ્વા મુઝે દીખાએ.** યા અલ્લાહ ! જે પણ નિશાનીઓ છે તારી, તેના ફેરફાર અને પરિસ્થિતિમાં ફેરફારથી મેં એ તારણ કાઢ્યું છે કે તું ઈચ્છે છે કે હું દરેક વસ્તુમાં તારો જલ્વો, તારી નિશાનીઓ જોઉં. **તાકિ હર ચીઝમેં મુઝે તૂ હી નઝર આયે.** જેથી કરીને દરેક વસ્તુમાં તું જ મને દેખાતો થઈ જાય. **મેરે માઅબૂદ !** અય મારા માઅબૂદ ! મારા પૂજનીય. **જબ ભી મેરી બૂરાઈઓંને મેરી ઝુબાન બંદ કી તો તેરે કરમને મુઝકો બોલના સિખા દીયા.** મારા ગુનાહોએ જ્યારે પણ મારી વાણી બંધ કરી દીધી ત્યારે તારા કરમે મને બોલતાં ફરીથી શીખવી દીધું. **ઔર જબ ભી મેરી બૂરી આદતોંને મુઝકો માયૂસ કીયા તો તેરે એહસાનાતને મુઝકો ઉમ્મીદવાર બના દીયા.** અને મારી કુટેવોના કારણે હું જ્યારે જ્યારે પણ નિરાશ થઈ ગયો ત્યારે ત્યારે તારા અહેસાનોએ મને નિરાશામાંથી મુક્ત કરીને ફરીથી આશા ધરાવતો કરી દીધો. હવે ઈન્શાઅલ્લાહ કાલે.

**અલ્લાહથી દુઆ માગીએ કે અલ્લાહ આપણી આશા, આપણી અલ્લાહથી લાગેલી જે આશા છે, મુસીબતોમાંથી છુટકારો પામવાની આશા, બીમારીઓમાંથી શિફા પામવાની આશા, નાકામીમાંથી કામયાબી તરફ જવાની આશા અને એ આશા કે જેને અરબીમાં રઝા કહેવામાં આવે છે એ રઝા કદીયે કાપી ન નાખે અને આપણા ઈમાનનો એક મહત્વનો ભાગ તેને બનાવે.**

(ઈલોલ તલાવ, તા.૩૧-૧૦-૨૦૦૯, શનિવાર)

## General Knowledge Corner

**114**

**(૧) માંડવીના દરિયા કિનારે કયો મહેલ છે ?**
**(A)** આઈના મહેલ **(B)** વિજય વિલાસ મહેલ
**(C)** પ્રાગ મહેલ **(D)** લક્ષ્મી વિલાસ પેલેસ

**(૨) વિશ્વ રક્તદાન દિવસ ક્યારે મનાવવામાં આવે છે ?**
**(A)** ૧૪મી માર્ચ **(B)** ૧૪મી એપ્રિલ
**(C)** ૧૪મી મે **(D)** ૧૪મી જૂન

**(૩) રોમન લિપિમાં ૧૯નો આંકડો કઈ રીતે લખાય?**
**(A)** IXIX **(B)** XIX
**(C)** XIIV **(D)** XXI

**(૪) રેડક્રોસનું મુખ્ય મથક ક્યાં આવેલું છે ?**
**(A)** જીનીવા **(B)** ન્યૂયોર્ક
**(C)** હેગ **(D)** પેરિસ

**(૫) સૂર્ય પ્રકાશને પૃથ્વી પર પહોંચતાં આશરે કેટલો સમય લાગે છે ?**
**(A)** ૧૧ મિનિટ **(B)** ૯ મિનિટ
**(C)** ૮ મિનિટ **(D)** ૭ મિનિટ

**(૬) નીચેના પૈકી કઈ નદી વિશ્વની સૌથી લાંબી નદી ગણાય છે ?**
**(A)** બ્રહ્મપુત્ર **(B)** નાઈલ
**(C)** એમેઝોન **(D)** મીસીસીપી

**(૭) જામનગર પાસેના 'પિરોટીન ટાપુઓ' શાના બનેલા છે ?**
**(A)** પરવાળા સમુદ્ર **(B)** મિશ્ર જળકૃત ખડકો
**(C)** અગ્નિકૃત ખડકો **(D)** લાવાના

**(૮) એંજિયોગ્રાફી એ કયા રોગની તપાસ છે ?**
**(A)** ટાઈફોઈડ **(B)** મેલેરિયા
**(C)** હૃદયરોગ **(D)** ન્યુમોનિયા

# તૌહીદ

લેખન

**મોલ્વી અકબરઅલી મીચાંજી સુણસરા (ભાંગરોડીયા)**

(ગતાંકનું ચાલુ)

અલ્લાહની વહેદાનિયત અને અલ્લાહના સદ્‌ગુણોનું સાચું ચિત્ર મનુષ્યની સમક્ષ જો કોઈએ રજૂ કર્યું હોય તો તે છે ઈસ્લામ. આ વિશેષતા ઈસ્લામના ફાળે જાય છે. આજે જ્યાં જુઓ ત્યાં એકેશ્વરવાદની ફિલસૂફી અને વહેદાનિયતના વિચારની દાંડી પીટવામાં આવે છે પણ એક સમય એવો હતો કે જ્યારે ચારે બાજુ શિર્ક અને બુતપરસ્તી સિવાય બીજું કશું જ ન હતું. ઈન્સાને પોતાની મરજી મુજબ સેંકડો ખુદાઓનું પોતે સર્જન કરી નાખ્યું હતું. અલ્લાહના રસૂલે એ અરબ દેશમાંથી ખોટા વિચારોનું પ્રથમ વાર ખંડન કરી દુનિયાને અલ્લાહના સાચા અને ખરા માર્ગ ઉપર લાવવા માટે અનુરોધ કર્યો અને આખાયે જગતમાં વહેદતનો ડંકો વગાડી ઈસ્લામે ઝાતે ઈલાહી વિશે એવો સ્પષ્ટ વિચાર લોકોની સમક્ષ રજૂ કર્યો કે અલ્લાહના તમામ ગુણો બધી જ સત્તાઓ અને તેના અમર્યાદિત શાસનનો ખ્યાલ આખીય માનવજાતને પહેલી જ વાર આવી શક્યો.

ઈસ્લામની પ્રથમ શરત એ જ છે કે જ્યારે અલ્લાહની જાતને માનવામાં આવે તો કોઈ તેનો શરીક નથી અને તે કોઈનો શરીક નથી. તેની શક્તિઓ અને સત્તાઓ એકલી તેની જ છે અને બીજા કોઈની નથી આ વાતનો પણ ઈકરાર કરી લેવો જોઈએ. આજ એક એવી પવિત્ર તૌહીદ છે કે જેનો ઈસ્લામ ઝંડાધારી છે. બીજા ધર્મો પણ એકેશ્વરવાદમાં શ્રધ્ધા જરૂર ધરાવે છે તેમ છતાંય સાથે સાથે એવી માન્યતાઓ ધરાવે છે કે જેની હાજરીમાં એકેશ્વરવાદની માન્યતા ફક્ત જીભની વાત જ રહી જાય છે. દિલની અને અકીદાની વાત રહેતી નથી જેવી રીતે ખ્રિસ્તીઓ અલ્લાહને એક માને છે પણ સાથે સાથે ઈસા(અ.)ને રૂહુલ કુદ્‌સનો મરતબો આપી તેમને અલ્લાહના શરીક બનાવી ખુદ પોતાના જ એકેશ્વરવાદના વિચારનું ખંડન કરે છે, અલ્લાહમાં શિર્ક કરે છે. એટલા જ માટે હઝરત રસૂલે ખુદાએ કહ્યું, ઈસા(અ.) અલ્લાહના બેટા નથી.

એવી જ રીતે અલ્લાહને એક માનવાની માન્યતા ધરાવનારા યહૂદીઓ પણ જનાબે ઉઝેર નબીને અલ્લાહના શરીક ગણીને પોતાની મૂળ માન્યતા ઉપર ઘા કરે છે.

ઈસ્લામમાં જુઓ, ઈબાદત પણ માત્ર મહાન અલ્લાહ સિવાય કોઈની થતી નથી. નમાઝમાં જુઓ. તશહુદદમાં અલ્લાહના રસૂલ(સ.)નો ઝિક્ર પણ છે તો એવી રીતે છે કે **'અશહદો અન્ના મોહમ્મદન અબ્દહુ વ રસૂલોહુ.'** ધ્યાન એટલે સુધી રાખવામાં આવ્યું છે કે રિસાલતનો ઉલ્લેખ પછીથી છે પહેલાં **અબ્દહુ** માત્ર અલ્લાહના બંદા હોવાનો ઉલ્લેખ છે. પછી **વ રસૂલોહુ** જેથી શિર્કનો સહેજ સરખો પણ સંભવ રહે નહીં.

ઈમામ જાફર સાદિક(અ.)નો ઈરશાદ છે કે ખુદાએ પણ નબીને મોકલ્યા તેનાથી આ વાતનું જરૂર વચન લઈને મોકલ્યા. અલ્લાહ તેનો માઅબૂદ છે અને તેનો કોઈ ભાગીદાર નથી અને તે અલ્લાહ જે વસ્તુને ચાહે છે, આગળ કરી દે છે અને જેને ચાહે છે તેને પાછળ કરી દે છે.

શિર્ક અથવા કુફ્ર ધારણ કરવું કે જેની સજામાં ખુદાએ હંમેશના માટે જહન્નમ નક્કી કરી દીધી છે. માટે આપણી જાતને શિર્કથી બચાવતા રહેવું જોઈએ. **શિર્ક ફીલ વહેદાનિયત** એટલે ખુદાની સાથે કોઈને ભાગીદાર ગણવો એટલે ખુદાને માનીને કોઈ બીજાને પણ ખુદા માનવું અથવા તેના કામોમાં ખુદાની જેમ બીજાને પણ ભાગીદાર સમજવું. (ક્રમશઃ)

# Taazim-e-Rasool (SAW)

-----------------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

-----------------------------------------------------------------------------------------------------------------------------------

*I still remember as a school going kid, every morning, it was mandatory for all of us* ***to stand-up*** *and wish our teachers in class. In every school this is a tradition to show respect to the teachers* ***who impart us knowledge*** *and thus help us in making* ***our lives better.***

*Whenever national anthem is played, it is again compulsory for us to stand-up and* ***show respect for the country where we stay****, as it is* ***a constant source of our livelihood and much more****. I read a story of a* ***gentleman who forgot to stand up*** *when* ***national anthem*** *was played in the multiplex and thus the newspaper wrote a spicy story on his misbehavior. It means that being disrespectful to the nation, even if by mistake, is such* ***a big crime that it gets reported in a newspaper****.*

*Again when a sportsman* ***achieves*** *something exceptional the audience gives him* ***standing ovation*** *to* ***show respect for his work****. Our parents and elders have* ***nurtured our lives and contributed a lot in making our lives better*** *and hence it is mandatory for us to show respect towards them.*

➔ *The inference which we can derive is that people are respected across the world,* ***for their achievements, for their contribution, work and the knowledge.***

In the history of Islam, there is no individual as great in stature as our beloved prophet (pbuh). It was his divine presence which gave us the Islamic teachings and guided us to the true path to salvation. So let us try to find out what are the Quranic instructions vis-à-vis our code of conduct towards the holy prophet (pbuh).

Let us start with mentioning few ayahs which were revealed to establish the **credentials and stature of our holy prophet (pbuh).**

- *"Aur Ae Rasool (SAW) Hum ne tum ko* ***tamam alamon ke liye rehmat hi karke bheja hai".*** *– (Surah-e-Ambiya, ayah 107)*

  ***(“****And We have not sent you but as a* ***mercy to the worlds****.”)*

Allah (SWT) is the **Most Merciful**, while Rasool (SAW) is the **mercy to the worlds**. It means that without the consent of Rasool (SAW) Allah's mercy would not be bestowed on anyone. Thus it can be inferred from the ayah that it would **be because of intercession of Rasool (SAW) that his Ummah would be blessed by Allah's mercy and forgiven.** **<u>He is Rehmat-ulil-aalamin.</u>**

- *"Aur raat ke khaas hisse main namaz-e-tahajjud padha karo ye sunnat tumhari khaas fazilat hai. Qareeb hai ke Qayamat ke din* ***Khuda tumko maqam-e-Mehmood tak pahonchae"****. – (Surah-e-Bani Israel, ayah 79)*

  *"(And during a part of the night, pray Tahajjud beyond what is incumbent on you; may be that your* ***Lord will raise you to Maqam-e-Mahmuda*** *(a station of praise and glory i.e. the highest degree in Paradise!)".*

In the above ayah Allah (SWT) has promised Rasool (SAW) to raise him to the highest glory; a rare distinction and honour which was not given to anybody else before or after him. That is why **<u>he is "Habib-e-Khuda".</u>** So if we wish to be loved by Allah (SWT) we **need to love and obey the holy prophet (SAW).**

- *"Aur ye dua maanga karo ke Ae mere Parvardigaar mujhe jahan pahoncha achhi tarah pahoncha aur mujhe jahan se nikaal to achhi tarah se nikaal aur mujhe khaas apni bargaah se* ***ek hukumat ataa farma jisse har qism ki madad pahonche****." – (Surah-e-Bani Israel, ayah 80)*

  *"(And pray: "O my Lord, let my entry be with honour, and let my exit be with honour,* ***and grant me power from You*** *which would* ***help (sustain) me****.")"*

Allah (SWT) instructs the **holy prophet to ask for divine power** in his prayers. That is why **<u>he is referred as "Sarwar-e-Qaenat."</u>** If we wish to gain access to divine power, **we need to accept him as our lord and a leader.**

Apart from the honour and above-mentioned rare credentials of our beloved prophet (pbuh), let us see few more ayahs **which were revealed in praise of him**. **Let us listen to Allah (SWT) and see how He praises his prophet.**

- *'Aur tumhare waaste yaqinan* ***wo ajr hai jo kabhi khatam hi na hoga****. Aur beshak tumhare* ***akhlaaq bade a'ala darje*** *ke hai. – (Surah-e-Qalam, ayah 3-4)*

  *"(And most surely you shall have a* ***reward never to be cut off.*** *And indeed you* ***possess*** *an* ***exemplary character****.)"*

Allah (SWT) praises the **exemplary character** of Rasool (SAW) and promised to reward him continuously. It means that if **we follow the instructions given to us by the holy prophet (pbuh) we would also be rewarded continuously**.

- *"Aur Hum ne tum ko **saba' masaani (Surah-e-Hamd)** aur **Quran azeem** ataa kiya hai." - (Surah-e-Hijr, ayah 87)*

  *"(We have given thee **seven of the oft-repeated (verses)** and the **great Qur'an**)"*

- *"Iss main shak nahin ke Khuda **aur uske farishte paighambar (aur unki aal) per durood bhejte hai** to ae imaandaro tum bhi durood bhejte raho aur baraabar salaam karte raho". – (Surah-e-Ahzaab, ayah 56)*

  *"(Surely **Allah and His angels bless the Prophet;** O you who believe! call for (Divine) blessings on him and salute him with a (becoming) salutation.)"*

Surah-e-Hamd was revealed in praise of the holy prophet (pbuh) and Allah (SWT) also granted him with the holy Quran. Such is his greatness **that Allah (SWT) and all His angels bless Him and instructs the believers to do the same.**

➔There is a **specific code of conduct everybody needs to follow while dealing with people who are more than us in stature and status**. For example many a time on the road we have seen that if a car owned by a prominent government official is passing by, we are required to step aside and allow it to overtake us and proceed. This is a code of conduct we follow. So let us then try to find out the **code of conduct** which we **need to follow** while dealing with the **greatest human being ever, the holy prophet (pbuh**).

Let us take instructions from Quran and hence refer few ayahs.

- *"Ae Rasool (SAW) **jo log tumko hujron ke bahaar se awaaz dete hai** unmain ke **aksar be-aqal hain.** Aur ye log itnaa ta'amul karte ki tum khud nikal kar unke paas aajaate (tab baat karte) to ye unke liye behtar tha." – (Surah-e-Hujuraat, ayah 4-5)*

  *"(Surely most of those **who call out to you, (O Prophet)**, from behind the apartments, are **devoid of understanding.** If **they were patient until you went out to them, that would have been better for them.)"***

- *"Ae Imaandaro jis tarah tum main se ek doosre ko (naam lekar) bulaya karte hai **uss tarah aapas main Rasool (SAW) ka bulana na samjho** Khuda unn logon ko khoob jaanta hai jo tum main se aankh bacha kar (Paighambar ke paas se) khisak jaate hai **– to jo log uss ke hukm ki mukhalefat karte hai unko iss baat se darte rehna chahiye ki (mubada) un per koi musibat aa pade** ya un per koi dardnaak azaab naazil ho." – (Surah-e-Noor, ayah 63)*

  *"(**Do not hold the Apostle's calling (you) among you to be like your calling one to the other**; Allah indeed knows those who steal away from among you, concealing themselves; **therefore let those beware who go against his order lest a trial afflict them** or there befall them a painful chastisement.)"*

- *"Ae **Imaandaro Khuda aur uss ke Rasool (SAW) ke saamne kisi baat main aage na badh jaaya karo** aur Khuda se darte raho beshak Khuda bada sunne wala wakifkaar hai." – (Surah-e-Hujuraat, ayah 1)*

  *"(O People who Believe! **Do not advance ahead of Allah and His Noble Messenger,** and fear Allah; indeed Allah is All Hearing, All Knowing.)"*

➔The stature of Rasool (SAW) is very different from normal believer. As mentioned in the above ayahs **Allah detests those who advance ahead of him, who call his name and disobey him by leaving him concealing themselves**. So whoever thinks **he is like Rasool (SAW) in status is sadly mistaken and trial may afflict him for his misbehaviour.**

Uptill now we saw the clear instructions of **what we should not do** while dealing with our holy prophet (pbuh). Now let us see what instructions Quran gives on **what we should do while dealing with the holy prophet (pbuh).**

- *"Sacche Imaandar to sirf wo log hain jo Khuda aur uss ke Rasool (SAW) per imaan laaye aur jab kisi aise kaam ke liye jisme logon ke jama hone ki zaroorat hai – **Rasool (SAW) ke paas hote hain jab tak uss se ijazat na le li na gaye. (Ae Rasool (SAW)) jo log tum se (har baat main) ijazat le lete hai wahi log (dil se) Khuda aur uss ke Rasool (SAW) per imaan laye hain.** To jab ye log apne kisi kaam ke liye tum se ijazat maange to tum unn main se jis **ko (munasib khayal kar ke) chaho ijazat de diya karo** aur **Khuda se uss ki bakhshish ki dua bhi karo beshak Khuda bada bakhsh ne wala maherbaan hai.**" – (Surah-e-Noor, ayah 62)*

*"(**Only those are believers who believe in Allah and His Apostle,** and when they are with him on a momentous affair they go not away until **they have asked his permission;** surely; so **when they ask your permission for some affair of theirs, give permission to whom you please of them** and **ask forgiveness for them from Allah; surely Allah is Forgiving, Merciful.)"***

The above ayah clarifies that Allah likes those people **who take permissions from the prophet (pbuh).** It was easier for believers to take permission while he was amongst them, in today's context **we need to follow whatever <u>he has given us.</u> Because if we do this it would be as if we have taken his permission** and if we take his permission as per the above ayah **we all would be forgiven.**

Let us see few more ayahs in this context:

- *"**Jo log Hamare ummi paighambar ke qadam ba qadam chalte hai** jis ki bashaarat ko apne haan Taureit aur Injeel main likha hua paate **hain wo nabi jo achhe kaam ka hukm deta hai aur bure kaam se rokta hai aur jo paak wa paakizah cheezein to un per halaal aur napaak gundi cheezein un per haraam kar deta hai** aur wo sakhat ahkaam ka bojh jo unkee gardan per tha aur wo phande jo un per pade hue the un se hataa deta hai, pas **yaad rakho ke jo log uss nabi Mohammed (SAW) per imaan laaye aur us ski izzat ki aur uss ki madad ki aur uss noor ki pairvi ki jo uss ke saath naazil hua hai to yahi log apni dilli muradein paaenge.**" – (Surah-e-Airaf, ayah 157)*

  *"(Those who follow the Apostle-Prophet, the Ummi, whom they find written down with them in the Taurat and the Injeel (who) enjoins them good and forbids them evil, and makes lawful to them the good things and makes unlawful to them impure things, and removes from them their burden and the shackles which were upon them; **so (as for) those who believe in him and honor him and help him, and follow the light which has been sent down with him, these it is that are the successful.)"***

As per the above ayah successful believers are **those who not only believe in Allah, but also believe in the prophet (pbuh).** Quran is the instructions and way of life, but **only Quran is not sufficient**, we are also required to follow the instructions given by the holy prophet (pbuh). That is the **doctrine for success.**

➔ From the worldly perspective it is understood that a person **with higher authority has been given special privileges and power by the supreme authority** of that specific department, which **he needs to exercise above his subordinates so as to bring out the best result**. **Our holy prophet (pbuh) is the maximum authority over the ummah,** as we just established vide various

ayahs. Let us then try to find out **what are the powers and privileges given to our beloved prophet (pbuh) by the Supreme Authority, Allah (SWT).**

- *"Ae Rasool (SAW) tum un **ke maal ki zakaat lo aur uss ki badaulat un ko gunahon se paak saaf kardo** aur **unke waaste dua-e-khair karo kyunke tumhari dua un logon ke haq main itminaan ka baaes hai** aur Khuda to sab kuch sunta aur jaanta hai." – (Surah-e-Tauba, ayah 103)*

  *"(Take alms out of their property, **you would cleanse them and purify them** thereby, and **pray for them; surely your prayer is a relief to them**; and Allah is Hearing, Knowing)"*

- *"Aura e Rasool (SAW) tum kehdo Parvardigaar **Tu meri ummat ko bakhsh de aur taras kha** aur Tu to sab rahem karnewalon se behtar hai. – (Surah-e-Momineen, ayah 118)*

  *"(And say, (O Muhammad): **"My Lord, forgive us and have mercy on us,** for You are the Best of those that are merciful.")"*

As per the above ayah, it is **because of Rasool (SAW) that ummah would be cleaned and purified.** And it would **be because of his prayers that the ummah would be forgiven**. It means he has been given the **powers to purify us and forgive us.**

➔Allah (SWT) is the most forgiving but unless the holy prophet (pbuh) prays for us we would not be forgiven. And he would only pray for our forgiveness **if we follow him and love him and the people whom he loved the most.**

**Being respectful and obedient** to the holy prophet (pbuh) is **the recipe of success**; we have logically understood this in the light of various ayahs. It can be inferred then that **being disrespectful and disobedient to him is being unsuccessful in all the aspects**. But let us prove this inference again in the light of few more ayahs.

Let us first see the ayah related to disobedience of Iblis the Satan vis-à-vis Aadam (A.S).

- *"Aur uss waqt ko yaad karo jab Hum ne farishton se kaha ke **Aadam (A.S) ko sajda karo** to sab ke sab jhuk gaye magar **Shaitan ne inkaar kiya** aur ghuroor main aagaya aur **kafir ho gaya**." – (Surah-e-Baqra, ayah 34)*

  *"(Remember, when We asked the angels to **bow in homage to Adam,** they all bowed but **Iblis, who disdained** and turned insolent, and so **became a disbeliever**.)"*

Here, in the above ayah Allah (SWT) says that Iblis became Satan as he **did not bow down to Aadam (A.S).** Allah (SWT) has also referred to Iblis as Kafir, though he always believed in **oneness of Allah (SWT)** and **prayed to Him.**

When we try to contemplate on the above ayah we would understand that Allah (SWT) **does not like that somebody i**s being **disrespectful to his chosen representative (Khalifa)**. Satan thought that **he was much better than Aadam (A.S)** and hence he lost everything.

One more thing, related to this incident, worth pondering upon is that Aadam (A.S) had just come into existence; **there was no history of his credentials and prayers that would have convinced the angels about his supremacy.** Still they had to follow the orders and bow down to Aadam (A.S) and accept his supremacy. It also means that people **who are appointed by the Lord as His khalifa and representatives**, **they are so by birth** and they are not dependent on worldly knowledge and prayers. **<u>Iblis failed to understand this and hence became a *Kafir.*</u>**

Now let us relate this with our holy prophet (pbuh). Quran has established **his credentials of being mercy to the worlds, being raised to Maqaam-e-Mehmood** and all the other ayahs which testified about **his exemplary character and unique status**. After all this if somebody still feels that **<u>he is as good as the holy prophet (pbuh),</u> then in the light of above ayah and the incidence I think like Iblis he is risking his belief and faith**. And **God is his only saviour**.

Let us see one more specific ayah in this respect.

- *"Aur jab unn se kaha jaata hai ke aao Rasulallah (SAW) tumhare waaste maghferat ki dua karein to wo* ***log apne sar pher lete hain*** *aur tum un ko dekhoge ke takkabbur karte hue mooh pher lete hain****, tum un ke liye maghferat ki dua maango ya na maango un ke haq main baraabar hai." – (****Surah-e-Munafequn, ayah 5-6)*

  *"(And when it is said to them:* ***Come, the Apostle of Allah will ask forgiveness for you, they turn back their heads*** *and you may see them turning away while they are big with pride.* ***It is alike to them whether you beg forgiveness for them or do not beg forgiveness for them; Allah will never forgive them****; surely Allah does not guide the transgressing people.)"*

Thus **being disrespectful to the holy prophet (pbuh) is such a big crime** that even the prayers of Rasool (SAW), who has been given all the rights and power vis-à-vis his ummah **would not save the culprit let alone his own prayers.**

➔ So if **we come across such a person** who in the **garb of guiding us to the right path** is being **disrespectful to our beloved prophet (pbuh**), he is the one who is **the most misguided.** Whatever may be **his prayers and knowledge and however impressive he seems**, we need to

guard ourselves lest we may be misguided by him. We should remember that **Iblis before becoming Satan** was **tutor of all the angels** and **had unique position amongst them**.

In English language there is a very prominent idiom ***"Action speaks louder than words."*** It means that **whatever people do is more important than what they say**. People can promise many things but if they fail to deliver, they have actually not done anything worthwhile. While on the other hand without any tall claims if you continuously deliver, your work would speak about you.

During the formative years of our holy prophet (pbuh) and the initial years of Islam, it was the constant help and support of Abu Talib (A.S) that made things comfortable for him. Abu Talib (A.S) was not an ordinary person in the history of Islam. He rendered great sacrifices during his lifetime to protect the Holy Prophet (SAW) and his mission. Ibn Abil-Hadeed, a prominent Islamic scholar writes "If **Abu Talib and his son Ali** were not there, **the religion of Islam would not have been successful. Abu Talib supported and protected the Holy Prophet (SAW) in Makkah** and **his son Ali (A.S) dived in the whirlpools of death in Yathrib** for him."

**Abu Talib (A.S)'s action** spoke a lot about his commitment, love and will to sacrifice **for the sake of holy prophet (SAW) and Islam.**

Thus the holy Quran says:

- ***"Jis ne Rasool (SAW) ki ita'at ki to uss ne Khuda ki ita'at ki*** *aur jis ne roogardani ki to tum kuch khayal na karo kyunke Hum ne tumko kuch paasbaan muqarar kar ke to bheja nahin hai." – (Surah-e-Nisa, ayah 80)*

  *"(**Whoever obeys the Apostle, he indeed obeys Allah,** and whoever turns back, so We have not sent you as a keeper over them)"*

With helping and supporting the holy prophet (pbuh), Abu Talib (A.S) and Mawla Ali (A.S) helped the cause of Allah (SWT) and this was then taken forward by **holy Imams like Imam Hussain (A.S) in Karbala and later on other Imams from his lineage.**

Now let us consider what we would get in bargain if we obey our prophet (pbuh)? Holy Quran says in the following ayah:

- *"Ae Imaandaro Khuda se daro aur uss ke **Rasool (Mohammed (SAW)) per imaan laao** to Khuda **tum ko apni rehmat ke do hisse ajr ataa farmaega** aur tum ko **aisa noor inayat farmaega jis ki roshni main tum chalo ge** aur **tumko bakhshish bhi dega** aur Khuda to bada Bakhshne wala Maherbaan hai." – (Surah-e-Hadeed, ayah 28)*

> *"(O ye that believe! Fear Allah, and **believe in His Messenger, and He will bestow on you a double portion of His Mercy:** He will provide for you **a Light by which ye shall walk (straight in your path),** and He will **forgive you (your past):** for Allah is Oft-Forgiving, Most Merciful*

There are limitless gains which we might get if we obey our prophet (pbuh). We would be bestowed by **double portion of Allah's mercy** and all **our sins would be forgiven**. But the question is what is the right way of obeying our prophet (pbuh), who would guide us in doing so?

**Mawla Ali (A.S) and his household** have shown us **the way** in which we can obey the prophet (pbuh) in the best possible manner. Hence, merely claiming that we love Rasool (SAW) and respect him is not enough, if we really wish to respect our prophet (pbuh) **we need to follow the example set by Mawla Ali (A.S) and his household.** And if we do this we are **successful in true sense.**

At this point I feel like mentioning the couplet from famous qawwali *'Shiwa Jawabe Shikwa'* written by Allama Iqbal:

*"Ki **Muhammad say wafa** tunay, tou hum teray hain, Yeh Jahan cheez hai kya **Loho Kalam teray hain**"*

➔ And there is a beautiful prayer written by Yousuf lalljee in his book "Stairway to Heaven", so let me quote that prayer and pray for all of us.

'O Beloved Prophet! You will always come first in our lives – and it is only through the Mercy of Allah that you were sent to us, and it is through you that we received Islam as our Religion – and it is through you that we have come to know your beloved Successor Hazrat Ali and your Ahl-ul-bait. We can never forget this obligation as long as we live for you left these Stars to guide us through the darkness of this world and thank you once again O our Beloved Prophet, and may Allah shower blessings on you and the Holy members of your Household. Aamin"

# તા'ઝિમે રસૂલ(સ.)

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

*શાળાએ જતા એક બાળક તરીકે, દરરોજ સવારે શિક્ષકો વર્ગમાં આવે ત્યારે અમારે બધાએ **ઊભા થવાનું** અને તેમને શુભેચ્છા પાઠવવાનું આવશ્યક હતું. તે બાબત હજુ ય મને યાદ છે. જે **શિક્ષકો આપણને જ્ઞાન આપે છે** તેમના પ્રત્યે સન્માન દર્શાવવાની આવી પ્રણાલિકા દરેક શાળામાં હોય છે કે જે આપણા **જીવનને વધારે સારાં બનાવવામાં** મદદરૂપ પણ થાય છે.*

*જ્યારે જ્યારે રાષ્ટ્રગીત ગવાતું હોય ત્યારે ત્યારે ઊભા રહેવાનું અને **જે દેશમાં આપણે રહેતા હોઈએ તે દેશનું સન્માન કરવાનું** પણ આપણા માટે આવશ્યક છે કેમકે તે દેશ **આપણા જીવન નિર્વાહનો અવિરત સ્ત્રોત છે અને આપણા માટે ઘણું બધું છે.** મેં **એક એવા સદ્‌ગૃહસ્થ**ની વાત વાંચેલી છે કે જેઓ એક મલ્ટીપ્લેક્ષમાં **રાષ્ટ્રગીત ગવાતું હતું ત્યારે ઊભા થવાનું ભૂલી ગયેલા** અને તેથી જ તો એક સમાચારપત્રે તેમની ગેરવર્તણૂક બાબતે મસાલેદાર વાર્તા લખી કાઢેલી. એનો અર્થ એ થયો કે રાષ્ટ્ર પ્રત્યે અનાદર દર્શાવવો, પછી ભલેને તે અનાદર ભૂલથી થયેલો હોય, તો પણ તે **એક એવો મહાન અપરાધ છે કે તેનો હેવાલ વર્તમાનપત્રમાં છપાઈ જાય છે.***

*વળી જ્યારે કોઈ રમતવીર કોઈ અસાધારણ **સિધ્ધિ પ્રાપ્ત કરે છે** તો શ્રોતાઓ તેના કાર્યને બિરદાવવા માટે **ઊભા થઈ જઈને હર્ષનાદ** કરે છે. આપણાં માતા-પિતાએ અને વડીલોએ **આપણું પાલન પોષણ કર્યું છે અને આપણા જીવનને વધારે સારું બનાવવામાં પુષ્કળ સહયોગ આપેલો છે** અને તેથી જ તો તેમનું સન્માન કરવું આપણા માટે આવશ્યક છે.*

→ *એવું એક અનુમાન આપણે તારવી શકીએ તેમ છીએ કે જગતભરમાં લોકોનું, તેમની **સિધ્ધિઓ માટે, તેમના સહયોગ માટે, તેમનાં કાર્યો માટે અને જ્ઞાન માટે,** સન્માન કરવામાં આવે છે.*

ઈસ્લામના ઈતિહાસમાં આપણા વ્હાલા પયગમ્બર(સ.)ની મહાનતાને આંબી શકે તેવી કોઈ વ્યક્તિ નથી. આપની એ નૂરાની હાજરીને આભારી છે કે જેમણે આપણને ઈસ્લામનાં મૂલ્યોનું શિક્ષણ આપ્યું અને નજાતના સાચા રસ્તા તરફ આપણને માર્ગદર્શન આપ્યું. તો ચાલો આપણે એ બાબત શોધવાનો પ્રત્યન કરીએ કે કુરઆનની આજ્ઞાઓ શું છે અને તેનાથી વિપરીત પવિત્ર પયગમ્બર(સ.) પ્રત્યેની આપણી આચારસંહિતા કેવી છે.

ચાલો આપણે થોડીક આયતોનો ઉલ્લેખ કરીને શરૂઆત કરીએ કે જે આયતો આપણા પવિત્ર પયગમ્બર(સ.)ની ઓળખ અને ઉચ્ચતાને પ્રસ્થાપિત કરે છે.

- **'અને (અય રસૂલ(સ.) !) અમોએ તને <u>સઘળી દુનિયાવાળાઓ માટે રહેમત બનાવીને મોકલ્યો છે.'</u>** (સૂરએ અંબિયા, આયત-૧૦૭)

અલ્લાહ(સુ.વ.ત.) **સૌથી વધારે દયાળુ** છે જ્યારે રસૂલ(સ.) **સઘળી દુનિયાઓ માટે રહેમત** છે. તેનો અર્થ એ થયો કે રસૂલ(સ.)ની સહમતી વગર અલ્લાહની રહેમતની બક્ષિસ કોઈના ઉપર નહીં થાય. આમ આ આયત ઉપરથી એવું અનુમાન થઈ શકે કે **રસૂલ(સ.)ની મધ્યસ્થીને કારણે જ**

**આપની ઉમ્મત ઉપર અલ્લાહની રહેમતની વર્ષા થશે અને તેને બક્ષી દેવામાં આવશે. આપ(સ.) રહેમતુલ્લીલ આલમીન છે.**

- **'અને (હે રસૂલ(સ.) !) રાતના એક (ચોક્કસ) ભાગમાં તહજ્જુદ(ની નમાઝ) પઢ્યા કર, આ ફરજ તારા માટે સુન્નત (વધારાની) છે, સંભવિત છે કે તારો પરવરદિગાર (કયામતના દિવસે) તને મકામે મહમૂદ (વખણાયેલા સ્થળે) પહોંચાડી દેશે.'**

(સૂરએ બની ઈસરાઈલ, આયત-૭૦)

ઉપરોક્ત આયતમાં અલ્લાહ(સુ.વ.ત.)એ રસૂલ(સ.)ને ભવ્યતાના સર્વોચ્ચ સ્થાન સુધી બુલંદ કરવાનું વચન આપ્યું છે, એક દુર્લભ વિશેષ યોગ્યતા અને સન્માન, કે જે તેમના પહેલાં કે તેમના પછી કોઈને આપવામાં આવેલ નથી. તેથી જ તો **આપ હબીબે ખુદા છે.** જો આપણે એવી ઈચ્છા રાખતા હોઈએ કે અલ્લાહ(સુ.વ.ત.) આપણને પ્રેમ કરે તો **આપણે પવિત્ર પયગમ્બર(સ.)ને ચાહવાની અને તેમનું આજ્ઞાપાલન કરવાની જરૂર છે.**

- **'અને આ દુઆ માગ્યા કર કે હે મારા પરવરદિગાર ! મારો પ્રવેશ સત્યમય કર અને મારું નીકળવું પણ સત્યમય થાય (એમ) કર અને મને ખાસ તારા તરફથી એક હુકૂમત અર્પણ કર જેના દ્વારા દરેક પ્રકારની શક્તિ પ્રાપ્ત થાય.'**

(સૂરએ બની ઈસરાઈલ, આયત-૮૦)

અલ્લાહ(સુ.વ.ત.) પવિત્ર પયગમ્બર (સ.)ને તેમની દુઆમાં ઈલાહી શક્તિ માગવાની આજ્ઞા ફરમાવે છે. તેથી તો **આપને સરવરે કાઈનાત તરીકેનો સંદર્ભ અપાયો છે.** જો ઈલાહી શક્તિની મદદ મેળવવાની આપણી ઈચ્છા હોય તો **આપણે તેમનો મૌલા અને સરદાર તરીકે સ્વીકાર કરવો જ રહ્યો.**

આપણા પ્યારા પયગમ્બર(સ.)ને મળેલ આ સન્માન તેમજ ઉપર દર્શાવેલ દુર્ભલ પ્રમાણપત્રો સિવાય પણ ચાલો આપણે થોડી વધારે આયતો જોઈએ કે જે **આયતો આપની શાનમાં નાઝિલ થયેલી છે. ચાલો આપણે અલ્લાહ(સુ.વ.ત.)ને સાંભળીએ અને જોઈએ કે તે પોતે પોતાના પયગમ્બરનાં કેવાં વખાણ કરે છે.**

- **'અને નિઃસંશય તારા માટે એવો બદલો (તૈયાર) છે કે જે કદી ખુટનાર નથી. અને બેશક તારા અખ્લાક (નીતિ) ઘણા ઉચ્ચ દરજ્જાના છે.**

અલ્લાહ(સુ.વ.ત.) રસૂલ(સ.)ના **ઉદાહરણરૂપ ચારિત્ર્યની** પ્રશંસા કરે છે અને તેણે આપને સતત બદલો આપવાનું વચન પણ આપી દીધું. તેનો અર્થ એવો થયો કે જો **આપણે પવિત્ર પયગમ્બર(સ.) દ્વારા આપવામાં આવેલ આજ્ઞાઓને અનુસરશું તો આપણને પણ સતત બદલો મળતો રહેશે.**

- **'અને ખચીત જ અમોએ તને વારંવાર પઢવામાં આવતો સાત આયતોવાળો સૂરો (સબ્એ મસાની અર્થાત સૂરએ હમ્દ) અને (બુઝુર્ગીવાળુ કુરઆન અર્પણ કર્યું છે.'**

(સૂરએ હિજ્ર, આયત-૮૭)

- **'નિઃસંશય અલ્લાહ અને તેના ફરિશ્તાઓ પયગમ્બર (અને તેમની આલ) પર દુરૂદ મોકલે છે તો અય ઈમાનદારો ! તમે પણ દુરૂદ મોકલતા રહો અને બરાબર સલામ મોકલતા રહો કે જેવો સલામ મોકલવાનો હક છે.'**

(સૂરએ અહઝાબ, આયત-૫૬)

સૂરએ હમ્દ પવિત્ર પયગમ્બર(સ.)ની શાનમાં નાઝિલ કરવામાં આવ્યો હતો અને અલ્લાહ(સુ.વ.ત.)એ આપને પવિત્ર કુરઆન પ્રદાન કર્યું. આપની મહાનતા એવી છે કે **અલ્લાહ(સુ.વ.ત.) અને તેના ફરિશ્તાઓ તેમના ઉપર દુરૂદ મોકલે છે અને ઈમાનદારોને પણ એવું**

કરવાની આજ્ઞા આપે છે.

→ જે લોકો આપણા કરતાં વધારે ઉચ્ચ અને મરતબાવાળા હોય એવા લોકો સાથે વ્યવહાર કરતી વખતે દરેકે એક ખાસ પ્રકારની **આચારસંહિતાનું પાલન કરવું જરૂરી છે.** ઉદાહરણ તરીકે રસ્તા ઉપર આપણે ઘણી વખત એવું જોયું છે કે જ્યારે કોઈ નામાંકિત સરકારી અધિકારીની માલિકીની કાર રસ્તા ઉપરથી પસાર થઈ રહી હોય છે ત્યારે આપણે બાજુએ ખસી જવું પડે છે અને તે કારને ઓવરટેક કરવા દઈને આગળ જવા દઈએ છીએ. આ એક **આચારસંહિતા** છે કે જેને આપણે અનુસરીએ છીએ. તો પછી ચાલો આપણે **સૌથી મહાન વ્યક્તિ એવા પવિત્ર પયગમ્બર(સ.) સાથે વ્યવહાર કરતી વખતે** એવી **આચારસંહિતાને** શોધી કાઢીએ કે જેને **અનુસરવી આપણા માટે જરૂરી** છે.

ચાલો આપણે કુરઆનમાંથી આજ્ઞાઓ લઈએ અને કેટલીક આયતોનો હવાલો જોઈએ.

- **'(હે રસૂલ(સ.)!) બેશક <u>જે લોકો તને તારા ખાનગી ઓરડાની બહારથી પોકારે છે</u> તેઓ માંહેના <u>ઘણા ખરા બુધ્ધિહીન છે.</u> અને તું ઘરમાંથી બહાર નીકળીને તેમની પાસે આવે તેટલો સમય જો તેઓ ધીરજ ધરે તો તેમના માટે બેહતર છે.'**

(સૂરએ હુજરાત, આયત-૪ થી ૫)

- **'(હે ઈમાનદારો!) <u>રસૂલના આમંત્રણને તમે પરસ્પરના આમંત્રણ જેવું ન ગણો;</u> તમારામાંથી જે લોકો (રસૂલ પાસેથી) ચોરી છૂપીથી ખસકી જાય છે તેમને અલ્લાહ સારી પેઠે જાણે છે, માટે <u>જે લોકો તે(રસૂલ)ની આજ્ઞાની અવગણના કરે છે તેમણે આ વાતથી ખબરદાર રહેવું જોઈએ કે (રખે ને) તેમના પર કોઈ આફત આવી પડે</u> અથવા તેમના પર કોઈ દુઃખદાયક અઝાબ આવી પડે.'**

(સૂરએ નૂર, આયત-૬૩)

- **'<u>હે ઈમાન લાવનારાઓ! અલ્લાહ અને તેના રસૂલ સામે કોઈ વાતમાં આગળ વધી ન જાઓ</u> અને અલ્લાહથી ડરો; બેશક અલ્લાહ મોટો સાંભળનાર (અને) જાણનાર છે.'**

(સૂરએ હુજરાત, આયત-૧)

→ સામાન્ય ઈમાનદાર કરતાં રસૂલ(સ.)નો મરતબો ઘણા જ જુદા પ્રકારનો છે. ઉપરની આયતોમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે એ મુજબ **જે લોકો આપને નામથી બોલાવે છે અને પોતાની જાતને છૂપાવીને આપને એકલા છોડી દઈને આપની નાફરમાની કરે છે, એવા લોકોની અલ્લાહ તપાસ રાખે છે.** તેથી જે કોઈ એવું માનતો હોય કે હું મરતબામાં રસૂલ(સ.)ના જેવો છું તેની ભયંકર ભૂલ છે અને તેની ગેરવર્તણૂક માટે અજમાયશની પીડા તેણે વેઠવી પડશે.

અત્યાર સુધી તો આપણે આપણા પવિત્ર પયગમ્બર(સ.) સાથે વ્યવહાર કરતાં શું ન કરવું જોઈએ એ અંગેની સ્પષ્ટ આજ્ઞાઓ જોઈ. ચાલો હવે એ જોઈએ કે આપણે પવિત્ર પયગમ્બર(સ.)ની સાથે વ્યવહારમાં શું કરવું જોઈએ તે બાબતે કુરઆન કેવા હુકમો આપે છે :

- **'સાચા ઈમાનદારો (મોમિનો) તો માત્ર એ લોકો છે કે જેઓ ખુદા અને તેના રસૂલ(સ.) ઉપર ઈમાન લાવે અને જ્યારે કોઈ મહત્વના કામ માટે તેઓ <u>તે(રસૂલ)ની પાસે હોય છે ત્યારે તેની રજા લીધા વગર ચાલ્યા જતા નથી; બેશક જો લોકો તારી પાસે રજા માગે છે તેઓ જ તો અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવ્યા છે,</u> પછી જ્યારે તેઓ તેમના કોઈ ખાસ કામ માટે તારી રજા માગે તો તેઓમાંથી <u>ચાહે તેને રજા આપી દે</u> અને તેમના માટે <u>અલ્લાહ પાસે માફી માગતો રહે, બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાળુ છે.</u>**

(સૂરએ નૂર, આયત-૬૨)

ઉપરોક્ત આયત સ્પષ્ટતા કરે છે કે અલ્લાહને

એવા જ લોકો ગમે છે કે **જેઓ તેમના રસૂલ(સ.)ની રજા મેળવે છે.** જ્યારે આપ(સ.) તેમની વચ્ચે હતા ત્યારે તો મોમિનો માટે રજા લેવા માટેનું કાર્ય સહેલું હતું પરંતુ અત્યારના સંદર્ભમાં **તેમણે જે કંઈ આપણને આપ્યું છે તેને અનુસરવાની જરૂર છે.** કારણ કે જો આપણે એ પ્રમાણે કરીશું તો આપણે જાણે તેમની પરવાનગી લઈ લીધી એવું ગણાશે અને જો ઉપરની આયત અનુસાર આપણે તેમની રજા લઈએ તો **આપણા બધાયને માફ કરી દેવામાં આવશે.**

આ સંદર્ભમાં ચાલો આપણે થોડીક વધારે આયતો જોઈએ.

- **'(અને) તે લોકો (માટે પણ) કે <u>જેઓ રસૂલની તાબેદારી કરે છે (અર્થાત) તે ઉમ્મી પયગમ્બરની</u> કે જેનું વર્ણન તેમણે પોતાની પાસેની તૌરેત તથા ઈન્જીલમાં લખેલું જોઈ લીધું છે. (અને <u>જે) તેમને નેકીની આજ્ઞા કરે છે તથા બદીની મનાઈ કરે છે, તથા પવિત્ર વસ્તુઓ તેમના માટે હલાલ અને નાપાક વસ્તુઓ તેમના માટે હરામ ઠરાવે છે</u> અને તેમના ગુન્હાઓનો બોજો તથા તે બેડીઓ કે જે તેમના ગળામાં પડી હતી, દૂર કરે છે, <u>માટે જે લોકો તેના પર ઈમાન લાવ્યા અને જેમણે તેની ઈજ્જત કરી અને તેની સહાય કરી અને તેની સાથે સાથે ઉતરેલા નૂરની તાબેદારી કરી તેઓ જ (સંપૂર્ણ) સફળતા મેળવનારા છે.'</u>**

(સૂરએ એઅરાફ, આયત-૧૫૭)

ઉપરોક્ત આયત મુજબ તો સફળ ઈમાનદારો તો એ લોકો છે કે **જેઓ માત્ર અલ્લાહમાં જ ઈમાન ધરાવતા નથી પરંતુ પયગમ્બર(સ.)માં પણ ઈમાન ધરાવે છે.** કુરઆન આજ્ઞાઓ અને જીવન પધ્ધતિ છે પરંતુ માત્ર **કુરઆન જ પૂરતું નથી.** આપણે પવિત્ર પયગમ્બર(સ.)એ આપેલી આજ્ઞાઓને અનુસરવું પણ એટલું જ જરૂરી છે. આ જ **સફળતા માટેનો સિધ્ધાંત** છે.

→ દુન્યવી દૃષ્ટિએ એવું માનવામાં આવે છે કે **જે વ્યક્તિ વધારે ઉચ્ચ સત્તા ધરાવતી હોય તેને તેના સર્વોચ્ચ સત્તાધારી દ્વારા તેના ખાસ વિભાગના ખાસ વિશેષાધિકારો અને સત્તા આપવામાં આવે છે કેમકે તેને તેના હાથ નીચે કામ કરનારાઓ ઉપર સારું પરિણામ મેળવવા માટે તે સત્તા વાપરવાની જરૂર પડતી હોય છે. આપણા પવિત્ર પયગમ્બર(સ.) તો ઉમ્મત ઉપર મહત્તમ સત્તાધારી વ્યક્તિ છે.** જેવું કે આપણે જુદી જુદી આયતો દ્વારા પ્રસ્થાપિત કર્યું. **સર્વોચ્ચ સત્તાધારી એવા અલ્લાહ(સુ.વ.ત.) દ્વારા આપણા પ્યારા પયગમ્બર(સ.)ને કઈ કઈ સત્તાઓ અને વિશેષાધિકારો આપ્યા છે** તે શોધી કાઢવાનો ચાલો આપણે પ્રયત્ન કરીએ.

- **'(હે રસૂલ(સ.) !) તેમના <u>માલમાંથી ઝકાત લેતો રહે કે તે વડે તું તેમને પાક અને પવિત્ર બનાવે</u> અને <u>તેમના માટે (રહેમતની) દુઆ કર; બેશક તારી દુઆ તેમના માટે શાંતિનું કારણ બને છે;</u> અને અલ્લાહ મહાન ક્ષમાવાન (અને) દયા કરનાર છે.'**

(સૂરએ તૌબા, આયત-૧૦૩)

- **'અને (હે રસૂલ(સ.) !) તું કહે કે હે મારા પરવરદિગાર ! <u>તું (મારી ઉમ્મતને) માફ કરી દે, અને દયા કર</u> અને તું સૌથી દયા કરનારો છે.'**

(સૂરએ મોમિનીન, આયત-૧૧૮)

ઉપરોક્ત આયત મુજબ તો **રસૂલ(સ.)ના કારણે જ ઉમ્મતને પાક અને પવિત્ર કરવામાં આવશે** અને **તેમની દુઆઓના કારણે જ ઉમ્મતને બક્ષી દેવામાં આવશે.** તેનો અર્થ એ થયો કે **આપણને પાક કરવાની અને બક્ષી દેવાની સત્તાઓ** આપને આપવામાં આવેલ છે.

અલ્લાહ(સુ.વ.ત.) સૌથી મોટો માફ કરનારો છે પરંતુ જ્યાં સુધી પવિત્ર પયગમ્બર(સ.) આપણા

માટે દુઆ ન કરે ત્યાં સુધી આપણે માફી મેળવી શકવાના નથી અને આપ(સ.) માત્ર ત્યારે જ આપણી બક્ષિસ માટે દુઆ કરશે કે **જો આપણે તેમનું અનુસરણ કરીએ અને તેમની સાથે મોહબ્બત કરીએ અને તે લોકો સાથે મોહબ્બત કરીએ કે જેમને આપ(સ.) સૌથી વિશેષ ચાહતા હતા.**

પવિત્ર પયગમ્બર(સ.) પ્રત્યે **સન્માનદર્શક અને આજ્ઞાકિંત બનવું** તે **સફળતાનો(ઈલાજ)** છે. આપણે જુદી જુદી આયતોની રોશનીમાં આ બાબતને તાર્કિક રીતે સમજી ગયા છીએ. ત્યાર પછી તો એવું અનુમાન થઈ શકે છે કે **તેમના પ્રત્યે અનાદર અને નાફરમાની દર્શાવનાર બનવું તે બાબત બધી જ બાબતોમાં નિષ્ફળ બનવા બરાબર છે.** તેમ છતાં ય ચાલો આપણે આ અનુમાનને થોડી વધુ આયતોના પ્રકાશમાં ફરીથી સાબિત કરીએ.

ચાલો આપણે સૌ પ્રથમ તો આદમ(અ.)ની વિરૂધ્ધ શયતાન ઈબ્લીસ નાફરમાન બન્યો તે વિષેની આયત જોઈએ.

- **'અને (એ વખતને યાદ કરો કે) જ્યારે અમોએ ફરિશ્તાઓને કહ્યું કે <u>આદમને સિજદો કરો</u> ત્યારે <u>સર્વેએ સિજદો કર્યો સિવાય ઈબ્લીસે</u> (શેતાને); <u>તેણે અભિમાનથી ઈન્કાર કર્યો</u> અને તે <u>નાફરમાનોમાંહેનો થયો.'</u>**

(સૂરએ બકરહ, આયત-૩૪)

અહીં, ઉપરોક્ત આયતમાં અલ્લાહ (સુ.વ.ત.) ફરમાવે છે કે ઈબ્લીસ શેતાન બની ગયો કારણ કે તેણે **આદમ(અ.)ની આગળ સિજદો ન કર્યો.** જો કે ઈબ્લીસ **અલ્લાહની વહેદાનિયતમાં માનતો હતો અને તેની ઈબાદત પણ કરતો હતો** તેમ છતાંય અલ્લાહ(સુ.વ.ત.)એ ઈબ્લીસને કાફિર કહ્યો છે.

જ્યારે આપણે ઉપરોક્ત આયત ઉપર ચિંતન-મનન કરવાનો પ્રયત્ન કરીએ તો આપણને સમજાશે કે **પોતાના પસંદ કરેલા પ્રતિનિધિ(ખલીફા)નો કોઈ અનાદર કરી રહ્યું હોય તે બાબત અલ્લાહ (સુ.વ.ત.)ને ગમતી નથી.** શેતાને એવો વિચાર કર્યો કે **તે આદમ(અ.) કરતાં અફઝલ છે** અને આથી તે સર્વસ્વ ગુમાવી બેઠો.

આ પ્રસંગ સાથે સંબંધિત વિચાર કરવા જેવી બીજી એક બાબત એ છે કે આદમ(અ.) હજુ તો હમણાં જ અસ્તિત્વમાં આવ્યા હતા. તેમના **ઈતિહાસનાં કોઈ પ્રમાણો ન હતાં કે ન ઈબાદતો હતી જેનાથી ફરિશ્તાઓને તેમની સર્વોચ્ચતા વિષે તેમના મનમાં સમાધાન થાય.** તેમ છતાં ય તેમણે આજ્ઞાઓને અનુસરવાનું હતું અને આદમ(અ.) આગળ સિજદો કરવાનો હતો અને તેમની સર્વોપરિતાનો સ્વીકાર કરવાનો હતો. એનો અર્થ એવો પણ થાય કે **ખલીફા અને પ્રતિનિધિઓ તરીકે અલ્લાહ દ્વારા નિયુક્ત થયેલા માણસો જન્મજાત જ (ખલીફા-પ્રતિનિધિ) હોય છે** અને તેઓ દુન્યવી જ્ઞાન અને ઈબાદતો ઉપર આધાર રાખતા નથી. **ઈબ્લીસ આ બાબત સમજવામાં નિષ્ફળ ગયો અને તેથી તે કાફિર બની ગયો.**

ચાલો હવે આ બાબતને આપણા પવિત્ર પયગમ્બર(સ.) સાથે જોડીએ. કુરઆને આપ(સ.)ને **સઘળી દુનિયાઓ માટે રહેમત હોવાનાં, મકામે મહમૂદ સુધી ગયેલા હોવાનાં પ્રમાણો આપેલાં છે,** અને બીજી બધી આયતોએ પણ **આપના અદ્વિતીય ચારિત્ર્ય અને અનુપમ મરતબાને** ચકાસેલ છે. આ બધા પછી ય જો કોઈ હજુ પણ એવું માનતો હોય કે **તે પોતે પવિત્ર પયગમ્બર(સ.)ના જેવો જ છે** તો ઉપરોક્ત આયતના અને **ઉપરોક્ત પ્રસંગના પ્રકાશમાં, મારી દૃષ્ટિએ ઈબ્લીસની માફક તે પણ તેની માન્યતાનું અને ઈમાનનું જોખમ વહોરી રહ્યો છે** અને માત્ર **અલ્લાહ જ તેને બચાવનારો છે.**

આ બાબતમાં ચાલો એક ખાસ આયત આપણે જોઈએ.

- **'જ્યારે તેમને કહેવામાં આવે છે કે આવો, અલ્લાહનો રસૂલ તમારા માટે ક્ષમાની દુઆ કરે તો તેઓ પોતાનાં માથાં ફેરવી લે છે અને તું તેમને જોશે કે તેઓ અભિમાનમાં પીઠ ફેરવી ચાલ્યા જાય છે.'** (સૂરએ મુનાફેકુન, આયત-૫ થી ૬)

આ રીતે **પવિત્ર પયગમ્બર(સ.) પ્રત્યે અનાદર દર્શાવવો એ એવડો મોટો ગુનો છે** કે રસૂલ(સ.) કે જેમને તેમની ઉમ્મત બાબતના બધા જ અધિકારો અને સત્તા આપવામાં આવેલા છે તેમ છતાં **તેમની દુઆ ગુનેગારને નહીં બચાવે, તેમની પોતાની દુઆઓને અલ્લાહ અળગી મૂકી દેશે.**

→ તેથી જો **આપણે આવા કોઈ માણસને મળવા પામીએ** કે જે આપણને **સાચા રસ્તાનું માર્ગદર્શન આપનારના પોષાકમાં હોય** તે જો આપણા **પ્યારા પયગમ્બર(સ.)નો અનાદર કરી રહ્યો હોય** તો તે એવો માણસ છે કે જે **સૌથી વધારે ગુમરાહ થયેલો** છે. **તેની ઈબાદતો, જ્ઞાન ગમે તેટલાં હોય** અને તે **ગમે તેટલો પ્રભાવશાળી દેખાતો હોય** છતાં પણ આપણે આપણી જાતને તેનાથી બચાવવી જોઈએ રખેને આપણે તેના દ્વારા ગુમરાહ થઈ જઈએ. આપણે એ બાબત યાદ રાખવી જોઈએ કે **શેતાન બન્યા પહેલાં ઈબ્લીસ** પણ બધા જ **ફરિશ્તાઓનો ઉસ્તાદ(શિક્ષક)** હતો અને તેમનામાં **અપ્રતિમ સ્થાન ભોગવતો** હતો.

અંગ્રેજી ભાષામાં એક ખૂબ જ પ્રખ્યાત રૂઢિપ્રયોગ છે : **Action speaks louder than words.** જેનો અર્થ એ થાય છે કે **લોકો જે કંઈ કહેતા હોય એના કરતાં જે કંઈ કરતા હોય તે વધારે અગત્યનું છે.** લોકો ઘણી બધી બાબતોમાં વચન આપી શકે છે પરંતુ તેઓ તેમને પાળવામાં નિષ્ફળ જાય તો તેમણે ખરેખર કંઈ યોગ્ય કર્યું જ નથી. જ્યારે બીજી રીતે જોઈએ તો મોટા મોટા દાવાઓ કર્યા વગર જો તમે સતત કંઈક આપતા જ જાઓ તો તમારું કાર્ય જ તમારા વિષે બોલવા માંડશે.

આપણા પવિત્ર પયગમ્બર(સ.)ના જીવનના વિકાસશીલ વર્ષોમાં અને ઈસ્લામની શરૂઆતના વર્ષોમાં અબુતાલિબ(અ.)ની સતત મદદ અને ટેકો હતો કે જેણે આપના માટે પરિસ્થિતિઓને અનુકૂળ બનાવી. અબુતાલિબ(અ.) કંઈ ઈસ્લામના ઈતિહાસમાં સાધારણ માણસ ન હતા. તેમણે પવિત્ર પયગમ્બર(સ.)નું અને તેમના નિર્ધારિત કાર્યનું રક્ષણ કરવા માટે તેમના જીવન દરમિયાન ઘણાં બલિદાનો આપ્યાં છે. ઈબ્ને અબીલ હદીદ નામના એક નામાંકિત ઈસ્લામી વિદ્વાન લખે છે :

જો **અબુતાલિબ અને તેમના પુત્ર અલી ન હોત** તો **ઈસ્લામ ધર્મ સફળ ન થાત. અબુતાલિબે પવિત્ર પયગમ્બર(સ.)ને મક્કામાં ટેકો આપ્યો અને તેમનું રક્ષણ પણ કર્યું** અને **તેમના પુત્ર અલી(અ.)એ તેમના ખાતર યસરબમાં મોતના વમળોમાં ડૂબકીઓ લગાવી.**

અબુતાલિબ(અ.)ની કામગીરીએ પવિત્ર પયગમ્બર(સ.) અને ઈસ્લામ ખાતર તેમણે દર્શાવેલ પ્રતિબધ્ધતા, પ્રેમ અને બલિદાનની ઈચ્છા અંગે ઘણું બધું કહી નાખ્યું છે.

- **'જેણે રસૂલ(સ.)ની આજ્ઞા માની તેણે ખરેખર અલ્લાહની આજ્ઞા માની; અને જે ફરી બેઠો તો અમોએ તને તેમના ઉપર રખેવાળ તરીકે નથી મોકલ્યો.'** (સૂરએ નિસા, આયત-૮૦)

પવિત્ર પયગમ્બર(સ.)ને મદદ કરીને, સમર્થન આપીને અબુતાલિબ(અ.)એ અને મૌલા અલી(અ.)એ અલ્લાહ(સુ.વ.ત.)ના ઉદ્દેશ્યને મદદ કરી છે અને ત્યાર પછી **પવિત્ર ઈમામો જેવા કે કરબલામાં ઈમામ હુસૈન(અ.) અને પાછળથી તેમના વંશમાંથી ઉતરી આવેલા ઈમામોએ આ**

**કાર્યને આગળ ધપાવ્યું છે.**

જો આપણે પયગમ્બર(સ.)નું આજ્ઞાપાલન કરીએ તો આપણે બદલામાં શું મેળવીશું ?

ચાલો આપણે તે બાબત સમજીએ. પવિત્ર કુરઆન નીચેની આયતમાં ફરમાવે છે :

- **'અય ઈમાનદારો ! અલ્લાહથી ડરો અને તેના રસૂલ મોહંમદ(સ.) પર ઈમાન લાવો કે જેથી તે પોતાની કૃપાનો બેવડો ભાગ તમને આપે અને તમારા માટે એવું નૂર કાયમ કરે કે જેના પ્રતાપે તમે ચાલો, તથા તમારા ગુન્હા માફ કરી દે; અને અલ્લાહ મોટો માફ કરનાર (તથા) રહેમ કરનારો છે.'** (સૂરએ હદીદ, આયત-૨૮)

જો આપણે આપણા પયગમ્બર(સ.)નું આજ્ઞાપાલન કરીએ તો આપણા માટે અમર્યાદિત લાભપ્રાપ્તિ છે. આપણા ઉપર **અલ્લાહની નેઅમતની બમણી વર્ષા** થશે. અને **આપણા બધા જ ગુનાઓને માફ કરી દેવામાં આવશે.** પરંતુ પ્રશ્ન એ થાય છે કે આપણા પયગમ્બર(સ.) કે જેઓ આવું કરવામાં આપણને માર્ગદર્શન આપે છે તેમનું આજ્ઞાપાલન કરવાનો સાચો રસ્તો કયો છે ?

**મૌલા અલી(અ.) અને તેમની એહલેબયતે** આપણને પયગમ્બર(સ.)નું આજ્ઞાપાલન શક્ય હોય તેવી સારામાં સારી રીતે કેવી રીતે કરી શકીએ તેનો રસ્તો આપણને બતાવ્યો છે. તેથી માત્ર એવો દાવો કરીને કે અમે રસૂલ(સ.)ને ચાહીએ છીએ અને તેમની તા'ઝિમ કરીએ છીએ એટલું કહેવું પૂરતું નથી. જો આપણે આપણા પયગમ્બર(સ.)ની તા'ઝિમ કરવાની ખરેખર ઈચ્છા ધરાવતા હોઈએ તો **મૌલા અલી(અ.) અને તેમની એહલેબયતે જે ઉદાહરણો પૂરાં પાડ્યાં છે તેને અનુસરવાની જરૂર છે.** અને જો આપણે આવું કરીશું તો આપણે **સાચા અર્થમાં સફળ** થયા ગણાઈશું.

આ તબક્કે મને અલ્લામા ઈકબાલે લખેલી પ્રખ્યાત કવ્વાલી **'શિકવા જવાબે શિકવા'**નો ઉલ્લેખ કરવાનું મન થાય છે.

**કી મોહંમદસે વફા તૂંને તો હમ તેરે હૈ,**
**યે જહાં ચીઝ હૈ ક્યા, લૌહો કલમ તેરે હૈ.**

→ વળી યૂસુફ લાલજીએ પોતાની કિતાબ **Stairway to Heaven**માં લખેલી એક સુંદર દુઆ પણ છે તેથી મને તે દુઆ ટાંકવા દો અને આપણા બધાય માટે દુઆ માગવા દો.

'અય પ્રિયપાત્ર પયગમ્બર ! આપ અમારી જિંદગીઓમાં હંમેશાં પ્રથમ આવતા રહેજો અને આ તો માત્ર અલ્લાહની રહેમત જ હતી કે જેના દ્વારા આપને અમારી તરફ મોકલવામાં આવ્યા અને આપ જ એવા છો કે જેમના દ્વારા અમે ધર્મ તરીકે ઈસ્લામને પ્રાપ્ત કર્યો છે અને આપ જ એવા છો કે જેમના દ્વારા અમે આપના પ્રિયપાત્ર ઉત્તરાધિકારી(વસી) હઝરત અલીને તેમજ તેમના એહલેબયતને જાણવા પામ્યા છીએ. જ્યાં સુધી જીવતા રહીશું ત્યાં સુધી અમે આપના આ એહસાનને કદી નહીં ભૂલી શકીએ કેમકે આપ દુનિયાના અંધકારમાં અમારું માર્ગદર્શન કરવા માટે આ સિતારાઓને મૂકીને ગયા છો. અય અમારા પ્રિય પયગમ્બર ! આપનો ફરીથી આભાર અને અલ્લાહ તઆલા આપના ઉપર અને આપની પવિત્ર એહલેબયત ઉપર રહેમત નાઝિલ ફરમાવે, આમીન.' ✻


**TRUE FAITH VILLAGE EDUCATION COMMITTEE**

દર વર્ષની જેમ ચાલુ સાલે TFVEC દ્વારા ચોપડાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૧ ડઝન (ફૂલ સ્કેપ) ચોપડાની કિંમત રૂા.૧૭૦/ તથા ૧ નંગની કિંમત રૂા.૧૫/- રાખવામાં આવેલ છે. ચોપડાનું વિતરણ એપ્રિલ-૧૧ના પ્રથમ અઠવાડિયાથી ઈન્શાઅલ્લાહ શરૂ કરવામાં આવશે. વધુ માહિતી માટે સંપર્ક કરો.

**અહેસાનઅલી ઘો**

**મો.૯૯૭૯૧૧૬૦૯૮**

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)**

### ઉપદેશ, માન્યતા અને ચારિત્ર્ય જાફરી સંસ્કારોના પ્રકાશમાં

જ્યારે રાત પડી ગઈ તો આદમ દીકરાને ઊઠાવીને તંબુમાં લાવ્યા અને તેને જમીન ઉપર મૂકી દીધો. તે પછી આદમ અને હવ્વા ઊંઘી ગયાં અને જેવાં તેઓ સવારે ઉઠ્યાં તો તરત જ તેમને તંબુમાંથી કંઈ સડતું હોય તેવી વાસ આવવા લાગી... (અસલ કિતાબ **સુપરમેન ઈન ઈસ્લામ**માં આખો કિસ્સો આપેલો છે પરંતુ એ કિસ્સો ફક્ત એક કલ્પના હોવાના કારણે અને આદમ(અ.), બીબી હવ્વા અને હાબીલ(અ.)નો એહતેરામ ન જળવાતો હોવાને કારણે અહીં આખો કિસ્સો રજૂ કરતા નથી. -અનુવાદક)....

આજે ધરતી ઉપર માણસના જન્મ પછી ઓછામાં ઓછાં પાંચ મિલ્યન વર્ષ વીતી ચૂક્યાં હોવા છતાં પણ મૃત્યુને આપણે સમજી શક્યા નથી, એટલે સુધી કે જ્યાં શિક્ષિત વર્ગ ઓછો છે એવા દેશોમાં લોકો એવું માને છે કે માણસ મરતો નથી પરંતુ અમર છે. પરંતુ ભૌતિક રીતે તેના મૃત્યુનો ઈન્કાર કરી શકાતો નથી કારણ કે મૃત્યુ પછી તેનું શરીર સડી જાય છે અને નાશ પામે છે એટલે સુધી કે થોડા સમય પછી તો તેનાં હાડકાં પણ સડી જાય છે. તો ય માણસ એવું માની રહ્યો છે કે આત્માનું જીવન અમર છે અને તેની બુધ્ધિ એ વાતને સ્વીકારી શકતી નથી કે માણસ પોતાના શરીર સાથે જ જીવિત રહી શકે છે એટલે જ તો તે કહે છે કે માણસ પોતાના આત્મા સાથે અમર છે. જે લોકો ભૌતિકતાવાદી અને આત્માના અસ્તિત્વનો ઈન્કાર કરનારા છે તે લોકો પણ માને છે કે માણસ સંપૂર્ણ રીતે નાશ પામતો નથી. પરંતુ તેના કેટલાક અવશેષો બાકી રહી જાય છે પછી ભલે ને તે અવશેષો કિરણોના સ્વરૂપમાં જ કેમ ન હોય.

બેલ્જીયમનો રહેવાસી મેટરલીંગ કે જે આ સદીના ફિલોસોફરોમાંથી છે તે એક ભૌતિકતાવાદી માણસ હતો. પરંતુ તે કહેતો હતો કે સેંકડો મિલીયન વર્ષ પહેલાં જો કોઈ તારાનું પ્રતિબિંબ પાણી ઉપર પડ્યું હોય તો તે ભૂસાઈ જતું નથી તો પછી માણસ કેવી રીતે નષ્ટ થઈ જાય? અને આ જ ભૌતિકતાવાદી માણસ રૂહોની હાજરીની બેઠકોમાં જતો હતો કારણ કે તે માનતો હતો કે નાશવંત માણસમાં કોઈ વસ્તુઓ બાકી રહી જાય છે અને જે વસ્તુ માણસમાંથી બાકી રહી જાય છે કદાચ તેના જ દ્વારા માણસ પેલી દુનિયામાં પોતાના સગા સંબંધીઓ અને મિત્રો સાથે સંબંધ સ્થાપી શકે છે.

આજથી એકસો વર્ષ પહેલાં સ્પેન, ફ્રાન્સ અને ઈટાલીની ગલીઓમાં રાત્રે ભિક્ષુકો પોકારતા હતા કે હે લોકો ! તમારી મૈયતો તમારી રાહ જોઈ રહી છે. અને લોકો પણ માનતા હતા કે મૈયતો જીવિત છે અને તેમને ખોરાક ઈત્યાદીની જરૂર પડે છે માટે લોકો તે ભિક્ષુકોને ખોરાક અને થોડા ઘણા પૈસા આપી દેતા હતા અને કેટલીક દયાળુ સ્ત્રીઓ તો શરાબનો એક જામ પણ પીવડાવી દેતી હતી કારણ કે તે માનતી હતી કે મૈયતો તરસી હોય છે અને તેમને કંઈક પીવાની જરૂર હોય છે.

આજે પણ ફ્રાન્સ, સ્પેન અને ઈટાલી જેવા દેશોમાં લોકો પોતાની મૈયતો માટે ખેરાત આપે છે જેનાથી એ વાત સાબિત થાય છે કે લોકો મૈયતોના જીવન વિષે માન્યતા ધરાવે છે કારણ કે જો તે એમ જ સમજતા હોય કે મૈયતો ખરેખર મૃતક છે તો તેમના માટે ખેરાત આપે જ નહીં. મૈયતોના જીવિત હોવા વિષે લોકોની માન્યતા એટલી હદે દૃઢ છે કે આજે દુનિયાના સૌથી વધારે સભ્ય દેશોમાં પણ લોકો પોતાની મૈયતોને ખવડાવવા માટે ફકીરોમાં ખાવાનું વહેંચે છે. તે લોકો માને છે કે જો કોઈ ભૂખ્યા માણસને ખવડાવવામાં આવે તો તેમની મૈયતો કે જેમને ખોરાકની જરૂર હોય છે તેમની ભૂખ સંતોષાય છે. માટે આપણે આ વાત ઉપર આશ્ચર્યચકિત થવું ન જોઈએ કે આદમ અને હવ્વા મોતથી વાકેફ કેમ ન હતા... (અહીં ફરીથી આદમ અને હવ્વા વિષેની નવલકથાનો ઉલ્લેખ થયેલો છે જેનો અનુવાદ કરવો અમને જરૂરી લાગતો નથી.)

આજે મોતનાં ચિહ્નોથી બધા વાકેફ છે અને ડૉકટરો તો આ ચિહ્નોથી અન્ય લોકો કરતાં વધારે વાકેફ છે. પરંતુ તેમ છતાંય ક્યારેક ક્યારેક ડૉકટરો પણ આ બધાં ચિહ્નોને જોઈ લીધા પછી પણ એવું વિચારે છે કે જે માણસને તે મૃત માની રહ્યો છે તે કદાચ જીવિત પણ હોય...

અમે અગાઉ જણાવ્યું છે તેમ ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે માણસ જ્યારે પેદા થાય છે તો કુદરતી રીતે તે સાચો હોય છે અને તેનું ચરિત્ર તેની માન્યતા મુજબનું હોય છે. અને અમે કહી ચૂક્યા છીએ તેમ માણસ કે જેના સર્જનની શરૂઆત વિષે હજુ સુધી વૈજ્ઞાનિકો જાણકારી પ્રાપ્ત કરવામાં સફળ નથી થઈ શક્યા. શરૂઆતમાં માણસ જૂઠુ બોલી શકતો ન હતો. માણસના સર્જનની શરૂઆત વિષે વૈજ્ઞાનિકોના અભિપ્રાયોમાં સાઈઠ મિલ્યન વર્ષનો તફાવત જોવા મળે છે.

કેટલાક માને છે કે આજથી પાંસઠ કે સિત્તેર મિલ્યન વર્ષ પહેલાંનો તે જમાનો છે અને તે જમાનો ડાયનોસૉરના નાશ પામવા પછી તરત જ શરૂ થતો જમાનો છે. માણસનું હાડપિંજર કે જે હમણાં જ ચીનમાં મળી આવ્યું છે, તેના વિષે એવું કહેવામાં આવે છે કે તે આજથી સાઈઠ મિલ્યન વર્ષ જૂનું છે. જો તેનું આયુષ્ય એટલું જ હોય તો જે લોકો એમ માને છે કે માણસ ઉત્ક્રાંતિ (evolution)ના ત્રીજા તબક્કાના અંતમાં અસ્તિત્વમાં આવ્યો તો તેમનું માનવું સાચું છે.

ત્રીજો તબક્કો પૃથ્વીનો એ જમાનો છે કે જ્યારે તેનું હાલનું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું કે જેના પછી ન તો હંમેશાં વરસાદ વરસતો રહેતો કે ન તો પહાડોમાં તિરાડ પાડી દે એવી નદીઓ અસ્તિત્વમાં આવી હતી. નદીઓ અને સમુદ્રો લગભગ આજ કાલના જેવી પરિસ્થિતિમાં હતા. આ તબક્કામાં માણસે પોતાના ગુમનામ વડવાઓ* પછી દુનિયામાં પગ મૂક્યો હતો. તે જમાનામાં માણસ ચોપગો હતો. તેને વાતચીત કરવાની રીત આવડતી ન હતી. તે કૂતરાઓની જેમ ભસતો હતો અને ગર્જના કરતો હતો. એ જમાનામાં માણસ સહેલાઈથી માણસખાઉં પ્રાણીઓનો ખોરાક બની જતો હતો કારણ કે તેનામાં ઝડપથી નાસી જવાની આવડત ન હતી એટલે સુધી કે માણસ તેમની સરખામણીમાં સસલા જેટલી ઝડપે પણ દોડી શકતો ન હતો. તેનું શરીર ઘેટાની જેમ માથાથી લઈને

---

* ગુમનામ જાતિ - અંગ્રેજ વિજ્ઞાનિક ડાર્વિનના મત પ્રમાણે ગુમનામ જાતિ એક એવી જાતિ હતી કે જે એક મોટા વાંદરા અને માણસના વચ્ચેની જાતિ છે જેનું હાડપિંજર હજી સુધી મળી શક્યું નથી. એ પણ યાદ રહે કે જે કાંઈ ડાર્વિને આજકાલના પ્રાણીઓ વિષે કહ્યું છે તે હજુ સુધી થીઅરીના તબક્કામાં જ છે અને તેની ગણના સિધ્ધાંતમાં થઈ શકતી નથી. ખાસ કરીને માણસની જાતિઓના વિવિધ પ્રકારોનો વિષય આ કલ્પનાનો સ્વીકાર કરી જ શકતો નથી. આજ સુધી વિજ્ઞાન એ વાતને જાણી શક્યું નથી કે પહેલા જીવાણુંમાં એવું તો કેવું પરિવર્તન આવ્યું કે માણસની જુદી જુદી જાતિઓ અસ્તિત્વમાં આવી ગઈ? એટલા જ માટે કેટલાક લોકો માને છે કે ગોરા અથવા કાળા માણસો કોઈ અન્ય દુનિયામાંથી આ દુનિયામાં આવ્યા છે.

પગ સુધી ઊનથી ઢંકાયેલું હતું કે જેથી તે ઠંડીનો સામનો કરી શકે. ઘેટાનું શરીર તો કીડા મંકોડાથી સુરક્ષિત રહી શકે છે પરંતુ માણસના ઊનમાં ઘણા બધા કીડા મંકોડા રહેતા હતા અને ઉત્ક્રાંતિના પહેલા તબક્કાના માણસનું કામ જ શરીરને ખંજવાળવાનું હતું. શરૂઆતમાં માણસ માટે પેટ ભરવું પણ એક લાંબી પ્રક્રિયા હતી કારણ કે માણસ ઘાસ ખાતો હતો. સામાન્યતઃ કેલરીવાળુ ઘાસ ઉપલબ્ધ ન હોવાથી માણસને સીધું સાદું કેલરી વગરનું ઘાસ ખાવું પડતું હતું.

જો ડાર્વિનનું માનવું સાચું હોય તો માણસ પોતાના સર્જનની શરૂઆતમાં જમીનથી કોઈ વસ્તુ ઉપાડીને પોતાના મોઢા સુધી લઈ જવાની આવડત પણ ધરાવતો ન હતો કેમકે માણસની આંગળીઓનું સ્વરૂપ આજની આંગળીઓ જેવું ન હતું. વળી માણસ પોતાનું પેટ ભરવા માટે ઘેટાની જેમ ચરતો હતો. ઘણા બધા મિલ્યન વર્ષ પછી માણસની આંગળીઓ હાલના સ્વરૂપમાં પરિવર્તિત થઈ કે જેમના વડે માણસ કોઈ પણ વસ્તુ જમીનથી ઉપાડીને મોઢા સુધી લઈ જઈ શકે.

આજના જમાનાના જાણીતા વૈજ્ઞાનિક માર્શલ માઈક લોહન (Marshall Mike Lohan)ના કથન પ્રમાણે માણસનું પશુતામાંથી આધુનિકતા તરફ આવવાનું કારણ તેનું એ ચાર પગ વડે ચાલવું જ હતું. માણસ ચાલવા માટે ચાર પગ અથવા તો બે હાથ અને બે પગનો ઉપયોગ કરતો હતો માટે તેને મગજના બન્ને ભાગને કામમાં લેવાની ફરજ પડી જેના પરિણામ સ્વરૂપે માણસની બુધ્ધિ વધારે પુખ્ત બની અને તેની અંદર વિચારવાની શક્તિ આવી. માણસે સભ્યતા તરફ આગળ વધવા માટે જે જે નવાં નવાં કાર્યો કર્યાં છે તે માટે વિચાર શક્તિ જરૂરી હતી.

માર્શલ માઈક લોહન કહે છે કે જો વૈજ્ઞાનિક અને સાહિત્યિક ધરોહર કે જે આપણા સુધી આપણા પૂર્વજો પાસેથી પહોંચે છે તે કોઈ યુધ્ધ અથવા તો કોઈ મોટી હોનારતના કારણે નષ્ટ થઈ જાય અને બુધ્ધિજીવી માણસો કે જે ઘણી ખરી બાબતો જાણે છે તે બધા પણ ન રહે અને ફક્ત બાળકો જ રહી જાય અને તે બાળકો સામે સભ્યતાપૂર્ણ જીવનનો નમૂનો જ ન હોય તો માણસ ફરીથી એક પાશવી જાનવરમાં ફેરવાઈ જશે અને આવી રીતે પોતાના કામને સંપૂર્ણતા સુધી પહોંચાડી શકશે નહીં કારણ કે માણસના મગજનો અડધો ભાગ સારી રીતે કાર્ય કરે છે જ્યારે બીજો અડધો ભાગ શાંત હોય છે. એટલા માટે કે માણસ કાં તો જમણા હાથે કાર્ય કરે છે કે પછી ડાબા હાથે. જે લોકો જમણા હાથે કામ કરે છે તે લોકો તે સમયે ડાબા હાથથી કામ લઈ શકતા નથી. આ વાતનો તે લોકો ત્યારે જ અનુભવ કરે છે કે જ્યારે તેઓ ફૂટબોલના મેદાનમાં ડાબા પગ વડે બોલને કીક મારવા જાય છે ત્યારે તેમને ખબર પડે છે કે તેમના ડાબા પગ અને ડાબા હાથ ઉપર તેઓ એટલો કાબૂ નથી ધરાવતા જેટલો કે તે જમણા પગ અને જમણા હાથ ઉપર ધરાવે છે. (ક્રમશઃ)




## ક્ષમા યાચના



અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અને કા'બા વ કિબ્લા આલી જનાબ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ભલી દુઆઓથી હું મેતા નિવાસી **મો.દાઉદભાઈ વલી ચૌધરી** તથા મારાં મહોરદાર **મોમિના હાજરાબેન દાઉદ ચૌધરી**ને માર્ચ-૨૦૧૧માં ઉમ્રહ હજ-ઝિયારત કરવા જવાનું નસીબ પ્રાપ્ત થયેલ છે. અમારું આપ સૌને નિવેદન છે કે અમારા દ્વારા સગા-સંબંધીઓ, મિત્રો, પાડોશીઓ, સહપંથીઓ અને સર્વે મોમિન ભાઈ-બહેનોથી જાણ્યે અજાણ્યે કોઈ ભૂલચૂક થઈ ગઈ હોય તો ક્ષમ્ય ગણીને માફ કરશો. અમારી ઉમ્રહ હજ-ઝિયારત સફળ બને તેવી દુઆ કરશો અને અમે દુઆ ગુઝારીએ છીએ કે પરવરદિગારે આલમ મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓથી દરેક મોમિન ભાઈ-બહેનને ઉમ્રહ હજ-ઝિયારત નસીબ કરે, આમીન.

**-મો.દાઉદ વલી ચૌધરી તથા**
**મો.હાજરાબેન દાઉદ ચૌધરી(મેતા)**

# મિસ્વાક અને મોઢાની તંદુરસ્તી



## Miswak & Oral Health

લેખન : ડૉ.વારિસઅલી હોલ્ડા(ઈલોલ તલાવ)
ડેન્ટલ સર્જન અમદાવાદ મ્યુનિસિપલ કોલેજ

મિસ્વાક(સીવાક) એ સલ્વાડોર પેરસિકા (Salvador Persica)નામના છોડની ડાળ છે. મિસ્વાક(સીવાક) મક્કા અને મધ્ય પૂર્વ વિસ્તારમાં વધારે જોવા મળે છે. આપણા પયગમ્બર(સ.) પોતાના દાંત મુબારકને મિસ્વાક વડે સાફ કરતા હતા. તેમણે ઈ.સ.૫૪૩માં મુસલમાનોને તેનો ઉપયોગ કરવા પ્રેર્યા હતા તેથી મોહંમદ(સ.) પ્રથમ Dental Educator તરીકે પ્રકાશમાં આવ્યા.

હઝરત મોહંમદ(સ.)એ પણ ફરમાવ્યું છે : 'અગર જો મારા અનુયાયી મુસલમાનોનો ભાર વધી જતો ન હોત તો, દરેક નમાઝ પહેલાં મેં મિસ્વાક વડે દાંત સાફ કરવાનું ફરજિયાત કર્યું હોત.'

**મિસ્વાકના ફાયદા** (Advantages)

- ❖ દાંતનો સડો અટકાવે છે.
- ❖ પેઢાના રોગો અટકાવે છે.
- ❖ મોઢાનાં જંતુઓનો નાશ કરે છે.
- ❖ plaque (દાંત પર ચોંટેલાં જંતુઓના સમૂહ)નો નાશ કરે છે.
- ❖ મોઢામાંથી આવતી ખરાબ વાસને દૂર કરે છે.
- ❖ xerostomia (મોઢું સૂકાઈ જવા)નો રોગ અટકાવે છે.

**વૈજ્ઞાનિક અભ્યાસ** (Scienctific Reasearch)

મિસ્વાક(સીવાક) પર કુલ ૭૦ જેટલાં રિસર્ચ થયાં છે જેમાંથી કેટલાંક મહત્વનાં રિસર્ચ નીચે મુજબ છે.

- ❖ એગ્રીકલ્ચર અને ફૂડની જર્નલમાં દર્શાવ્યા પ્રમાણે રિગ્લે કંપની (Wrigley company)એ અભ્યાસમાં તારવ્યું છે કે મિસ્વાકથી ૬૦% જેટલા જંતુઓ નાશ પામે છે. જ્યારે સામાન્ય ટૂથ પેસ્ટ મીન્ટથી ૩.૬% જેટલા જ જંતુઓ નાશ પામે છે.
- ❖ એક સ્વિડીશ વૈજ્ઞાનિકે ઈ.સ. ૨૦૦૮માં પેરીઓડેન્ટલ જર્નલમાં દર્શાવ્યું છે કે જે જંતુઓ પાયોરિયા તથા પેઢાના રોગો ઉત્પન્ન કરે છે તે જંતુઓને જો મિસ્વાકયુક્ત પેટ્રીડીશ (Culture Medium)માં મૂકવામાં આવે તો તે જંતુઓ મરી જાય છે.
- ❖ કેરીઓ યુનિવર્સિટીના માઉથ ડિસીઝના વડાના કહેવા પ્રમાણે મિસ્વાક એ ટૂથપેસ્ટ કરતાં અનેક ગણું ચઢિયાતું છે.
- ❖ મિસ્વાકમાં સિનીગ્રીન, ગેલિક એસિડ, સોડિયમ ક્લોરાઈડ, સોડિયમ બાયકાર્બોનેટ, પોટેશિયમ ક્લોરાઈડ, કેલ્શિયમ ઓક્ઝોલેટ તથા ફ્લોરિન જેવા મહત્વનાં તત્વો હોય છે જે એક આદર્શ ટૂથપેસ્ટની ગરજ સારે છે.
- ❖ વળી, અમેરિકાની ટિનિસે યુનિવર્સિટી (Tennesse University)ના ઓરલ મેડિસીનના વડા ડૉ.જેમ્સ ટર્નરે પણ સ્વીકાર કર્યો છે કે મિસ્વાકમાં રહેલો સલ્ફર તથા સાઈટોસ્ટેરોલ-B મોઢાનાં જંતુઓનો નાશ કરે છે.

**મિસ્વાક ક્યારે કરવું ?**

દરેક ભોજનની ૨૦ મિનિટ પછી જો મોઢાને સાફ કરવામાં આવે તો દાંત ઉપર ચોંટેલા તથા દાંતોની વચ્ચે ફસાયેલા ખોરાકમાં રહેલી સુગરથી મોઢાંના જંતુઓ એસિડ ઉત્પન્ન કરે છે જે દાંત તથા પેઢાને નુકસાન કરે છે.

આમ, દરેક ભોજન પહેલાં મિસ્વાક કરવાથી જંતુઓ મરી જાય છે અને દાંતને તથા પેઢાને નુકસાન થતું અટકે છે.

આમ, સાબિત થયું કે મોહંમદ(સ.)એ બતાવેલ મિસ્વાકથી ઘણા ફાયદા છે અને આજે મેડિકલ સાયન્સે માનવું પડ્યું છે કે આજની ટૂથપેસ્ટ કરતાં મિસ્વાકથી ઘણા ફાયદા છે. એક ઉક્તિ છે કે **'PREVENTION IS BETTER THAN CURE'.**

પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત



# જુંબિશે લબ — جُنبشِ لب

## નઝમ ૧૯

### બહુઝૂર હઝરત ઈમામ અલી નકી(અ.)

اے علیؑ، ابنِ محمدؑ، اے امام المتقیں — **અય અલી(અ.) ઈબ્ને મોહંમદ(અ.), અય ઈમામુલ મુત્તકીં,**
اے نہم فرزندِ زہراؑ اے دہم سردارِ دیں — **અય નહુમ ફરઝંદે ઝહરા(અ.) અય દહુમ સરદારે દીં.**

(અય મોહંમદ તકી(અ.)ના ફરઝંદ ઈમામ અલી નકી(અ.) ! અય પરહેઝગાર (મુત્તકી) લોકોના ઈમામ! અય જનાબે ફાતેમા ઝહેરા(અ.)ના નવમા ફરઝંદ ! અય દીને ઈસ્લામના દસમા સરદાર !)

ہے سلف سے تا خلف کیسا منور سلسلہ — **હૈ સલફ સે તા ખલફ કૈસા મુનવ્વર સિલસિલા,**
حجتِ قائم کے جد اے ابنِ ختم المرسلیں — **હુજ્જતે કાએમકે જદ અય ઈબ્ને ખત્મુલ મુર્સલીં.**

(આપના વડવાઓથી માંડીને આપના સંતાનો સુધીનો આપનો વંશવેલો (સિલસિલો) કેવો (નૂરથી) પ્રકાશિત છે ! અય છેલ્લા પયગમ્બર(સ.)ના ફરઝંદ ઈમામ અલી નકી(અ.) ! આપ તો હુજ્જતે કાએમ મોહંમદ મહદી(અ.)ના (માનવંતા) દાદા છો.)

آپ ہیں حاجت روائے خلق یا شاہِ زمن — **આપ હૈ હાજતરવાંએ ખલ્ક, યા શાહે ઝમન,**
آپ مخلوقِ الٰہی کے ہیں حامی و مُعیں — **આપ મખ્લૂકે ઈલાહી કે હૈ હામી વ મોઈં.**

(અય જમાના બાદશાહ ! આપ તો દુનિયાની હાજતો પૂરી કરનારા છો. આપ અલ્લાહ તઆલાની મખ્લૂકની હિમાયત કરનારા અને સહાય કરનારા છો.)

فرض ہے ہر عبدِ موسیٰؑ پر مودت آپکی — **ફર્ઝ હૈ હર અબ્દે મૂસા(અ.) પર મોવદ્દત આપકી,**
اور واجب آپ کی برحق امامت کا یقیں — **ઔર વાજિબ આપકી બરહક ઈમામતકા યકીં.**

(ઈમામ મૂસા કાઝિમ(અ.)ના દરેક સેવક ઉપર આપની સાથે દોસ્તી રાખવી ફરજ છે વળી આપની બરહક ઈમામત ઉપર યકીન રાખવું પણ વાજિબ છે.)

ہے وہ ناجی جس کو ہو مولیٰ تمسک آپ سے — **હૈ વો નાજી જિસકો હો મૌલા તમસ્સુક આપસે,**
خُلد ہے جاگیر اُس کی اے شفیع المذنبیں — **ખુલ્દ હૈ જાગીર ઉસકી અય શફીઉલ મુઝનબીં.**

(અય મૌલા ! આપની સાથે જે સંકળાયેલો છે તે જન્નતી છે. અય ગુનેગારોની શફાઅત કરનારા ! આવા માણસની જાગીર જન્નત છે.)

انس و جاں کا ذکر کیا ہے اے شہِ کون و مکاں — **ઈન્સો જાં કા ઝિક્ર ક્યા હૈ અય શહે કૌનો મકાં,**
آستاں پر آپ کے خم ہے ملائک کی جبیں — **આસ્તાં પર આપકે ખમ હૈ મલાએકકી જબીં.**

(અય જગતના બાદશાહ ! માણસો અને જિન્નાતોની શી વિસાત છે ! આપના રોઝાની ચોખટ ઉપર તો ફરિશ્તાઓનાં કપાળ પણ ઝુકેલાં છે.)

اک نگاہِ لطف میں ہے دین ودنیا کی فلاح **ઈક નિગાહે લુત્ફમેં હૈ દીનો દુન્યાકી ફલાહ,**

ذاتِ انور آپکی ہے نورِ افلاک وزمیں **ઝાતે અનવર આપકી હૈ નૂરે અફલાકો ઝમીં.**

(આપની એક જ કૃપા દૃષ્ટિમાં દીન અને દુનિયા બન્નેની ભલાઈ સમાયેલી છે. આપની ઉજ્જવળ ઝાત જ આકાશો અને જમીનનું નૂર છે.)

ناخنِ پا کا کرشمہ خرقِ عادت ہے شہا! **નાખુને પા કા કરિશ્મા ખિર્કે આદત હૈ શહા,**

معجزے ہیں آپ کے، یا حق کی آیاتِ مُبیں **મોઅજિઝે હૈ આપકે યા હકકી આયાતે મુબીં.**

(અય શાહ ! આપના મુબારક પગના નખનો ચમત્કાર તો આદત અને કુદરતના કાનૂનની વિરૂધ્ધ અનોખી બાબત છે. આપના આ ચમત્કારો છે કે પછી હક તઆલાની સ્પષ્ટ આયતો (નિશાનીઓ) છે ?)

دولتِ دنیا ودیں ہے اک نگاہِ مرحمت **દૌલતે દુન્યા વ દીં હૈ એક નિગાહે મર્હમત,**

جوہر تیغِ علیؑ ہے، آپ کی چینِ جبیں **જૌહરે તેગે અલી હૈ આપકી ચીને જબીં.**

(આપની એક કૃપા દૃષ્ટિ દીન અને દુનિયાની દોલત સમાન છે અને આપના કપાળ ઉપરની કરચલી (અર્થાત આપની અપ્રસન્નતા) હઝરત અલી(અ.)ની તલવારની ખાસિયત સમાન છે.)

سارا عالم ہو تہہ وبالا قیامت ہو بپا **સારા આલમ હો તહોબાલા કયામત હો બપા,**

غیظ میں آکر جو مولیٰ آپ اُلٹ دیں آستیں **ગૈઝમેં આકર જો મૌલા આપ ઉલટ દેં આસ્તીં.**

(અય મૌલા ! જો આપ ગુસ્સામાં આવી જઈને આપના પહેરણની બાંયને ઊંધી કરી નાખો તો સમગ્ર વિશ્વમાં ઉથલ પાથલ થઈ જાય અને કયામત સર્જાઈ જાય.)

ہے ظہیرؔ اُمیّد وارِ لطف ورحمت اے حضور **હૈ 'ઝહીર' ઉમ્મીદવારે લુત્ફો રેહમત અય હુઝૂર,**

آپ کے در پر جبیں فرسا ہے یا سُلطانِ دیں **આપકે દર પર જબીં ફર્સા હૈ યા સુલ્તાને દીં.**

(અય હુઝૂર ! '**ઝહીર**' આપની કૃપા અને રહેમતના ઉમેદવાર છે. અય દીનના બાદશાહ ! તેણે આપના દ્વાર ઉપર પોતાનું કપાળ રગડ્યું છે.) *

## શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા

**ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ, ઝહીરાબાદ ખાતે મળેલ સ્વૈચ્છિક યોગદાન**

રૂા.૬,૦૦૦/- મો.બંદએ ખુદા(જેઠીપુરા)તરફથી

રૂા.૬,૦૦૦/- મો.ઝાકિરઅલી જલાલભાઈ પટેલ(મહેરપુરા)

રૂા.૧૦,૦૦૦/- હોટલ પેરેમાઉન્ટ, હિંમતનગર

રૂા.૬,૦૦૦/- મો.હાજી ખાંનજીભાઈ ઈબ્રાહીમભાઈ પટેલ(મહેરપુરા)

રૂા.૧,૦૦૦/- મો.શબ્બીરઅલી કાસમભાઈ વેપારી(ઈલોલ તલાવ) પલંગ પેટે

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દાતાઓના હકમાં દુઆ ગુઝારે છે.





**ભાગ-૩**

## બોધ વચનો અને ઉપદેશો

<u>હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)</u>

**(૩૧૪) ઈંટનો જવાબ ઈંટ :**

જ્યાંથી પથ્થર આવે ત્યાં જ ફેંકી દો કેમકે બૂરાઈનો જવાબ બૂરાઈ જ હોય છે.

**(૩૧૫) અક્ષરોનું સૌંદર્ય :**

આપે પોતાના કાતિબ અબ્દુલ્લાહ બિન અલી રાફેઅને ફરમાવ્યું, તમારા ખડિયામાં વરિયાળી નાખ્યા કરો અને તમારી કલમની જીભ લાંબી રાખ્યા કરો, લીટીઓ વચ્ચે અંતર રાખો અને અક્ષરોને સાથે મેળવીને લખ્યા કરો કેમકે તેનાથી લખાણ ઘણું આકર્ષક બની જાય છે.

**(૩૧૬) મોમિનોનો યાસૂબ(નેતા) :**

હું મોમિનોનો સરદાર છું અને માલ ગુનેહગારોનો સરદાર.

(અર્થાત : ઈમાનવાળાઓ મારી પયરવી કરે છે અને ગુનેહગારો દુરાચારી માલના ઈશારે ચાલ્યા કરે છે. જેવી રીતે મધમાખી પોતાની રાણી (સરદાર)ની પયરવી કરે છે. -સૈયદ રઝી.)

**(૩૧૭) એક યહૂદીનું મેણું :**

એક યહૂદીએ આપને મેણું માર્યું કે તમે મુસલમાનોએ પોતાના પયગમ્બર(સ.)ના દફન પછી જ લડવાનું શરૂ કરી દીધું તો આપે ફરમાવ્યું કે અમે તેના જાનશીન પર મતભેદ કર્યા છે, તેમનાથી વિરોધ નથી કર્યો પણ તમે યહૂદીઓના પગ નાઈલ નદીના પાણીથી સૂકાયા પણ ન હતા કે તમે પોતાના પયગમ્બરને કહી દીધું કે અમારે પણ એવો જ ખુદા જોઈએ કે જેવો આ લોકો પાસે છે જેના પર પયગમ્બરે કહ્યું કે તમે જાહિલ કોમ છો.

**(૩૧૮) ગલ્બાનું કારણ :**

આપને પૂછવામાં આવ્યું કે આપ બહાદુરો પર કેવી રીતે વિજય મેળવો છો? તો આપે ફરમાવ્યું કે જે શખ્સનો સામનો કરું છું એ પોતે જ પોતાની વિરૂધ્ધ મારી મદદ કરે છે.

(અર્થાત તેના દિલમાં મારી ધાક બેસી જાય છે.-સૈયદ રઝી)

**(૩૧૯) ભૂખ નિર્ધનતાનો ડર :**

આપે પોતાના પુત્ર મોહંમદ હનફીયાથી ફરમાવ્યું, અય પુત્ર ! હું તમારા સંબંધમાં ગરીબી અને નિર્ધનતાથી ડરું છું, એટલે તમે એનાથી અલ્લાહની પનાહ માગો કે ગરીબી દીનની કમજોરી, બુધ્ધિની પરેશાની, અને લોકોના ધિક્કારનું કારણ બની જાય છે.

**(૩૨૦) રસૂલ(સ.)ની રીત :**

એક શખ્સે એક અઘરો પ્રશ્ન પૂછી નાખ્યો તો આપે ફરમાવ્યું કે સમજવા માટે પૂછો, મૂંઝવણમાં પડવા માટે નહીં કેમકે જો જાહિલ પણ શીખવા માગે તો તે આલિમ જેવો છે અને આલિમ પણ જો ગૂંચવણમાં પડવા માગે તો તે જાહિલ જેવો છે.

**(૩૨૧) એક મશ્વેરો :**

અબ્દુલ્લાહ બિન અબ્બાસે આપના દૃષ્ટિબિંદુની વિરૂધ્ધ આપને મશ્વેરો આપ્યો તો કહ્યું તમારું કામ મશ્વેરો આપવાનું છે, ત્યાર પછી રાય (નિર્ણય) મારી છે એટલે અગર હું તમારી વિરૂધ્ધ પણ રાય નક્કી કરી લઉં તો તમારી ફરજ મારી આજ્ઞા પાળવાની છે.

**(૩૨૨) મરનારા પર રોવું :**

રિવાયતમાં આવ્યું છે કે જયારે આપ સિફ્ફીનથી પાછા ફરતાં કુફા ઉતર્યા તો આપ શબામના કબીલા પાસેથી પસાર થયા કે જયાં સ્ત્રીઓ સિફ્ફીનમાં માર્યા જનારાઓ પર વિલાપ કરી રહી હતી. એટલામાં હરબ બિન શરજીલ શબામી કે જે કબીલાનો સરદાર હતો, હઝરતની સેવામાં હાજર થયો તો આપે ફરમાવ્યું, તમારી ઓરતો પર તમારું ચાલતું નથી. જો હું આ કલ્પાંત સાંભળી રહ્યો છું અને તમે તેમને આ રીતના વિલાપથી મના કેમ નથી કરતા. એમ કહીને આપ આગળ વધી ગયા તો હરબ પણ આપની સવારી પાછળ ચાલવા લાગ્યો. આપે ફરમાવ્યું, જાઓ પાછા જાઓ. હાકિમની સાથે આ રીતે પગપાળા ચાલવું હાકિમના માટે ફિત્નો છે અને મોમિનના માટે હિણપતનું કારણ.

**(૩૨૩) નહેરવાનના ખારજીઓ :**

નહેરવાનના પ્રસંગે આપ ખારજીઓના મરેલાઓ પાસેથી પસાર થયા તો ફરમાવ્યું કે તમારા ભાગ્યમાં માત્ર વિનાશ અને બરબાદી છે જેમણે તમને બહેકાવ્યા હતા તેમણે તમને ધોકો પણ આપ્યો હતો.

લોકોએ પૂછ્યું કે આ ધોકો તેમને કોણે આપ્યો હતો ? ફરમાવ્યું, ગુમરાહ કરનાર શયતાને અને નફસે અમ્મારાએ. તેણે તેમને આરઝૂઓમાં ગૂંચવી નાખ્યા અને ગુનાહોના રસ્તા ખોલી નાખ્યા અને તેમનાથી વિજયનો વાયદો કર્યો જેના પરિણામે તેમને જહન્નમમાં ફેંકી દીધા.

**(૩૨૪) ખુદાની નાફરમાનીથી ડરો :**

એકાંતમાં પણ ખુદાની અવગણનાથી બચો કેમકે જે જોવાવાળો છે એ જ ફેંસલો કરનારો છે.

**(૩૨૫) મોહંમદ ઈબ્ને અબીબકરનું મૃત્યુ :**

જયારે આપને મોહંમદ બિન અબીબકરની શહાદતની ખબર મળી તો ફરમાવ્યું કે મારો ગમ મોહંમદ પર એટલો જ છે કે જેટલી દુશ્મનને ખુશી છે. ફરક માત્ર એટલો છે કે દુશ્મનનો એક દુશ્મન ઓછો છે અને મારો એક દોસ્ત.

**(૩૨૬) માફી માગવાની વય મર્યાદા :**

જે વય પછી પરવરદિગાર આદમના સંતાનોનું બહાનું કબૂલ નથી કરતો તે સાઠ વરસ છે.

**(૩૨૭) ખોટી રીતે સફળતા :**

જેના પર ગુનાહ ચડી બેસે તે વિજયી નથી કેમકે બદી (દુષ્ટતા) મારફત વિજય પામનાર પરાજિત જ હોય છે.

**(૩૨૮) ફકીરોનો હિસ્સો :**

પરવરદિગારે માલદારોના માલમાં ગરીબોની રોઝી રાખી છે એટલે જયારે પણ કોઈ ફકીર ભૂખ્યો હશે તો એનો અર્થ એ કે માલદારે પૈસો સમેટી લીધો છે અને પરવરદિગાર કયામતના દિવસે તેની પૂછપરછ જરૂર કરનાર છે.

**(૩૨૯) બહાનું કાઢવું :**

બહાનું કાઢવું અને ક્ષમા માગવાથી બેપરવાહી સાચું બહાનું રજૂ કરવાથી વધારે પ્રિય છે.

**(૩૩૦) નેઅમતોનો દુરૂપયોગ :**

ખુદાનો ઓછામાં ઓછો હક એ છે કે તેણે આપેલી નેઅમતથી તેના ગુનાહ ન આચરો. *

**ટહુકો** ફેબ્રુ.-૨૦૧૧ના અંકમાં પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)નો લેખ **'શ્રધ્ધા-અંધશ્રધ્ધા'** વાંચીને દિલ ખુશ થઈ ગયું. બાવા સાહેબના ચિંતનનો સીધો લાભ 'જાફરી આવાઝ'ના માધ્યમ દ્વારા અમને પહોંચે છે અને હજારો મોમિનોના ઈમાનમાં તાઝગી ભરી દે છે.

રસૂલે ખુદા(સ.)એ સાચું જ ફરમાવ્યું છે કે -

**'કોઈ આલિમનો તે એક કલાક કે જે દરમિયાન તે પોતાના બિસ્તર પર તકીયો લગાવીને ચિંતન કરે છે તે, કોઈ આબિદની સિત્તેર વરસની ઈબાદત કરતાં** બેહતર છે.' **- મો.મંજૂરહુસૈન આઈ. પટેલ(કનાઈ)**

**કુરઆને મજીદના**

# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૬૭ સૂરએ મુલ્ક**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **બેશક જેઓ જોયા વિના પોતાના પરવરદિગારથી ડરતા રહે છે તે લોકો માટે ગુનાહોની માફી અને મોટો બદલો છે. (૧૨)**

**અને તમે તમારા બોલોને (ચાહે) સંતાડો યા જાહેર કરો, બેશક અલ્લાહ તો મનની વાતોથી ખૂબ વાકેફ છે જ. (૧૩)**

**શું જેણે (સર્વે કાંઈ) પેદા કર્યું છે તે (પોતાના સર્જનથી) નાવાકેફ હોય ? અને તે સુક્ષ્મદર્શી અને ખબરદાર છે. (૧૪)**

**તે એ જ છે કે જેણે તમારા માટે જમીનને નરમ તથા સપાટ કરી દીધી છે, જેથી તમે તેના માર્ગોમાં ચાલો ફરો અને તેની (આપેલી) રોજીમાંથી ખાઓ પીઓ; અને તેની જ તરફ તમો સર્વેનું (કબરોમાંથી) ઊઠીને પાછું જવાનું છે. (૧૫)**

જે લોકો ગુનાહોથી બચે છે અને પોતાના રબના અઝાબથી છૂપી રીતે ડરે છે અને તે અઝાબને ન જોયો હોવા છતાં ભય રાખી ગુનાહ કરતા નથી અને કોઈ પણ વાજિબ કામને છોડતા નથી તો એ પ્રમાણે વર્તનાર નિર્મળ મોમિન છે.

કુરેશના કુફ્ફારો પોતાની સારી હાલત ઉપર ગર્વ કરી હઝરત રસૂલે ખુદા(સ.)ની શાનમાં આડી અવળી વાતો કરતા હતા અને જ્યારે હઝરત ઉપર વહી નાઝિલ થઈ અને કાફરોની છૂપી વાતો જાહેર થઈ ગઈ તો તેમણે આપસમાં નક્કી કર્યું કે આપણે મોહંમદ(સ.)થી છૂપી રીતે ધીમે ધીમે વાતો કરવી જોઈએ કે જે ખુદા સાંભળીને તેને કહી શકે નહીં. તે વખતે આ આયત નાઝિલ થઈ.

જેણે સર્વે કંઈ પેદા કર્યું છે તે શું પોતાના સર્જનથી કંઈ નાવાકેફ હોય ખરો ? તે દરેક બંદાના દિલની વાતને જાણી શકે છે અને તે સુક્ષ્મદર્શી વાતોથી જાણકાર છે. મુસય્યબથી વર્ણન છે કે એક વ્યક્તિ રાતના વખતે કોઈ જગ્યાએ જઈ રહી હતી ત્યારે હવા જોરથી ચાલી અને પુષ્કળ પાંદડાં ખરી પડ્યાં તો તેના દિલમાં વિચાર આવ્યો કે આ પાંદડાં ખર્યા તેની ખુદાને શું ખબર હોય ? ત્યારે તેણે ગેબથી આ આયતનાં વાક્યો સાંભળ્યા.

અલ્લાહ એ છે કે જેણે તમારા માટે જમીનને નરમ અને સપાટ કરી દીધી છે, તેના માર્ગ ઉપર ચાલો અને રોજી મેળવો, તમે ખેતી કરો, ઘર બનાવો અને કુદરતે અતા કરેલ નેઅમતોનો શુક્ર અદા કરો.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **શું તમે આ વાતથી નિર્ભય થઈ ગયા છો કે જે (ફરિશ્તા)ઓ આસમાનમાં છે તેઓ તમને જમીનમાં ધસાવી દે ? એવી સ્થિતિમાં કે તે ધ્રુજતી પણ હોય. (૧૬)**

**અથવા શું તમે એ વાતથી નિર્ભય થઈ ગયા છો કે જે આસમાનમાં છે તેઓ તમારા પર પથ્થરનો વરસાદ મોકલી આપે ? પછી તરત તમે જાણી જ લેશો કે મારું બીવરાવવું કેવું છે. (૧૭)**

**અને ખચીત જ તે લોકોએ કે જેઓ તેમની પહેલાં હતા (સત્યને) જૂઠલાવ્યું હતું, જેથી મારી નાખુશી(ની શિક્ષા) કેવી હતી ! (૧૮)**

**શું તેઓ પક્ષીઓ તરફ નિહાળતા નથી કે તેઓ તેમના ઉપર (કેવી રીતે) પાંખો ફેલાવે છે અને ભેગી કરી લે છે ? સિવાય દયાળુ અલ્લાહના બીજો કોઈ તેમને થંભાવી રાખતો નથી; ખરે જ દરેક વસ્તુ પર તેની જ દૃષ્ટિ છે. (૧૯)**

**ભલા આ(લોકો)માંથી અલ્લાહના સિવાય એવો કોણ છે કે જે તમારું લશ્કર બની તમારી સહાય કરે ? નાસ્તિકો માત્ર ધોકામાં જ છે. (૨૦)**

અય કાફરો ! જે આસમાનોમાં છે તે તમને જમીનમાં ધસાવી દે તેથી શું તમે નિશ્ચિંત થઈ ગયા છો ? તમને જમીનમાં ધસાવ્યા પછી જમીન હલવા અને ધ્રુજવા લાગે એટલે સુધી કે કારૂન જેવો હાલ

થઈ જાય. જે આસમાનમાં છે એ આવ્યું તેનાથી મુરાદ ખુદા છે કેમકે કાફરો પોતાની સમજ પ્રમાણે કહેતા હતા કે ખુદા આસમાનોમાં છે તેથી ખુદાએ તેમની એ સમજ પ્રમાણે ફરમાવ્યું અને જે આસમાનમાં છે તેથી મુરાદ મલાએકા અને જનાબે જિબ્રઈલ પણ થઈ શકે છે અને એનો અર્થ એમ પણ થઈ શકે છે કે ખુદાની આસમાનમાં બાદશાહી (મલાએકા, અર્શ, કુરસી વગેરે) છે તે તમને ધસાવી દે, ઈત્યાદી.

જે આસમાનમાં છે તેઓ તમારા ઉપર પથ્થરનો વરસાદ મોકલી આપે તે વાતથી શું તમે નિર્ભય થઈ ગયા છો ? જ્યારે તમે એ વાત જાણી લેશો કે અમારું ડરાવવું કેવું છે, પણ તે વખતનું જાણવું કંઈ ફાયદો પહોંચાડશે નહીં.

અલ્લાહ પોતાના હબીબને આશ્વાસન આપવા ફરમાવે છે કે આ લોકોના પહેલાં જે લોકો હતા તેમણે પયગમ્બરને જૂઠલાવ્યા અને તેઓ પોતાનાં ખરાબ કૃત્યોના કારણે હલાક થઈ ગયા. તેઓ માટે અમારો કેવો અઝાબ હતો ?

શું તેઓ પક્ષીઓ તરફ નિહાળતા નથી કે તેઓ પોતાની પાંખો કેવી ફેલાવે છે અને ભેગી કરી લે છે? મહેરબાન અલ્લાહ સિવાય કોઈ તેમને થંભાવી રાખતો નથી. સર્વે ચીજો ઉપર અલ્લાહ તઆલા શક્તિમાન છે.

ભલા આ લોકોમાંથી અલ્લાહના સિવાય બીજો કોણ છે જે તમારું લશ્કર બનીને તમારી સહાય કરે ? અને નાસ્તિકો માત્ર ધોકામાં જ છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **ભલા આ (લોકો)માંથી કોઈ એવો છે જે જો અલ્લાહ પોતાની રોઝી રોકી લે તો તે તેમને રોઝી આપે ? વાત આ છે કે આ (નાસ્તિકો) શીરજોરી(અને સત્ય)થી ફરી જવા ઉપર અડી બેઠા છે. (૨૧)**

**ભલા જે પોતાનું મોઢું નીચું ઘાલીને ઊંધા મોઢે ચાલી રહ્યો હોય તે વધારે હિદાયત મેળવેલો છે કે જે સરખો ઊભો રહી સન્માર્ગે ચાલી રહ્યો હોય તે?(૨૨)**

**(અય રસૂલ !) તું કહે કે તે એ જ છે કે જેણે તમને હસ્તિમાં આણ્યા તથા તમારા માટે કાન તથા આંખો તથા અંતઃકરણો બનાવી આપ્યાં, (છતાં) તમે ઘણો જ ઓછો પાડ માનો છો. (૨૩)**

**તું કહે કે તે એ જ છે કે જેણે તમને જમીનમાં ફેલાવી દીધા છે અને તેની જ હુઝૂરમાં તમે (પાછા) એકઠા કરવામાં આવશો. (૨૪)**

**અને તેઓ આ કહે છે કે જો તમે સાચા છો (તો કહો) એ વાયદો (પૂરો) ક્યારે થઈને રહેશે?(૨૫)**

જો અલ્લાહ પોતાની રોઝી બંધ કરી લે તો તમને બીજો કોઈ રોઝી આપશે ખરો ? જો વરસાદ ન આવે, ખેતીવાડીમાં તીડોની આફત આવે તો તે સિવાય બીજો કોણ રોઝી આપનાર છે ? કાફર લોકોએ નાફરમાની કરવા અને અભિમાન કરવા માટે સાચા રસ્તાથી અણગમો રાખી નાસી જવાની હઠ પકડી છે.

ખુદા મોમિનોને કાફરોનો દાખલો બયાન કરે છે કે ભલા જે પોતાનું મોઢું નીચું ઘાલી ઊંધા મોઢે ચાલી રહ્યો હોય તે વધારે હિદાયત મેળવેલો છે કે જે સીધો ઊભો રહી સન્માર્ગે ચાલી રહ્યો હોય તે ?

અય મોહંમદ(સ.) ! તું કહે કે ખુદા એ છે કે જેણે પોતાની કુદરતથી તમારું સર્જન કર્યું અને તમારા માટે કાન પેદા કર્યા જેથી તમે તેના કલામ સાંભળો, આંખો બનાવી જેથી ખુદાની કારીગરી જુઓ, દિલ બનાવ્યાં જેથી ખુદાના કલામને સમજો, પણ તમે લોકો ઘણો જ ઓછો આભાર માનો છો.

એ કાફરોને કહો કે ખુદાએ તમને જમીનમાં ઈબાદત માટે પેદા કર્યા છે અને તેની જ તરફ તમને કયામતમાં ભેગા કરવામાં આવશે અને તમે સારાં નરસાં કૃત્યોનો બદલો પામશો.

અને મુશરિકો પયગમ્બર અને તેના અસહાબોને મશ્કરીપૂર્વક કહે છે કે જો તમે સાચા હો તો કહો કે જમીનમાં ધસી જવાનો, પથ્થરનો વરસાદ થવાનો અને કયામત આવવાનો વાયદો ક્યારે સાચો પડશે?(ક્રમશઃ)

# ઝિંદગી — زندگی



જનાબ ઈફ્તેખાર અઝમી

ઝિંદગી સદકો સફાકા નામ હૈ,
ઝિંદગી સોઝો સદાકા નામ હૈ,
લયલા આહંગ ફિતરતકી અઝાં,
ઝિંદગી નત્કે ખુદાકા નામ હૈ.

ઝિંદગી ક્યા હૈ યે કિસ્કા નામ હૈ,
અબ્રકા હૈ યા હવાકા નામ હૈ,
નૌઅરૂસે ફિકકી મશાતગી,
ઝિંદગી દસ્તે ખુદાકા નામ હૈ.

સૂરએ રહમાનકા આહંગ હૈ,
તાજદારે *હલ અતા* કા નામ હૈ,
ઝેરે ખંજર સજદએ શુક્રે ખુદા,
ઝિંદગી હર્ફે વફાકા નામ હૈ.

ઝિંદગીકી મંઝિલે અવ્વલ ખુદી,
ઔર ખુદીકી ઈન્તેહા હૈ બંદગી,
બંદગીકી મંઝિલે અવ્વલકા નામ,
ઝૈગમેં હક, દસ્તે હક મૌલા અલી.

ઝિંદગી ખેતોંમેં મઝદૂરીકા નામ,
કુવ્વતે બાઝૂએ મહેનત ઝિંદગી,
દશ્તે દિલમેં નકશે પા હૈ મુર્તઝા,
જઝ્બએ ઈમાનકી શિદ્દત ઝિંદગી.

નગમએ ઈમાને દાવર ઝિંદગી,
કુલ્ઝુમે ખૂં કી શિનાવર ઝિંદગી,
કારસાઝી દસ્તગીરી આગહી
કુવ્વતે બાઝૂએ હૈદર ઝિંદગી.

زندگی صدق و صفا کا نام ہے
زندگی سوز و صدا کا نام ہے
لیلیٰ آہنگ فطرت کی اذاں
زندگی نطق خدا کا نام ہے

زندگی کیا ہے یہ کس کا نام ہے
ابر کا ہے یا ہوا کا نام ہے
نوعروس فکر کی مشاطگی
زندگی دست خدا کا نام ہے

سورۂ رحمٰن کا آہنگ ہے
تاجدار ہل اتیٰ کا نام ہے
زیر خنجر سجدۂ شکر خدا
زندگی حرف وفا کا نام ہے

زندگی کی منزل اوّل خودی
اور خودی کی انتہا ہے بندگی
بندگی کی منزل اوّل کا نام
ضیغم حق، دست حق مولا علیؑ

زندگی کھیتوں میں مزدوری کا نام
قوت بازوئے محنت زندگی
دشت دل میں نقش پائے مرتضیٰ
جذبۂ ایماں کی شدت زندگی

نغمۂ ایمان داور زندگی
قلزم خوں کی شناور زندگی
کارسازی دست گیری آگہی
قوت بازوئے حیدرؑ زندگی

| | |
|---|---|
| ખાનએ હકકા મુકદ્દર ઝિંદગી, | خانۂ حق کا مقدر زندگی |
| જુહ્દે ઈબ્રાહીમ વ આઝર ઝિંદગી, | جہد ابراہیمؑ و آذر زندگی |
| દસ્તે કુનમેં ગુંજતી હૈ એક સદા, | دشتِ کنؑ میں گونجتی ہے اک صدا |
| નાઅરએ મૌલાએ કમ્બર ઝિંદગી. | نعرۂ مولائے قنبرؑ زندگی |
| | |
| ઝિંદગી *'વલ્લૈલ'* કા ઈરફાન હૈ, | زندگی وَاللَّیل کا عرفان ہے |
| ઝિંદગી *'વશ્શમ્સ'* કી તફસીર હૈ, | زندگی وَالشَّمس کی تفسیر ہے |
| અઝદહામે ઝુલ્મતો ઔહામમેં, | اژدہامِ ظلمت و اوہام میں |
| બાએ *'બિસ્મિલ્લાહ'* કી તન્વીર હૈ. | بائے بسم اللہ کی تنویر ہے |
| | |
| ઝિંદગી હૈ કારગાહે ખૈરો શર, | زندگی ہے کارگاہِ خیر و شر |
| ઝિંદગી તન્વીરે ઐવાને સહર, | زندگی تنویرِ ایوانِ سحر |
| ઝિંદગી ખુલ્કે હુસ્નકી રોશની, | زندگی خُلقِ حسن کی روشنی |
| ઝિંદગી દશ્તે મુહબ્બતકા સફર. | زندگی دشتِ محبت کا سفر |
| | |
| મુસ્હફે યઝદાંકા જૌહર ઝિંદગી, | مصحفِ یزداں کا جوہر زندگی |
| નાઅરએ અલ્લાહો અકબર ઝિંદગી, | نعرۂ اللہ اکبر زندگی |
| ઝિંદગી મયસમકે ચહેરેકા ગુબાર, | زندگی میثمؑ کے چہرے کا غبار |
| સીરતે સલ્માનો'બૂઝર ઝિંદગી. | سیرتِ سلمانؑ و بوذرؑ زندگی |
| | |
| શાહિદે રંગીં કબા હૈ ઝિંદગી, | شاہدِ رنگیں قبا ہے زندگی |
| મંઝિલે સબ્રો રઝા હૈ ઝિંદગી, | منزلِ صبر و رضا ہے زندگی |
| દશ્તે દિલમેં મંઝિલે ઈર્ફાને હક, | دشتِ دل میں منزلِ عرفانِ حق |
| ઈન્કિલાબે કરબલા હૈ ઝિંદગી. | انقلابِ کربلا ہے زندگی |
| | |
| લશ્કરે હકકી કયાદત ઝિંદગી, | لشکرِ حق کی قیادت زندگی |
| મંઝિલે એહલે સદાકત ઝિંદગી, | منزلِ اہلِ صداقت زندگی |
| નોકે નેઝા પર દિયારે મર્ગમેં, | نوکِ نیزہ پر دیارِ مرگ میں |
| મુસ્હફે હકકી તિલાવત ઝિંદગી. | مصحفِ حق کی تلاوت زندگی |

| | |
|---|---|
| ઝિંદગી શોરે જરસ, બાંગે દિરા, | زندگی شورِ جرس ، بانگِ درا |
| ઝિંદગી જામે શહાદતકા મઝા, | زندگی جامِ شہادت کا مزا |
| મુસ્કુરાહટ અસગરે મા'સૂમકી, | مسکراہٹ اصغرِ معصوم کی |
| ઝિંદગી ખૂને શહીદાને વફા. | زندگی خونِ شہیدانِ وفا |
| | |
| ઝિંદગી હૈ મૌતસે બાઝીકા નામ, | زندگی ہے موت سے بازی کا نام |
| ઝિંદગી હૈ જાન દેનેકી અદા, | زندگی ہے جان دینے کی ادا |
| બેદયારીએ હુર્રિયતકે નામ પર, | بے دیاری ، حریت کے نام پر |
| ઝિંદગી મયદાંમેં ઝખ્મોંકી કબા. | زندگی میداں میں زخموں کی قبا |
| | |
| કોહે ફારાંકા તબસ્સુમ ઝિંદગી, | کوہِ فاراں کا تبسم زندگی |
| તૂરે સિનાકા તરન્નુમ ઝિંદગી, | طورِ سینا کا ترنم زندگی |
| તીર ખાકર મુસ્કુરાનેકી અદા, | تیر کھا کر مسکرانے کی ادا |
| ખુશ્ક હોઠોંકા તકલ્લુમ ઝિંદગી. | خشک ہونٹوں کا تکلم زندگی |
| | |
| ઝિંદગી હકકી તરફ બઢનેકા નામ, | زندگی حق کی طرف بڑھنے کا نام |
| ઝિંદગી નેઝોંકા એક પૂર હોલ બન, | زندگی نیزوں کا اِک پُر ہول بن |
| સરફરોશી, જાંસિપારી આગહી, | سرفروشی ، جانسپاری آگہی |
| ઝિંદગી, હુર્રે જરીકા બાંકપન. | زندگی ، حرِ جری کا بانکپن |
| | |
| ઝીનતે મયદાનો મિમ્બર ઝિંદગી, | زینتِ میدان و منبر زندگی |
| ફાતેહ સિફ્ફીનો ખૈબર ઝિંદગી, | فاتحِ صفین و خیبر زندگی |
| ઝિંદગી મિકદાદકા એલાને હક, | زندگی مقدادؓ کا اعلانِ حق |
| ગોશએ દલ્કે અબૂઝર ઝિંદગી. | گوشۂ دلقِ ابوذرؓ زندگی |
| | |
| ઝિંદગી ક્યા હૈ, સલૂનીકી સદા, | زندگی کیا ہے سلونی کی صدا |
| નગ્મએ મહેરાબો મિમ્બર ઝિંદગી, | نغمۂ محراب و منبر زندگی |
| ઝિંદગી કમ્બરકા ઈખ્લાસે અમલ, | زندگی قنبرؓ کا اخلاصِ عمل |
| હલ્કએ અસ્હાબે હૈદર ઝિંદગી. | حلقۂ اصحابِ حیدرؑ زندگی |

**શબ્દાર્થ**

**સદકો સફા :** દાન-ખેરાત અને વિશુધ્ધતા **સોઝ :** જલન, તાપ **આહંગ :** સૂર, ધ્વનિ **નત્ક :** શબ્દ, વાણી **નૌઅરૂસે :** નવવિવાહીત **મશાતગી :** સ્ત્રીને શણગારવાની ક્રિયા **હર્ફ :** વાત, અક્ષર **ઝૈગમે હક :** અલ્લાહનો સિંહ **કુલ્ઝુમ :** નદી, સાગર **શિનાવર :** તરવૈયો **કારસાઝી :** બગડેલ કાર્યમાં સુધાર **દસ્તગીરી :** સહાયતા **આગહી :** જાણકારી **કુન :** કરનાર, થઈ જા **ઔહામ :** ભ્રમણાઓ **તન્વીર :** પ્રકાશ **કારગાહ :** કામ કરવાનું સ્થળ **ઐવાને સહર :** પ્રભાતનો રાજમહેલ **ખુલ્કે હુસ્ન :** સૌંદર્યની સુશીલતા **મસ્હફે યઝદાં :** અલ્લાહની કિતાબ **કયાદત :** નેતૃત્વ **દિયારે મર્ગ :** મોતનું શહેર **શોરે જરસ :** કાફલાની રવાનગી વખતે વગાડવામાં આવતા ઘંટનો અવાજ **દિરા :** ઘંટ **હુર્રિયત :** સ્વતંત્રતા **તરન્નુમ :** ગીત **તકલ્લુમ :** વાતચીત **બાંકપન :** અલબેલાપણું **દલ્કે :** ગોદડી, વસ્ત્ર **ઈખ્લાસ :** નિષ્કપટ **હલ્કા :** કુંડાળું

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Ignorance (અજ્ઞાનતા)

وجـود مـردم دانـا مثـال زرّ طـلاسـت
که هر کجا که رَوَد قدر و قیمتش دانند
بـــزرگ زادهٔ نــادان بــه شهـروا مانـد
که در دیار غریبش بــه هیـچ نستانـند

**વજૂદ મર્દમ દાના મશાલ ઝર્ર તલાસત**
**કે હર કુજા કે રવદ કદર વ કિમતશ દાનંદ**
**બુઝુર્ગઝાદાએ નાદાન બે શહરવા માનિંદ**
**કે દર દયાર ગરીબશ બે હૈચ નસ્તાનદ**

(બુધ્ધિશાળી માણસની હાજરી શુધ્ધ સોના સમાન છે કેમકે તેની લાયકાતનાં અને મૂલ્યનાં તે જ્યાં જ્યાં જાય ત્યાં વખાણ થાય છે પરંતુ ઉચ્ચ હોદ્દાવાળા અધિકારીનો અજ્ઞાની નબીરો એવા વાંદરા જેવો છે કે જે માત્ર અમુક સ્થળે જ માનપાત્ર હોય છે અને તે સ્થળના બહાર જ્યાં જ્યાં તે જાય ત્યાં ત્યાં તેનું કોઈ મૂલ્ય હોતું નથી.)

عِـلـم چـنـدان کــه بـیـشـتـر خـوانــی
چَــون عـمـل در تـو نیـسـت، نـادانـی
نـــه مـحـقّـق بــود، نــه دانـشـمـنـد
چارپـایـی بـــر او کـتـابـی چـنـد
آن تُـهی مغز را چه عِـلـم و خبـر؟
کـه بــر او هـیـزُم اسَـت یا دفتـر

**ઈલ્મ ચંદાન કે બેશતર ખ્વાની**
**ચૂન અમલ દર તૂ નિસ્ત નાદાની**
**ન મહક્કુક બૂદ, ન દાનિશમંદ**
**ચારપાયી બાર અવ કિતાબી ચંદ**
**આન તોહી મગઝરા ચે ઈલ્મ વ ખબર?**
**કે બર અવ હૈઝુન અસ્ત યા દફતર**

(ગમે તેટલો વધારે અભ્યાસ તમે કરો પરંતુ જો તેનો વ્યવહારિક ઉપયોગ ન કરો તો તમે અજ્ઞાની છો. એવો માણસ અત્યંત વિદ્વાન પણ નથી કે જ્ઞાની પણ નથી પરંતુ તે પુસ્તકોથી લદાયેલ ભારવાહક પશુ સમાન છે. ગધેડાને શું ખબર પડે કે તેની પીઠ ઉપર પુસ્તકો છે કે લાકડાંનો ભારો છે ?)

وقـتی افتاد فتنه ای در شـام
هر کس از گوشه ای فرا رفتند
روستـازادگـــان دانـشـمـنـد
بــه وزیـریِ پـادشـا رفـتـنـد
پسـران وزیـر نـاقـص عـقـل
به گـدایـی بـه روستا رفتند

**વકતી ઈફતાદ ફિત્ના અય દર શામ,**
**હર કસ અઝ ગોશા અય ફરા રફતંદ**
**દોસ્તાઝાદગાન દાનિશમંદ**
**બા વઝીરી પાદશા રફતંદ**
**પિસારાન વઝીર નાકિસ અકલ**
**બો ગુદાયી બો રોસ્તા રફતંદ**

(એક વખત સિરિઆમાં બળવો ફાટી નીકળ્યો અને લોકોએ તેમનાં રહેઠાણોને ઉજ્જડ બનાવી દીધાં. ખેડૂતોના ડાહ્યા દીકરાઓ રાજાના પ્રધાનો બની ગયા જ્યારે પ્રધાનોના અજ્ઞાની દીકરાઓ ગામડાઓમાં ભીખ માગવા લાગ્યા)

چو کردی با کلـوخ انداز پیکار
سـر خود را بـــه نادانی شکستی
چو تیر انداختـی بر روی دشمن
چنین دان کاندر آماجش نشستی

**ચૂ કરદી બા કલૂખ અંદાઝ પૈકાર**
**સાર ખુદ રા બો નાદાની શિકસ્તી**

ચૂ તીર અંદાખતી બર રવી દુશ્મન
ચુનીન દાન કાન્દર આમાજિશ નસ્તી

(જ્યારે તમે કોઈ એવાની સાથે લડો કે જે ગોફણથી પથ્થર ફેંકતો હોય તો તમે અજ્ઞાનતાને કારણે તમારું માથું ભાગી નાખવાના. જ્યારે તમે તમારા દુશ્મન તરફ તીર ફેંકો તો તમને એ ભાન હોવું જોઈએ કે તમે પણ તમારી જાતને નિશાનબાજી માટેની મર્યાદાની અંદર જ લાવી દીધેલ છે.)

**ill-Omen (અપશુકન)**

کس نیاید به زیر سایهٔ بوم
ور هُما از جهان شود معدوم

કસ નયાયદ બો ઝેર સાયા બૂમ
વર હુમા અઝ જહાન સૂદ મઅદૂમ

(કાલ્પનિક પક્ષી હુમાનું દુનિયામાંથી નિકંદન નીકળી ગયું છે તેમ છતાંય કોઈ પણ માણસ ઘૂવડના કોઈ શુકન લેતું નથી.)

ماری تو که هرکرا ببینی، بزنی
یا بوم که هر کجا نشینی، بکَنی؟

મારી તવ કે હર કરા બબીની બઝની
યા બૂમ કે હર કુજા નશીની બેકની?

(તમે એવા કોઈ સાપ તો નથી ને કે જેને જેને જુઓ છો તેને કરડો છો કે પછી ઘૂવડ છો કે જે સ્થળે તમે રહો છો તેને બરબાદ કરી નાખો છો ?)

**ill-Temper(બદ મિજાજ)**

اگر ز دست بلا بر فلک رَوَد بدخوی
ز دست خوی بد خویش در بلا باشد

અગર ઝ દસ્તે બલા બર ફલક અદ બદખવી
ઝ દસ્ત ખવી બદખવીશ દર બલા બાશદ

(જો કોઈ ખરાબ મિજાજવાળો માણસ કોઈ આફતથી બચવા માટે છટકીને સ્વર્ગીય વાતાવરણમાં જાય તો પણ તે પોતાના દુષ્ટ સ્વભાવને કારણે આફતમાં જ સપડાયેલો રહેવાનો.)

**Impiety (ધાર્મિકતાનો અભાવ)**

هر که پرهیز و علم و زهد فروخت
خرمنی گرد کَرد و پاک بسوخت

હર કે પરહેઝ વ ઈલ્મો ઝોહદ ફરોખ્ત
ખરમની ગિર્દ ગર્દો પાક બસોખ્ત

(જે કોઈએ પોતાની પરહેઝગારી, ઈલ્મ અને ધર્મનિષ્ઠાને વેચી નાખી હોય તેણે તો વાસ્તવમાં તૈયાર પાકનો ઢગલો કર્યો અને પછી તેને દિવાસળી ચાંપી દીધી.)

عابد که نه از بهر خدا گوشه نشیند
بیچاره در آیینهٔ تاریک چه بیند ؟

આબિદ કે ને અઝ બહર ખુદા ગોશાનશીનદ
બીચારા દર આઈના તારીક ચે બીનદ

(કોઈ બિચારો આબિદ કે જે પોતે અલ્લાહની ઈબાદત કરવા માટે નિવૃત્ત થવાની ઝંખના જ ન કરતો હોય તે કાળા મેશ દર્પણમાં શું જોઈ શકવાનો?)

گه اندر نعمتی مغرور و غافل
گه اندر تنگدستی خسته و ریش
چو در سرّا و ضرّا حالت این است
ندانم کی به حق پردازی از خویش ؟

ગે અંદર નેઅમતી મગરૂર વ ગાફિલ
ગે અંદર તંગદસ્તી ખસ્તા વ રેશ
ચૂ દર સર્રા વ ઝર્રા હાલત ઐન અસ્ત
નદાનમ કી બે હકપરદાઝી અઝ ખવીશ?

(કોઈ કોઈ વખતે તમે સમૃધ્ધિની હાલતમાં અભિમાની અને બેદરકાર બની જતા હો છો અને કોઈ કોઈ વખતે તંગદસ્તીમાં વ્યથિત અને ઘાયલ બની જતા હો છો. જો સુખમાં અને દુ:ખમાં તમારી આવી જ પરિસ્થિતિ હોત તો, મને નવાઈ લાગે છે કે પોતાની જાતમાં જ રચ્યા પચ્યા રહેવાને કારણે તમને અલ્લાહની ઈબાદત કરવાનો સમય ક્યારે મળત ?) (ક્રમશ:)



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૮૨**

**એ પંથ જે દનમાં ચલનેકા આખા,**
**જે પંથી દેખ જાવે સો ખોલ કર દાખા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે આ એક એવો પંથ છે કે જેના ઉપર દિવસે ચાલવાનું કહેવામાં આવ્યું છે. જે પંથી તેને જોઈ જાય તેને ખોલીને બતાવી દીધું છે.)

**જો ભીતર ભેદા પંથી નાં બુઝે,**
**તો દીવે રે બિના પંથ કયું કર સુઝે ?**

(જો તરીકતનો પથિક અંદરનો જે ભેદ છે તેને સમજે નહીં તો દીવાના પ્રકાશ વગર તેને રસ્તો કેવી રીતે સુઝશે ?)

**વે રે પંથ એસા ભીતર જાંનો,**
**જું ભાદરવા રાત અંધારી પિછાંનો.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા દૃષ્ટાંત આપીને સમજાવે છે કે જેવી રીતે ભાદરવા મહિનાની રાત કેવી અંધારી હોય છે એવી જ રીતે આ પંથ અંદરથી તો આવો અંધકારમય છે એવું સમજજો.)

**વે રે ઉજાલા બિના કયું લીજે ?**
**તો ઉજાલા રે પંથી પંથ સર કીજે.**

(અજવાળા વગર આ રસ્તાને કેવી રીતે ગ્રહણ કરી શકાય ? તો પ્રથમ તો તરીકતના પથિકે પંથમાં અજવાળુ કરવું જોઈએ.)

**ઉસ માંહે જંગલ જાલે રે બોતેરે,**
**જનાવર જંગલી વે હે રે અનેરે.**

(આ પંથમાં જંગલ પણ આવેલ છે અને ઘણાં ઝાડ પણ આવેલાં છે. વળી જંગલી જનાવરોની બીક તો અલગ જ છે.)

**બાઘ ને બરૂઆં ભિતાર દિખાવે,**
**વે અપની રે કૌઅત બોત રે દિખાવે.**

(આ પંથની અંદર વાઘ અને વરૂ જેવાં હિંસક પ્રાણીઓ પણ નજરે પડશે અને તેઓ પોતાની તાકાત પણ ખૂબ બતાવશે.)

**એ રે પંથ ચલના પંથી તુજે ભારી,**
**હે પવનકા કોટા ન થંભ આધારી.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે અય પંથી ! આ રસ્તા ઉપર ચાલવું તારા માટે ખૂબ અઘરું છે. વળી પવન પણ ખૂબ ફુંકાતો હશે. પવન થંભી ગયેલો ન હશે.)

**જો દન પંથ પંથી ચલે પંથ સારા,**
**અંધારેમાં પંથકું કભી રે બિસારા.**

(જો દિવસે પંથી પંથ ઉપર ચાલે અને સારો એવો પંથ કાપે પરંતુ રાતના વખતે તો અંધારામાં તે પોતાના પંથને વિસારી દેશે. એટલે કે સાચા રસ્તા પર નહીં ચાલે.)

**જાં થી રે ભુલા ને પંથ ગમાયા,**
**વે ભુલડા રે પંથી ઠાંમ નાં આયા.**

(જે જગ્યાએથી તે પંથી ભૂલો પડ્યો અને પોતાના પંથને ગુમાવી દીધો તો તે ભૂલો પડેલો પંથી પોતાની અસલ જગ્યાએ પાછો નહીં આવી શકે.)

**ઉસ તન નેહા નાં પીયા કેરા રંગા,**
**નાં એને પંથ પીયાકે કસીઆ રે અંગા.**

(પથિક પોતાનો પંથ આ રીતે ગુમાવી દે છે

તેનું કારણ એ હોય છે કે તેનામાં પીયુ પ્રત્યેનો પ્રેમ પણ હોતો નથી અને તે પીયુના રંગમાં રંગાયેલો પણ હોતો નથી. વળી તેણે પીયુના પંથમાં પોતાના શરીરને કસ્યુ પણ નથી હોતું.)

**પંથી સુન ઈતની ફિકર જો કરીએ,**
**બાટ અંધારી, વે સમજનો ચલીએ.**

(તરીકતનો પંથી જો આટલી ચિંતા પોતાના મનમાં રાખે કે રસ્તો અંધારો છે તો તેણે સમજી બુઝીને ચાલવું જોઈએ.)

**યું કર અપના જો રે પંથ રાખે,**
**નેહ રે પીયાકા તબા જા નો ચાખે.**

(તરીકતનો પંથી જો આવી રીતે પોતાના પંથને સાચવી રાખે તો તે પીયુના પ્રેમનો સ્વાદ જાણવા અને ચાખવા ભાગ્યશાળી બનશે.)

**પીયુજી નાં પાવે ઢુંઢે હો બિના,**
**જો ઊંડા રે નાં પેઠે અપના રે મના.**

(પીયુજી તો એવો છે કે જેને શોધ્યા વગર પ્રાપ્ત કરી શકાતો નથી. તેને પ્રાપ્ત કરવા માટે તો પથિકે પોતાના મનમાં ઊંડા ઉતરવું પડે.)

**સીપ તો દરીયા કે માંહે હે હોતી,**
**ભીતર જે ઉસકે હે માંણક મોતી.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે છીપ હંમેશાં દરિયાની અંદર તળિયે હોય છે અને છીપની અંદરના ભાગમાં માણેક અને મોતી રહેલાં હોય છે.)

**જે રે મરજીયા હોકર તન રે ગમાવે,**
**અને પેઠ જાને ઊંડા તો રે કદી પાવે.**

(દરિયામાંથી મોતી લાવનારો મરજીવો પોતાના શરીરને ગુમાવવાની તૈયારી સાથે દરિયામાં પડે છે અને તે સમુદ્રની છેક નીચે તળિયે જઈને કદીક મોતી મેળવવા ભાગ્યશાળી બનતો હોય છે.)

**પંથી સુન પંથકી એસી રે બાતી,**
**જો આપ ગમાવે તો પાવે પીયા સાતી.**

**-: રે તુહી :-**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે અય તરીકતના પંથી ! તું મારી વાત સાંભળ કે આ પંથની આવી બાબત હોય છે કે જો પંથી પોતાની જાતને ગુમાવી દે તો પોતાના સાથી તરીકે પીયુને પ્રાપ્ત કરી શકે છે.)

**રાહ અંધારી રાતકી, એ ખરી બિમાસણ મન રે,**
**એ ખરી બિમાસણ મન;**
**પંથ પીયા ઉનું પાહીઆ, જેને ખોયા અપના તન રે,**
**જેને ખોયા અપના તન.**

(તરીકતના પથિક માટે રસ્તો અંધારી રાત જેવો છે અને તે બાબત જ મનની ચિંતાનો વિષય છે. પીયુનો પંથ તો તેણે જ પ્રાપ્ત કર્યો કે જેણે પોતાનું શરીર ગુમાવી દીધું હોય.) ❋

**G. K. Corner Solution 114**

(૧) વિજય વિલાસ મહેલ (૨) ૧૪મી જૂન (૩) XIX (૪) જીનીવા (૫) ૮ મિનિટ (૬) નાઈલ (૭) પરવાળા સમુદ્ર (૮) હૃદયરોગ


# સૈયદ રઝા સ્ટોન

- મરજાન
- મરચમી નંગ
- ફીરોઝા
- પુખરાજ
- મોતી
- નીલમ
- દુર્રે નજફ
- હુસૈની અકીક
- યાકૂત
- ઝર્દ અકીક
- હદીદેચીની
- પન્ના
- દાનએ ફરંગ

**ચાંદીમાંથી બનાવેલી દરેક જાતની વીંટી તૈયાર તથા છૂટક નંગ મળશે.**

**હસનૈન ઝૈદી**
મો.૯૮૭૯૮૨૦૮૪૪, ૯૫૮૬૪૪૨૨૭૨

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ.સા.કાં.

संकलन : मुल्ला फैज़ अल काशानी

# મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત

સંકલન : મુલ્લા ફૈઝ અલ કાશાની

(ગતાંકનું ચાલુ)

## પયગમ્બર આદમ(અ.)

જિબ્રઈલ અને મેં આગળ વધવાનું ચાલુ રાખ્યું. રસ્તામાં અમે એક ખડતલ ભરાવદાર સ્નાયુઓવાળો માણસ જોયો. મેં પૂછ્યું,

'આ માણસ કોણ છે ?'

જિબ્રઈલે જવાબ આપ્યો,

'તે તમારા પિતા પયગમ્બર આદમ - અબુલ બશર(માનવપિતા) છે.' પયગમ્બર આદમ (અ.)એ પોતાનાં સંતાનોની ઓળખાણ કરાવી અને કહ્યું,

'આપના શરીરમાંથી મજેદાર ખુશ્બૂ આવી રહી છે.' મેં તેમને નીચેનો સૂરો વાંચી સંભળાવ્યો:

كَلَّآ اِنَّ كِتٰبَ الْاَبْرَارِ لَفِىْ عِلِّيِّيْنَ ﴿١٨﴾ وَمَآ اَدْرٰىكَ مَا عِلِّيُّوْنَ ﴿١٩﴾
كِتٰبٌ مَّرْقُوْمٌ ﴿٢٠﴾ يَّشْهَدُهُ الْمُقَرَّبُوْنَ ﴿٢١﴾ اِنَّ الْاَبْرَارَ لَفِىْ نَعِيْمٍ ﴿٢٢﴾
عَلَى الْاَرَآئِكِ يَنْظُرُوْنَ ﴿٢٣﴾ تَعْرِفُ فِىْ وُجُوْهِهِمْ نَضْرَةَ
النَّعِيْمِ ﴿٢٤﴾ يُسْقَوْنَ مِنْ رَّحِيْقٍ مَّخْتُوْمٍ ﴿٢٥﴾ خِتٰمُهٗ مِسْكٌ ؕ وَفِىْ
ذٰلِكَ فَلْيَتَنَافَسِ الْمُتَنَافِسُوْنَ ﴿٢٦﴾ وَمِزَاجُهٗ مِنْ تَسْنِيْمٍ ﴿٢٧﴾
عَيْنًا يَّشْرَبُ بِهَا الْمُقَرَّبُوْنَ ﴿٢٨﴾

ભાષાંતર : ('આ પણ સાંભળી રાખો કે નિ:સંશય સદાચારીઓનું લખાણ ઈલ્લીયીનમાં હશે. અને તને શી ખબર કે ઈલ્લીયન શું છે ? તે એક લખેલું લખાણ છે (જેમાં સદાચારીઓની કરણી લખેલી છે) : જેને અલ્લાહની બારગાહના નજીકવાળા (ફરિશ્તા) જોતા રહે છે. નિ:સંશય સદાચારી લોકો મેવાવાળી જન્નતોમાં હશે : સિંહાસનો ઉપર બેઠા બેઠા નિરીક્ષણ કરતા હશે. તેમના ચહેરા ઉપર તું આનંદની લહેરખી પારખી કાઢશે. તેમને સિલબંધ નિર્ભેળ પીણું પીવડાવવામાં આવશે જેની સુવાસ કસ્તૂરીની હશે અને હવસ ધરાવનારાઓએ તેવા (પીણા)ની હવસ રાખવી જોઈએ અને તેમાં તસ્નીમનું પાણી મિશ્રિત હશે. આ એક ઝરણું છે કે જેમાંથી (અલ્લાહના) નિકટવર્તી બંદાઓ પાન કરશે.')

મેં પયગમ્બર આદમ(અ.)ને સલામ કરી અને તેમની મગ્ફેરત માટે દુઆ કરી. તેમણે પણ મને સલામ કરી અને મારી મગ્ફેરત માટે દુઆ કરી અને કહ્યું,

'પધારો ! અય પયગમ્બર અને સદાચારી સંતાન કે જેમની શુભ સમયે નિયુક્તિ કરવામાં આવી છે.'

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૧-૩૨૨, બાબ-૩, ઈસ્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

## મોતનો ફરિશ્તો - મલેકુલ મૌત

અમે અમારા માર્ગે જવાનું ત્યાં સુધી ચાલુ રાખ્યું જ્યાં સુધી અમે એક ફરિશ્તાને નીચે બેઠેલો જોયો અને તેના હાથમાં નૂરાની તખ્તી જોઈ. તે ફરિશ્તો તખ્તીમાં જે કંઈ લખેલું હતું તેના તરફ પોતાના ચહેરા ઉપર ઉદાસી અને દુઃખના ભાવ સાથે જોતો હતો અને તેની આજુબાજુ શું ચાલી રહ્યું હતું તેના તરફ ધ્યાન આપતો ન હતો સિવાય કે જ્યારે કોઈ તેની બિલકુલ નજીક આવતું હોય.

મેં જિબ્રઈલને પૂછ્યું,

'આ ફરિશ્તો કોણ છે ?'

જિબ્રઈલે કહ્યું,

'આ મોતનો ફરિશ્તો (મલેકુલ મૌત) છે અને તે (લોકોની) રૂહ કબ્ઝ કરવાના કાર્યમાં રોકાયેલો છે.'

મેં કહ્યું,

'તમે મને તેની નજીક લઈ જાઓ.'

અમે તેની વધારે નજીક ગયા અને જિબ્રઈલે તે ફરિશ્તા સાથે મારી ઓળખાણ કરાવી. મેં તેને સલામ કરી. તેણે મારું સ્વાગત કર્યું, સલામનો જવાબ આપ્યો અને મારું અભિવાદન કર્યું. તેણે મને કહ્યું,

'અય મોહંમદ(સ.) ! આપની ઉમ્મતને ખુશખબરી આપો કેમકે હું માત્ર તેમની પાસેથી સારાં અને નૈતિક કાર્યો નિહાળું છું.'

મેં અલ્લાહનો આભાર માન્યો માત્ર આ આશીર્વાદના કારણે જ અને તેને કહ્યું કે આ મારા માલિકની મારા ઉપર થયેલી કૃપા છે. જિબ્રઈલે કહ્યું,

'મોતનો ફરિશ્તો બીજા બધા કરતાં વધારે ઉદ્યમી છે કે જ્યારે તે પોતાની જવાબદારી બજાવી રહ્યો હોય છે.'

મેં તેમને પૂછ્યું,

'શું ઈઝરાઈલ (મોતના ફરિશ્તાનું એક બીજું નામ) એ દરેક જણની રૂહ કબ્ઝ કરી લે છે કે જે મરી ગયો હોય અથવા જે કોઈ મરવાનો હોય ?'

જિબ્રઈલે જવાબ આપ્યો,

'હા. એવું જ છે.'

ત્યાર પછી મેં મોતના ફરિશ્તાને પૂછ્યું,

'શું તમે એ જોઈ શકો છો ખરા કે તે લોકો ક્યાં છે ?'

તેણે જવાબ આપ્યો,

'હા, હું (તેમને) જોઉં છું અને (વળી) સમગ્ર વિશ્વને પણ (જોઉં છું) કે જે મારી સન્મુખ છે.' મોતના ફરિશ્તાએ કહેવાનું ચાલુ રાખ્યું, 'અલ્લાહે મને તે બધાયના ઉપર સંપૂર્ણ સજાગતા રાખવાની પરવાનગી આપી છે. તે બધા મારી આગળ એવા જ છે જેવા કે કોઈ વ્યક્તિના હાથમાં દિરહમ(નો સિક્કો) હોય અને એવા છે કે જેવી રીતે (માણસ) ઈચ્છતો હોય તેવી રીતે પોતાના હાથમાં સિક્કાને પકડી શકે છે. (તેથી અલ્લાહનાં બધાં જ સર્જનો ઉપર તેનો કાબૂ હોય છે અને તેમને જુએ પણ છે.) કોઈ પણ ઘર એવું નથી કે જ્યાં હું દિવસમાં પાંચ વખત ન જતો હોઉં. હું દરેક ઘરના લોકોને કહું છું, તમારા (ઘરમાં થયેલ) ઘટાડા ઉપર કલ્પાંત ન કરો કારણ કે હું તમારા ઘર ઉપરથી સતત આવતો જતો રહીશ ત્યાં સુધી કે એક સમય એવો આવશે કે જ્યારે ત્યાં એક માણસ પણ બાકી ન રહે.'

મેં જિબ્રઈલને પૂછ્યું,

'જે માણસ અજમાયશ અને આકરી કસોટીઓનો સામનો કરી રહ્યો હોય છે તેના માટે શું મોત પૂરતું હોય છે ?'

તેણે જવાબ આપ્યો,

'મોત પછી અજમાયશમાં વધારો થાય છે.'

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૨-૩૨૩, બાબ-૩, ઈસ્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

**મનાઈ કરેલો ખોરાક ખાતા લોકો**

અમે અમારી સફર ત્યાં સુધી ચાલુ રાખી કે જ્યાં સુધી અમે લોકોની એક જમાઅત પાસે પહોંચ્યા કે જેમના હાથોમાં સારા અને ખરાબ ખોરાકથી ભરેલી થાળીઓ હતી. તેમ છતાં તેઓ માત્ર ખરાબ ગોશ્ત જ ખાઈ રહ્યા હતા.

મેં પૂછ્યું,

'આ એવા કોણ છે કે જેઓ સારા ખોરાકને છોડી રહ્યા છે અને માત્ર ખરાબ અને સડી ગયેલો ખોરાક ખાવામાં જ વ્યસ્ત છે ?'

જિબ્રઈલે જવાબ આપ્યો,

'આ આપની ઉમ્મતના એવા લોકો છે કે જેઓ (દુનિયામાં) હરામનો ખોરાક ખાતા હતા.'

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૩-૩૨૨, બાબ-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

### દુઆ માગતો ફરિશ્તો

આના પછી મેં એક એવા ફરિશ્તાને જોયો કે જેનું શારીરિક બંધારણ ખૂબ જ રસપ્રદ હતું. આ ફરિશ્તાના શરીરનો અડધો ભાગ આગનો હતો અને બીજો અડધો ભાગ બરફનો હતો. આના કરતાં વધારે વિચિત્ર હકીકત તો એ હતી કે ન તો આગની ગરમી બરફનું પાણીમાં રૂપાંતર કરતી હતી કે ન તો બરફની ઠંડક જવાળાઓને હોલવી દેતી હતી. ખૂબ જ શાંત અવાજથી તે કહેતો હતો,

'હું એવા એક (માઅબૂદ)ની પ્રશંસા કરું છું કે જે એવો પૂરતો (વખાણને લાયક) છે કે આ આગની ગરમી બરફને પીગળાવી દેતી નથી કે ન તો બરફની ઠંડી આગને હોલવી નાખતી નથી. અય અલ્લાહ ! અય એવા એક (અલ્લાહ) કે જેણે આગ અને બરફની વચ્ચે એવી કોઈક વસ્તુ મૂકી દીધી છે! તું તારા બંદાઓનાં દિલો વચ્ચે સુમેળ અને પ્રેમ (પણ) મૂકે છે.'

મેં જિબ્રઈલને આ ફરિશ્તાની બાબતમાં પૂછ્યું. તેમણે મને જવાબ આપ્યો કે કીર્તિવંત અને સૌથી બુલંદ એવા અલ્લાહે તેના એવા ફરિશ્તા તરીકે નિયુક્ત કર્યો છે કે જે દુનિયાના ઈમાનદારોને સલાહ પૂરી પાડશે અને જ્યારથી તેને પેદા કરવામાં આવ્યો છે ત્યારથી તે સ્વર્ગ અને પૃથ્વીનો રક્ષક છે અને તે પૃથ્વી પરના લોકો માટે દુઆ માગી રહ્યો છે.

વળી જન્નતમાં બીજા બે ફરિશ્તાઓ પણ છે તેમાંનો એક આ રીતે દુઆ માગે છે,

'અય અલ્લાહ ! જે કોઈ (તારી રાહમાં) ખેરાત અને દાન આપે છે, તેમના ઉપર તારી રહેમત વરસાવજે.'

બીજો ફરિશ્તો કહે છે,

'અય અલ્લાહ ! જે કોઈ નીચ હોય અને કંજૂસ હોય તેમને બરબાદ કરી દેજે.'

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૩-૩૨૪, બાબ-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

### નિંદાખોરો

ફરીથી અમે અમારા માર્ગ પર આગળ વધ્યા. સફર દરમિયાન અમે લોકોની એક જમાઅત પાસે આવી પહોંચ્યા કે જેમના હોઠ ઊંટના હોઠો જેવા (મોટા કદના) હતા અને તેમના હોઠોને કાતરથી કાપી નખાતા હતા. જે ગોશ્ત કપાતું હતું તે તેમના મોઢામાં બળપૂર્વક ઢાંસી દેવામાં આવતું હતું.

મેં પૂછ્યું,

'જિબ્રઈલ ! આ લોકો કોણ છે ?'

તેમણે જવાબ આપ્યો,

'આ એ લોકો છે કે જેઓ હંમેશાં નિંદા કર્યા કરતા હતા અને તેમના ઈમાનદાર બંધુઓના દોષોને શોધતા હતા.'

મેં લોકોની એક જમાઅતને જોઈ કે જેમના માથાની ખોપરીઓને ખડકો સાથે અથડાવવામાં આવી રહી હતી અને તેમના ભેજા બહાર નીકળી રહ્યા હતા. મેં પૂછ્યું,

'આ લોકો કોણ છે ?'

તેમણે કહ્યું,

'આ એ લોકો છે કે જેઓ ઈશાની નમાઝ પઢ્યા વગર સૂઈ જતા હતા.'

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૩-૩૨૪, બાબ-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી) (ક્રમશઃ)

# આરોગ્યની સાચવણી

**'Prevention is better than cure.'**

## ગર્ભાવસ્થા

(ગતાકનું ચાલુ)

ગર્ભાવસ્થા દરમિયાન સામાન્ય રીતે નીચે મુજબની તકલીફો થતી હોય છે. (૧) એનીમિક (લોહીની ઉણપ) હિમોગ્લોબીન લાલ રક્તકણોમાં હોય છે કે જે ફેફસાંમાંથી ઓક્સિજન ગર્ભને પહોંચાડે છે. જો લોહી માતાના શરીરમાં ઓછું હોય તો બાળકના વિકાસને અસર પહોંચી શકે. જો સ્ત્રીમાં ૯ગ્રામ પ્રતિ ૧૦૦મી.લી. કરતાં લોહીનું પ્રમાણ ઘટે તો સ્ત્રી એનીમિક ગણાય જે થાકેલી, સુસ્ત, કંટાળેલ અને અશકત દેખાતી હોય છે.

હિમોગ્લોબીનની ઉણપનું નિદાન થાય તો આજે ડૉક્ટરો આની દવા લખી આપતા હોય છે અને ઝડપભેર હિમોગ્લોબીનનું પ્રમાણ વધવા માંડે છે. પરંતુ અગાઉ વિચાર્યું તેમ એલોપેથી દવાની કોઈને કોઈ આડ અસર ભવિષ્યમાં થવાની શક્યતાઓ વધુ છે. માટે આવા સમયે ભારતના જાણીતા એક્યુપ્રેશરીસ્ટ આનંદ પી.શર્માનો લખેલ ઘરગથ્થુ ઉપાય વિચારવા જેવો છે. જેની રીત નીચે પ્રમાણે છે.

આખી રાત દ્રાક્ષને પાણીમાં પલાળી રાખી સવારે તેને ૧૦૦ ગ્રામ દૂધમાં બરાબર ઉકાળી અને દૂધ પી જવું અને દ્રાક્ષને ચાવી જવી. બીજા દિવસે ૨, ત્રીજા દિવસે ૩ એ જ પ્રમાણે દ્રાક્ષની સંખ્યા ૯ સુધી લઈ જવી અને ઉપર મુજબ ૧૦૦ ગ્રામ દૂધમાં ઉકાળતા રહી દૂધ પી જવું અને દ્રાક્ષ ચાવી જવી. ત્યાર બાદ ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧ એમ ઘટતા ક્રમે દ્રાક્ષનો પ્રયોગ કરવો. આમ કુલ ૧૮ દિવસ પછી હિમોગ્લોબીનનું સ્તર વધી જાય છે.

હાથમાં સોજા આવવા તથા પગની નસો ખેચાવી. ઘણી વખત ગર્ભાવસ્થા દરમિયાન પગની નસ ખેંચાઈ જતી હોય છે. જે ઘણી જ પીડાદાયક હોય છે. આવું મોટે ભાગે છેલ્લા મહિનામાં વધુ જોવા મળતું હોય છે. આનું મુખ્ય કારણ લોહીનું ધીમું ભ્રમણ, વિટામીનની ઉણપ અથવા કેલ્શિયમની ઉણપ પણ હોઈ શકે.

આવા સમયે જે જગ્યાએ નસ ખેંચાઈ હોય તે જગ્યાએ મસાજ કરવો અથવા ગરમ પાણીની થેલી દ્વારા શેક કરવો. પરંતુ આ માટે દૂધની પેદાશ અથવા દૂધ વધુ પ્રમાણમાં લેવું જોઈએ. આ ઉપરાંત આખા મગ, આખા મસૂર, અડદની દાળ વપરાશમાં લેવી જોઈએ. જો એક જગ્યાએ લાંબો સમય બેસવાનું થાય તો પગના અંગૂઠા અલગ અલગ દિશામાં ફેરવતા રહેવું. પગમાં સોજા આવતા હોય ત્યારે પણ લબડતા રાખી બેસવાને બદલે પગ પલંગમાં લાંબા કરી બેસવું. ખુરશી પર બેસવાનો વારો આવે તો એક પગ ઉપર બીજો પગ ચઢાવી બેસવું નહીં. શક્ય હોય તેટલો સમય પગ ઊંચા રાખવા જોઈએ.

આ સમયમાં હાથ પગ તથા મોઢા પર સોજા આવતા હોય છે જેને તબીબી ભાષામાં ઓએડેમા (Oedema) કહેવામાં આવે છે. ગર્ભાવસ્થા દરમિયાન શરીરમાં પાણીનું પ્રમાણ વધવાથી થોડા ઘણા સોજા આવે તે સામાન્ય બાબત હોય છે. પરંતુ આવા સોજા રાત્રે અથવા આરામદાયક સ્થિતિમાં બેસીએ ત્યારે ઓછા થઈ જતા હોય છે. પરંતુ સોજો જો રાત્રે પણ ઓછો ન થાય તો તે એક પ્રકારની બીમારી ગણાય. માટે ડૉક્ટરને માહિતગાર કરવા જોઈએ. સોજા માટે ખાવામાં પ્રોટીનની માત્રા વધારવી જોઈએ અને મીઠુ ઓછું કરી દેવું જોઈએ. મીઠાવાળી વસ્તુઓ જેવી કે પાપડ, અથાણાં, માછલી, ચીઝ ન ખાવી જોઈએ.

સોજા માટે પસ્તાપુર આંધ્રપ્રદેશના જાણીતા વૈદ્ય રાઈકશુ બાલમ્માના મત અનુસાર આની સારવાર માટે હાથવગી એવી મેથીનાં પાંદડાં વાટીને અને લગભગ ૧૦ ગ્રામ આદુ અલગથી વાટીને ભેગુ કરી ૩ ગોળી બનાવવી. જે સ્ત્રીને સોજા આવતા હોય તેણે સવારે સૌ પ્રથમ આ ગોળી દરરોજ ત્રણ દિવસ સુધી પાણી સાથે લેવાથી સારું થાય છે. સ્ત્રોત : **ટચ મી ટચ મી નોટ વુમન પ્લાન્ટસ એન્ડ હીલીંગ** પ્રકાશક કાલી ફોર વૂમન ૧૯૯૭. આધાર : ગર્ભાવસ્થા લેખક નૂતન પંડિત એસોસિએટ નેશનલ ચાઈલ્ડ બર્થ ટ્રસ્ટ, લંડન) (ક્રમશઃ)

(મોમિન મેડીકલ સહાય યોજનાના નિષ્ણાત ડૉકટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે)

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
**'અર્જહુલ મતાલિબ'**નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જંગે નહેરવાનમાં જનાબે અમીર(અ.)ની શુજાઅત

(ગતાંકનું ચાલુ)

આ સાંભળીને ખારજીઓ બૂમો પાડીને કહેવા લાગ્યા કે આનો હરગીઝ જવાબ ન આપતા અને લડાઈ માટે તૈયાર થઈ જાઓ અને પોકારી પોકારીને કહેવા લાગ્યા, જન્નત સિવાય બીજી કોઈ જગ્યા આરામની નથી.

હઝરત પોતાના અસ્હાબો પાસે પાછા તશરીફ લઈ ગયા અને હરોળબંધી કરવાનો હુકમ આપ્યો. લશ્કરની જમણી પાંખ ઉપર હજર બિન અદીને અને ડાબી પાંખ પર શોએબ બિન રબઈ અથવા માકુલ ઈબ્ને કૈસ અલ રિયાહીને નિયુક્ત કરી દીધા અને સવારોની સિપેહસાલારી અબુ ઐયુબ અન્સારીને સોંપી દીધી અને પાયદળની અફસરી અબુ કતાદા અલ અન્સારીને સોંપી અને મુકદમો અલજૈશ કૈસ બિન સઅદ બિન ઉબાદાને સોંપી દીધો અને પોતે લશ્કરના વચલા ભાગમાં ઊભા રહ્યા.

ખારજીઓએ લશ્કરની જમણી પાંખ ઝૈદ ઈબ્ને કૈસ અલ તાઈને અને ડાબી પાંખને શરીહ ઈબ્ને ઊની અલ અલીને સોંપીને ઘોડે સવારો ઉપર હમ્ઝા બિન સિનાન અબુ અસદી અને પાયદળ ઉપર હરકૂસ બિન ઝુહૈ અલ અદીને નિયુક્ત કર્યા. આ બાજુ જનાબે અમીર(અ.)એ હઝરત અબુ ઐયુબ અન્સારીને રાયતુલ અમાન (શાંતિનો ઝંડો) આપ્યો. તેમણે મોટા અવાજે પોકારીને મુનાદી (જાહેરાત) કરી દીધી કે જે માણસ આ અલમની નીચે આવી જશે અને તેણે કોઈની કતલ કરેલ ન હોય અને કોઈ મુસલમાનને તકલીફ પહોંચાડી નહીં હોય તો તેને કતલથી અમાન મળી જશે અને જે માણસ કુફા ચાલ્યો જશે અથવા તો મદાઈન પાછો ચાલ્યો જશે તેને પણ અમાન પ્રાપ્ત થશે. જો અત્યારે હાલ પણ અમારા ભાઈઓના કાતિલ અમને સોંપી દેવામાં આવે તો અમારે તમારી સાથે જંગ કરવાની કોઈ જરૂર નથી.

આ મુનાદી સાંભળીને ફર્દા બિન નોફિલ અલ શજઈ પાંચસો સવારોને સાથે લઈને હઝરત અમીર(અ.)ના લશ્કરમાં આવીને ભળી ગયો અને તેમાંથી એક ટોળું કુફા અને એક ટોળું મદાયન ચાલ્યું ગયું. તેમની જમાઅત બાર હજારની આસપાસ હતી પરંતુ તેમાંથી ચાર હજાર બાકી રહ્યા અને જનાબે અમીર(અ.)ની તરફ જંગ કરવા દોડ્યા. આપે પોતાના લશ્કરને ફરમાવ્યું, જ્યાં સુધી તેઓ તમારા ઉપર હુમલો ન કરે તમે તેમને કંઈ કહેતા નહીં. એટલામાં ખારજીઓએ **'અર્રાહ અર્રાહ ફી જન્નત'** કહેતાં કહેતાં હુમલો કર્યો.

હઝરત અમીર(અ.)નાં લશ્કર બે વિભાગોમાં વહેંચાઈ ગયાં અને ખારજીઓને વચ્ચેના ભાગમાં લઈ લીધા. લશ્કરની જમણી અને ડાબી બન્ને પાંખો બન્ને બાજુએથી તેમના ઉપર તૂટી પડી. તિરંદાજો તેમની સામે આવીને ઊભા થઈ ગયા અને પાયદળના સૈનિકો તલવારો અને નેજાઓ સાથે તેમના ઉપર તૂટી પડ્યા. જોત જોતામાં તો સાત માણસો સિવાય બધા ખારજીઓ માર્યા ગયા. તેમાંના બે માણસો ખુરાસાન તરફ નાસી ગયા.

આથી આજપર્યંત એ મુલકમાં તે બન્નેની નસલ બાકી છે અને બે માણસો યમન તરફ નાસી છૂટ્યા. ત્યાં પણ તેમની નસલ 'અબાઝીયા'ના નામથી મશહૂર છે કેમકે તેમના મહાન વડેરાનું

નામ અબ્દુલ્લાહ બિન 'અબાઝ' હતું અને બે માણસો તલ મૌદાનની તરફ ચાલ્યા ગયા. જનાબે અમીર(અ.)ના લશ્કરને તેમની માલમત્તા ગનીમતમાં પ્રાપ્ત થઈ અને હઝરતના લશ્કરમાંથી માત્ર બે માણસો માર્યા ગયા અને ખારજીઓમાંથી માત્ર સાત માણસો બાકી બચ્યા. હઝરત અમીર(અ.)ની એ કરામત હતી કે જંગ થયો તે પહેલાં આપે પોતાના અસ્હાબો સાથે મશ્વેરો કર્યો હતો કે આપણી ફોજમાંથી દસ માણસો પણ મરણ નહીં પામે અને તેમના ટોળામાંથી દસ માણસો પણ બચવા નહીં પામે.

હદીસોના આલિમોની એક જમાઅતે રિવાયત કરી છે કે જનાબે અમીર(અ.)એ ખારજીઓ પેદા થયા તેના પહેલાં પોતાના અસ્હાબોને ફરમાવ્યા કરતા હતા કે ટૂંક સમયમાં એક એવું ટોળું આક્રમણ કરનારું છે કે જે દીનથી એવી રીતે ભાગશે કે જેવી રીતે તીર કમાનમાંથી વછૂટે છે. તેમની એક નિશાની એ છે કે તેમનામાં એક હથિયાર વગરનો માણસ હશે. ઘણા બધા લોકોએ આ વાતને જનાબે અમીરના મોઢે સાંભળી હતી. જ્યારે નહેરવાનના લોકોએ આક્મણ કર્યું તો આપ પોતાના મિત્રોની સાથે તેમની સાથે જંગ કરવા તશરીફ લઈ ગયા અને જે કંઈ બનવાનું હતું તે બની ગયું અને આપ જંગ કરવાથી ફારેગ થયા. આપે પોતાના અસ્હાબોનો ફરમાવ્યું હવે તમે આમાંથી એક ઠુંઠા માણસને શોધી કાઢો. લોકો તેની શોધખોળ કરવા લાગ્યા. કેટલાક માણસોએ આવીને અરજ કરી, એવો માણસ તો મળતો જ નથી. કેટલાક એવું પણ કહેવા લાગ્યા કે તે આમાં નથી. આપે ફરમાવ્યું, અલ્લાહની કસમ તે આમાં જ છે. કસમ છે ખુદાની ન તો હું જૂઠું બોલ્યો છું કે ન તો મને જૂઠું કહેવામાં આવ્યું છે. એટલામાં કોઈએ આવીને માહિતી આપી કે યા અમીરુલ મોમિનીન ! અમે તેને શોધી કાઢ્યો છે. કેટલાક રાવીઓનું બયાન છે કે કોઈ માણસ એને શોધી કાઢવાની માહિતી આપે એ પહેલાં હઝરત ખુદ પોતે જ તેની શોધમાં નીકળ્યા. આપની સાથે સલીમ બિન તમામા અલ હન્ફી અને રિયાન બિન સબ્રા પણ શોધમાં લાગી ગયા. ઓચિંતી જ નહેરના કિનારે એક ખાડામાં પચાસ લાશોની નીચેથી તેની લાશ નીકળી. બધા લોકોએ તેને જોયો તો તેનાં બાવડાં સહિત આખો હાથ હતો જ નહીં અને હાથને બદલે બાવડાની જગ્યાએ સ્ત્રીઓના સ્તનના જેવો ગોશ્તનો એક લોચો લટકતો હતો અને તેના ઉપર સ્તનના ઉપર હોય છે તેવી ડીંટડી પણ બનેલી હતી અને તેના ઉપર કાળા કાળા વાળ જામેલા હતા. જ્યારે તેને ખેંચવામાં આવતો હતો તો પછી સંકોચાઈ જઈને સ્તનના જેવું સ્વરૂપ બની જતું હતું. જ્યારે જનાબે અમીર(અ.)એ તેને જોયો તો તકબીરનો નાઅરો બુલંદ કર્યો અને ફરમાવ્યું, અલ્લાહ કસમ, ન તો મેં જૂઠું કહ્યું હતું કે ન તો મને જૂઠું કહેવામાં આવ્યું હતું. જો આ બાબતમાં શંકા ન હોત કે તમે નેક અમલને ક્યાંક છોડી દો તો હું આ માણસની બાબતમાં કે જે એ લોકોથી લડ્યો છે અને લડાઈમાં તેણે હકને નજર સમક્ષ રાખ્યું છે કે જે હક ઉપર આપણે છીએ, જે કંઈ ખુદા પાકે પોતાના નબીએ કરીમ(સ.)ની જીભ મુબારક કરીને જારી ફરમાવ્યું છે, તે બધું તમને ચોક્કસ બતાવી દેત.

જનાબે અમીર(અ.)ના લશ્કરમાંથી માત્ર સાત માણસો શહીદ થયા હતા. આ પ્રસંગ હિજરી સન-૩૮માં બન્યો હતો અને આ પ્રસંગે જનાબે અમીર(અ.)ના દોસ્તોમાંથી યઝીદ બિન નવેરતુલ અન્સારી(રઝી.) શહીદ થયા હતા. તેમણે આં હઝરત(સ.)ની પવિત્ર સોહબત પ્રાપ્ત કરી હતી અને તેમને ઈસ્લામ સ્વીકારમાં પ્રાથમિકતા પણ પ્રાપ્ત થઈ હતી અને આં હઝરત(સ.)એ તેમના જન્નતી હોવાની બાબતમાં પોતાની જીભ મુબારકથી બશારત (ભવિષ્યવાણી) પણ ફરમાવી હતી. તેમને ખારજીઓએ શરૂઆતમાં શહીદ કર્યા હતા. (ક્રમશઃ)

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### શુક્ર-આભાર

- શુક્રનો અર્થ થાય આભાર - અલ્લાહનો આભાર, તેણે જે નેઅમતો આપણને આપી તે બદલ આભાર.
- અલ્લાહનો આભાર માનવો તે ઈબાદતનો એક અગત્યનો ભાગ છે અથવા ઈસ્લામ ધર્મમાં ઈમાનનો એક ભાગ છે.
- ઈમામ અલી મુર્તઝા(અ.)એ ફરમાવ્યું છે :

  'ઈમાન બે ભાગોમાં વહેંચાયેલું છે; એક ભાગ સબ્રમાં છે અને બીજો ભાગ શુક્રમાં રહેલો છે.'
- લોકો ઘણી વખત પૂછતા કે શુક્રને વળી ઈબાદતનું કાર્ય કેવી રીતે કહી શકાય ?
- હઝરત મોહંમદ મુસ્તફા(સ.) નીચે મુજબના સરળ શબ્દોમાં સમજાવે છે :

  'કેટલાક લોકો એવા હોય છે કે જેઓ પોતાની ઈચ્છાઓની પરિપૂર્ણતા માટે અલ્લાહની ઈબાદત કરે છે આવી ઈબાદત વેપારી લોકોની ઈબાદત છે અને ખચીત જ કેટલાક લોકો એવા હોય છે કે જેઓ અલ્લાહના ડરથી ઈબાદત કરે છે, આવી ઈબાદત ગુલામોની ઈબાદત છે પરંતુ કેટલાક એવા હોય છે કે જેઓ માત્ર અલ્લાહનો શુક્ર અદા કરવાના હેતુથી ઈબાદત કરે છે, આવી ઈબાદત આઝાદ લોકોની ઈબાદત છે અને તે જ ઉત્તમ ઈબાદત છે.'
- અલ્લાહ તઆલાને આપણા આભારની કોઈ જરૂર નથી. તેનાથી કોઈ પણ રીતે તેને ફાયદો પહોંચતો નથી. હંમેશની માફક, ઈસ્લામ ધર્મ આપણને કોઈ પણ ક્રિયા કરવાનું શા માટે કહે છે ? તેનું કારણ એ છે કે એ ક્રિયાથી આપણને જ ફાયદો થાય. અલ્લાહનો શુક્ર અદા કરીને આપણે આપણી જાતને યાદ અપાવીએ છીએ કે એક માત્ર અલ્લાહ જ છે કે જેણે આટલી બધી નેઅમતો આપણને આપી છે. આ બધું કંઈ આપણું પોતાનું કાર્ય નથી.
- અલ્લાહ તઆલા કુરઆને મજીદ સૂરા-૧૭, આયત-૪૦માં ફરમાવે છે :

  **'...અને એ કે જે શુક્ર અદા કરે છે તે ખરેખર તો પોતાની જાતનો જ આભારી છે અને જે કોઈ કૃતઘ્ન છે તો પછી ખચીત જ મારો પરવરદિગાર આત્મનિર્ભર (બેનિયાઝ) અને પુષ્કળ આપનારો છે.'**
- શુક્રગુઝાર માણસ અલ્લાહ તરફથી અને સાથે સાથે એ લોકો તરફથી કે જે તેની સાથે રહેતા હોય તેમના તરફથી હંમેશાં ફાયદો મેળવતો હોય છે, જેમકે નીચેની હદીસ બતાવે છે :

  'એ માણસ જ સૌથી વધારે દયાને પાત્ર છે કે જેને જ્યારે કાઢી મૂકવામાં આવે છે તો સબ્રતા ધારણ કરે છે, જ્યારે તેનો ઈન્કાર કરવામાં આવે છે તો ઈસ્તિગ્ફાર કરે છે અને જ્યારે તે કંઈ મેળવે છે તો શુક્ર માને છે.'

  જો આપણે અલ્લાહનો શુક્ર અદા કરીશું અને તેની પ્રશંસાને પ્રદર્શિત કરીશું તો તે પોતાની અસીમ કૃપાથી આપણને તેનાથી ય વધારે પ્રદાન કરશે.

  કુરઆને મજીદમાં સૂરા-૧૪, આયત-૭માં આપણને કહેવામાં આવ્યું છે :
- પરંતુ આનાથી ઉલટું માણસે જાતે ખૂબ જ ખરાબ આદત બનાવી દીધી છે. માણસો એવું વિચારે છે કે જે કંઈ તેમણે પ્રાપ્ત કર્યું છે તે તેમણે તેમની

મહેનતથી પ્રાપ્ત કર્યું છે, નહીં કે અલ્લાહ તઆલા તરફથી.

- જ્યારે આપણે લોકોને કહીએ છીએ કે અલ્લાહ તઆલાએ આપણને બધું આપ્યું છે તો આ સાંભળીને તેઓ હસે છે અને કહે છે, 'જે પૈસા મારી પાસે છે અને જે પૈસા બેંકમાં છે તે પૈસા મને કોણે આપ્યા ? આ પૈસા કોઈએ પણ મને આપ્યા નથી. આ તો પૈસા હું પોતે જ મારી સખત મહેનતથી કમાયો છું.'
- ઉપરોક્ત બાબત બતાવે છે કે લોકો સમજવા તૈયાર નથી. નીચે આપેલ એક સાદા ઉદાહરણ દ્વારા આ બાબત સહેલાઈથી સમજાવી શકાય છે.
- એક યુવાન છોકરો તેના જન્મ દિવસે ઘરમાં બેસી રહ્યો હતો. એવામાં એકાએક બારણાની ઘંટડી વાગી અને તે છોકરો કોણ આવ્યું છે તે જોવા માટે દોડ્યો.

જ્યારે તેણે બારણું ખોલ્યું તો તેણે એક મોટા પાર્સલ સાથે પોસ્ટમેનને ઊભેલો જોયો. પોસ્ટમેને તે પાર્સલ છોકરાને આપ્યું અને બીજે જવા ચાલ્યો ગયો. પાર્સલ ખૂબ જ મોટું હતું, લગભગ તે છોકરાની સાઈઝનું. છોકરો તે પાર્સલ ખોલવા આગળ વધ્યો. જ્યારે તેણે પાર્સલ ખોલી નાખ્યું તો તેણે એક મોટી નવી નકોર ચળકતી સાઈકલ જોઈ. છોકરો અત્યંત ખુશ થઈ ગયો.

પછી મોડી સાંજે ઘરનો ટેલિફોન રણક્યો અને પેલો છોકરો ટેલિફોન ઉપાડવા માટે ગયો. જ્યારે તેણે ટેલિફોન કાને માંડ્યો તો સામે છેડેથી તેણે તેની દાદીમાનો અવાજ સાંભળ્યો. દાદીમાએ છોકરાને કહ્યું,

'દીકરા ! મેં મોકલેલી સાઈકલ તને ગમી?'

છોકરાએ જવાબ આપ્યો,

'દાદીમા ! સાઈકલ તમે ક્યાં મોકલી છે ? એ તો પોસ્ટમેને મોકલી છે.'

આ પ્રસંગ બતાવે છે કે છોકરાની સમજમાં એ ન આવ્યું કે પોસ્ટમેન તો માત્ર સાઈકલ આપવા માટે જ આવ્યો હતો. વાસ્તવમાં તેણે સાઈકલ મોકલી ન હતી.

બસ એવી જ રીતે જ્યારે આપણે કંઈ સારું કાર્ય કરીએ અથવા પરીક્ષામાં પ્રથમ આવીએ અથવા તો કંઈક વળતર મેળવીએ તો આપણે અલ્લાહનો આભાર માનવો જોઈએ કારણ કે વાસ્તવમાં તો એ જ છે કે જેણે આ બધું આપણા તરફ મોકલ્યું છે.

## આપણે અલ્લાહનો આભાર કેવી રીતે વ્યક્ત કરવો?

જો કોઈ માણસ કે જે ગમે તે કારણસર સફળ થઈ ગયો હોય તેમ છતાંય તેણે અલ્લાહનો આભાર માનવો જોઈએ કારણ કે અલ્લાહે તેને તકો પૂરી પાડી જેના લીધે તે સફળ થયો.

આ આભાર માત્ર ઈબાદતમાં કે શબ્દોમાં જ વ્યક્ત થવો ન જોઈએ પરંતુ કાર્યમાં પણ વ્યક્ત થવો જોઈએ. અલ્લાહનો આભાર વ્યક્ત કરવાની સારામાં સારી રીત તો એ છે કે એવું કંઈક કરવું જેનાથી બીજા કોઈ માણસને મદદ મળે કેમકે અલ્લાહ તઆલા તો કોઈ પણ જાતની જરૂરિયાતથી પર છે.

**ઝિંદગી ક્યા હૈ ? અનાસિરમેં ઝુહૂરે તર્તીબ,**
**મૌત ક્યા હૈ ? ઈન્હીં અજઝાકા પરેશાં હોના.**
(જીવન શું છે ? પંચ મહાભૂત (અર્થાત : આગ, પાણી, હવા, માટી અને આકાશ)માં સુધારકાર્યનું પ્રાગટ્ય. મૃત્યુ શું છે ? એ જ મૂળ પ્રદાર્થોનું વેરવિખેર થઈ જવું.

અલ્લાહ આપણી દુઆઓને મંજૂર કરીને આપણને આપે છે તેમ છતાંય આપણે ભૂલી જઈએ છીએ અને એવો ઢાંગ કરીએ છીએ કે જાણે આ બધું તો આપણે પોતે જ કર્યું હોય.

- અલ્લાહ તઆલા કુરઆને મજીદ, સૂરા-૧૦૦, આયત ૬ થી ૮માં ફરમાવે છે :

**‘ખરેખર માણસ તેના પરવરદિગાર તરફ અનુપકારી છે અને એ હકીકત પરત્વે કે તે પોતાનાં કાર્યો દ્વારા સાક્ષી મેળવે છે અને તે તેના ધનના પ્રેમમાં ઉગ્ર છે.’**

- આપણી દરેક નમાઝના અંતે આપણે શુક્રનો સિજદો બજાવી લાવવો જોઈએ અને તે દિવસે મળેલ તેની મહેરબાનીઓ માટે તેનો આભાર માનીને, કોઈ અકસ્માત ન નડ્યો તે માટે તેનો આભાર માનીને કે તેં મને એક વધુ દિવસમ ાટે જીવતો રાખ્યો તે અંગે અલ્લાહ તઆલા સાથે વાર્તાલાપ કરવો જોઈએ. ✻


**પ્રો. જી. કે. સુણસરા**
**(સેવાણીવાળા)**

**બેસ્ટ રેડીમેડ**
**ક્લોથ એન્ડ ટેલર્સ**

**● રેડીમેડ ●**
**✻ જીન્સ ✻ ટી.શર્ટ ✻ શોર્ટ શર્ટ ✻ સ્લીમ શર્ટ ✻ કારગો ✻ ઝભ્ભા-લેંઘા ✻ ટ્રાઉઝર્સ ✻ નાઈટ ડ્રેસ વિગેરે.**

**● ક્લોથ ●**
**શુટીંગ તથા શર્ટીંગ**

**● ટેલર્સ ●**
**પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.**

**૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.**
**ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૦**


# નુસ્ખા

## નસકોરી

✻ નસકોરી ફૂટે ત્યારે તાળવા ઉપર ઠંડા પાણીની ધાર પાડવી તેમજ નાકમાં ઠંડા પાણીની છાલક મારવાથી લોહી બંધ થાય છે.

✻ નસકોરી ફૂટે ત્યારે બરફનો ટુકડો માથે, કપાળે અને ગરદન પર ફેરવવાથી લોહી બંધ થાય છે.

✻ લીંબુનો રસ કાઢી નાકમાં પીચકારી વાટે નાખવાથી નસકોરીનું દર્દ કાયમ માટે નાબુદ થાય છે.

✻ નસકોરી ફૂટે તો શેરડીના રસનાં ટીપાં, કાંદાના રસનાં ટીપાં, ગાયના ઘીનાં ટીપાં, દૂધનાં ટીપાં, ખાંડના પાણીનાં ટીપાં, દ્રાક્ષના પાણીનાં ટીપાં, ઠંડા પાણીનાં ટીપાં, ગમે તે એક વસ્તુનાં ટીપાં નાકમાં નાખવાથી લોહી પડતું બંધ થાય છે.

✻ નસકોરી ફૂટે તો ફટકડીનું ચૂર્ણ સૂંઘાડવું અને ફટકડીનું પાણી નાકમાં નાખવાથી લોહી તરત બંધ થાય છે.

✻ ઘઉંના લોટમાં સાકર અને દૂધ મેળવી પીવાથી નાકમાંથી પડતું લોહી બંધ થાય છે.

✻ મરી અને દહીને જૂના ગોળમાં મેળવીને પીવાથી નાકમાંથી લોહી નીકળતું બંધ થાય છે.

✻ કેરીની ગોટલીનું ચૂર્ણ નાક વડે સૂંઘવાથી નાકમાંથી લોહી નીકળતું બંધ થાય છે.

✻ દૂધીનો રસ, મધ અને સાકર સાથે પીવાથી નાકમાંથી કે ગળામાંથી પડતું લોહી બંધ થાય છે.

✻ મરી અથવા અજમો નાખીને ગરમ કરેલું તેલ નાકમાં નાખવાથી કે સૂંઘવાથી કે નાકે ચોળવાથી નાક બંધ થઈ ગયું હોય તો ખુલે છે.

✻ અરડુસીના પાનના રસનાં ૩ થી ૪ ટીપાં નાકમાં નાખવાથી નસકોરી બંધ થાય છે અને અરડુસીના પાનનો રસ પીવાથી નાક કે મોં વાટે લોહી પડતું બંધ થાય છે. ✻

# આપણા ઘરની વાતો

● **ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદમાં માનદ સેવા માટે જોડાયા :**

ઈલોલ તલાવ નિવાસી મો.હબીબભાઈ સુલેમાનભાઈ નુરભાણેજ (નિવૃત્ત આચાર્ય) તા.૧૫-૨-૨૦૧૧ને મંગળવારથી ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ ખાતે માનદ સેવા માટે જોડાયેલ છે. શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા હર્ષની લાગણી સાથે તેમની સેવાનો સ્વીકાર કરે છે.

● **કનાઈ મુકામે 'હુસૈની રક્તદાન શિબિર' તથા ચક્ષુ નિદાન કેમ્પનું આયોજન :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા તા.૨૨-૧-૨૦૧૧ને શનિવારના રોજ કનાઈ મુકામે હુસૈની રક્તદાન શિબિર તથા ચક્ષુ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાબરકાંઠાના ૧૪ ગામોમાંથી આવેલ ૭૨ જેટલા રક્તદાતાઓએ કરબલાના શહીદોની યાદમાં શ્રધ્ધાંજલિ રૂપે પોતાનું લોહી માનવ કલ્યાણ અર્થે આપ્યું હતું. આ શિબિરનું સંચાલન સિધ્ધપુરના પ્રખ્યાત ડૉકટર ચેતન ઠક્કર સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. રેડક્રોસ હિંમતનગરની બ્લડ બેંકને આ રક્તનું દાન આપવામાં આવ્યું હતું. ચક્ષુ નિદાન કેમ્પમાં હિંમતનગરના આંખના પ્રખ્યાત ડૉકટર મનસુરી સાહેબે આવેલ ૧૬૩ દર્દીઓની આંખોનું નિદાન કર્યું હતું. આ પ્રસંગે ૮૧ જેટલા ભાઈ-બહેનોએ પોતાનું બ્લડ ગ્રૃપ ચેક કરાવ્યું હતું. બહાર ગામથી આવેલ મહેમાનો માટે મો.ઈન્તેખાબઅલી 'મામા'ના ત્યાં અને બહાર ગામથી આવેલ રક્તદાતાઓ માટે ઈમામવાડામાં જમવાની વ્યવસ્થા રાખવામાં આવી હતી. આ પ્રસંગે જનાબ એ. ડી. મોમિન સાહેબની હાજરી નોંધપાત્ર હતી.

● **ઈન્નાલિલ્લાહે :**



બાદરપુર નિવાસી **મર્હૂમ મો.સુલેમાનભાઈ સાવદીભાઈ કરમુલા** મુ.તા.૨૪, મોહર્રમ-૧૪૩૨, તા.૩૧-૧૨-૨૦૧૦ને શુક્રવારના રોજ ૮૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા. તેઓ સ્વભાવે સત્ય બોલવાના આગ્રહી હતા. ---➜



←--- કાકોશી નિવાસી **મર્હૂમ મો.અસગરઅલી હાજી રસુલભાઈ કરડીયા** મુ.તા. ૧૮, સફર-૧૪૩૨, તા.૨૩-૧-૨૦૧૧ને રવિવારના રોજ ૨૫ વર્ષની યુવાન વયે હૃદયરોગના હુમલાથી અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ 'જાફરી આવાઝ'(માસિક) પઢવાના ખૂબ શોખીન હતા.




રસુલપુર-મેત્રાણા નિવાસી **મર્હૂમ મો.હૈદરઅલી અલજીભાઈ ઝઘરાળા** મુ.તા.૧૯, મોહર્રમ-૧૪૩૨, તા.૨૫-૧૨-૨૦૧૦ને શનિવારના રોજ બ્રેઈન હેમ્રેજના કારણે અઢી વર્ષની બીમારી બાદ ૪૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે દયાળુ, સહનશીલ તથા પીરો મુરશિદ તેમજ મોહંમદ વ આલે મોહંમદના ચાહક હતા. ---➜



←--- ઈલોલ પહાડીયા નિવાસી **મો.મહંમદઅલી ઈબ્રાહીમભાઈ ભોવાણીયા(ગોમતીપુર ફાયર બ્રીગેડ)**ના પુત્ર **મર્હૂમ મો.અહેસાનઅલી મહંમદઅલી ભોવણીયા** મુ.તા.૧૫, સફર-૧૪૩૨, તા.૨૦-૧-૨૦૧૧ને ગુરૂવારના રોજ ૨૩ વર્ષની યુવાન વયે આકસ્મિક રીતે અલ્લાહ તઆલાની રહેમતે

પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માયાળુ હતા. તેઓ એમ.બી.એ.ના છેલ્લા સેમીસ્ટરમાં અભ્યાસ કરતા હતા.



←--- કાકોશી નિવાસી **મર્હૂમ મો.સુલેમાનભાઈ વજીરભાઈ કડીવાલા**(ઉર્ફે મોલ્વી સા'બ) તા.૫, સફર-૧૩૪૨, તા.૧૦-૧-૨૦૧૧ને સોમવારના રોજ ૮૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સુલેમાનભાઈ યુવાવસ્થાથી જ ધાર્મિક કિતાબો વાંચવાનો શોખ ધરાવતા હતા. જિંદગીનો મોટો ભાગ પરહેઝગારીની સાથે ઈબાદતમાં જ પસાર કર્યો હતો. પાંચ ટાઈમની નમાઝ ઉપરાંત નમાઝે તહજ્જુદના પાબંદ હતા. મોહર્રમ માસ દરમિયાન પઢાતા મકતુલનામાના બયાનો ખૂબ શોખથી અને ભાવવિભોર થઈને પઢતા હતા. નામદાર ઝહીરહુસૈન બાવા સાહેબે તેમને **'મોલ્વી સા'બ'** તરીકેનો ઈલ્કાબ આપ્યો હતો. મર્હૂમ સુલેમાનભાઈ પોતાની જિંદગીમાં બિનવિવાદાસ્પદ વ્યક્તિત્વ તથા મળતાવડો સ્વભાવ ધરાવતા હોવા ઉપરાંત પીરાને તરીકતના ખૂબ આશિક હતા. તેઓ હજ્જ તથા ઝિયારતથી પણ મુશર્રફ થયેલા હતા. મર્હૂમની ફાતિહાખ્વાનીમાં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી.



←--- કેસીમ્પા નિવાસી **મર્હૂમ મો.નશીરભાઈ વલીભાઈ બાલીસણા ઉર્ફે (મહંમદકાકા રંગારી)** મુ.તા.૧૦, મોહર્રમ-૧૪૩૨, તા.૧૭-૧૨-૨૦૧૦ને શુક્રવારના રોજ ૯૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક, મિલનસાર, ઈમાનદાર, સખી દિલ, દયાળુ, નરમ, સહનશીલ તથા પીરો મુરશિદના ચાહક અને આશિકે હુસૈન હતા. મુંબઈ ખાતે તેમનો ધંધો કલરકામનો હોવાથી રંગારી કાકાના નામે ઓળખાતા હતા.

અલ્લાહ તઆલા મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## લગ્ન વિષયક

- **દમણ નિવાસી**
- **છોકરો - ડિપ્લોમા મિકેનીકલ એન્જિનિયરીંગ**
- **ઉંમર - ૨૪ વર્ષ**
- **છોકરી -** B.Com., B.Ed., M.Com. **(ચાલુ)**
- **ઉંમર - ૨૧ વર્ષ**
- **મોબાઈલ : ૮૧૪૧ ૪૬૫૦ ૧૮**
- **છોકરાની સર્વિસ ચાલુ છે.**
- Email : siraj.engimech@gmail.com

**ઉપર મુજબના છોકરા - છોકરી માટે વેલ એજ્યુકેટેડ શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતનો છોકરો - છોકરી જોઈએ છે.**

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**રૂા.૧૪૨૦/- મો.મર્હૂમ સુલેમાનભાઈ સાવદીભાઈ કરમુલા(બાદરપુર)ના પરિવારજનો તરફથી મર્હૂમની રૂહના સવાબ અર્થે.**

**મર્હૂમ મો.અસગરઅલી હાજી રસુલભાઈ કરડીયા(કાકોશી)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૧/-મો.હાજી રસુલભાઈ નશીર કરડીયા
રૂા.૫૦૧/-મો.સકીનાબેન હાજી રસુલભાઈ કરડીયા
રૂા.૧૦૧/-મો.આબિદઅલી હાજી રસુલભાઈ કરડીયા
રૂા.૧૦૧/-મો.રાજુબેન નશીરભાઈ કરડીયા
રૂા.૧૦૧/-મો.આબેદાબેન અકબરઅલી કરડીયા
રૂા.૫૧/-મો.તાહેરાફાતેમા અકબરઅલી કરડીયા
રૂા.૫૧/-મો.ઈરફાનાફાતેમા અકબરઅલી કરડીયા

**મર્હૂમ મો.અહેસાનઅલી મહંમદઅલી ભોવણીયા(ઈલોલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૫૦/-મો.ઉરીબેન ઈબ્રાહીમભાઈ ભોવણીયા
રૂા.૧૫૦/-મો.મહંમદઅલી ઈબ્રાહીમભાઈ ભોવણીયા
રૂા.૧૫૦/-મો.ઝોહરાબેન મહંમદઅલી ભોવણીયા
રૂા.૧૫૦/-મો.ઈમદાદઅલી મહંમદઅલી ભોવણીયા
રૂા.૧૦૦/-મો.ગુલામઅલી ઈબ્રાહીમભાઈ ભોવણીયા
રૂા.૫૦/-મો.રહીમબેન ગુલામઅલી ભોવણીયા
રૂા.૫૦/-મો.નજરમોહંમદ ગુલામઅલી ભોવણીયા
રૂા.૫૦/-મો.મોહસિનઅલી ગુલામઅલી ભોવણીયા
રૂા.૧૦૦/-મો.સુલેમાન ઈબ્રાહીમભાઈ ભોવણીયા
રૂા.૫૦/-મો.સુગરાબેન સુલેમાન ભોવણીયા
રૂા.૫૦/-મો.સિરાજઅહેમદ સુલેમાન ભોવણીયા
રૂા.૫૦/-મો.મેઅરાજફાતેમા સુલેમાન ભોવણીયા
રૂા.૧૦૦/-મો.ઈસ્માઈલભાઈ વજીરભાઈ ભોવણીયા
રૂા.૧૦૦/-મો.તાલિબઅલી ઈસ્માઈલભાઈ ભોવણીયા
રૂા.૫૦/-મો.ઝોહરાબેન તાલિબઅલી ભોવણીયા
રૂા.૫૦/-મો.સાકિરઅલી તાલિબઅલી ભોવણીયા
રૂા.૫૦/-મો.ઝાકિરઅલી તાલિબઅલી ભોવણીયા
રૂા.૧૦૦/-મો.અકબઅલી ઈબ્રાહીમભાઈ ભોવણીયા
રૂા.૫૦/-મો.માસૂમફાતમા અકબરઅલી ભોવણીયા
રૂા.૫૦/-મો.કનીઝફાતમા અકબરઅલી ભોવણીયા
રૂા.૫૦/-મો.આબિદઅલી અકબરઅલી ભોવણીયા
રૂા.૧૦૦/-મો.ઈબ્રાહીમભાઈ ઈસ્માઈલભાઈ ભોવણીયા
રૂા.૫૦/-મો.આબેદાબેન ઈબ્રાહીમભાઈ ભોવણીયા
રૂા.૫૦/-મો.સાજેદાબને ઈબ્રાહીમભાઈ ભોવણીયા
રૂા.૫૦/-મો.અઝમતફાતમા ઈબ્રાહીમભાઈ ભોવણીયા
રૂા.૫૦/-મો.અકબરઅબ્બાસ ઈબ્રાહીમભાઈ ભોવણીયા
રૂા.૫૦/-મો.આબિદઅલી ઈબ્રાહીમભાઈ ભોવણીયા
રૂા.૧૦૦/-મો.ઉરીબેન વલીભાઈ દાંત્રેલીયા
રૂા.૧૦૦/-મો.આયશાબેન અલીભાઈ મસુ
રૂા.૫૦/-મો.નજમાબેન નજરઅલી મસુ
રૂા.૫૦/-મો.રફીકઅલી નુરભાઈ લોઢા
રૂા.૫૦/-મો.મહંમદઅશરફ નશીરભાઈ ભટ્ટા
રૂા.૫૦/-મો.નજરમહંમદ મહંમદઅશરફ ભટ્ટા
રૂા.૫૦/-મો.ગુલામહૈદર હસનભાઈ મસુ
રૂા.૧૦૦/-મો.નુરીબેન ગુલામનબી પટેલ
રૂા.૧૦૦/-મો.તાહેરઅલી ગુલામનબી પટેલ
રૂા.૧૦૦/-મો.ફાતમાબેન તાહેરઅલી પટેલ
રૂા.૫૦/-મો.અસ્માબેન તાહેરઅલી પટેલ
રૂા.૫૦/-મો.સાહિલ તાહેરઅલી પટેલ
રૂા.૫૦/-મો.યુનુસફભાઈ હાસમભાઈ મસી
રૂા.૫૦/-મો.હૈદરઅલી સુલેમાન ખણુશીયા

રૂા.૫૦/-મો.મિકદાદઅલી ગુલામભાઈ ભુરા
રૂા.૧૦૦/-મો.મુમ્તાઝઅલી શરીફભાઈ પટેલ
રૂા.૧૦૦/-મો.ઈમ્તિયાઝઅલી શરીફભાઈ પટેલ
રૂા.૧૦૦/-મો.ફાતમાબેન ગુલામમહંમદ બલોસપુરા
રૂા.૧૦૦/-મો.હુસૈનાબેન આબિદહુસૈન દેધરોટીયા
રૂા.૫૦/-મો.રહીમબેન ગુલામહૈદર દેધરોટીયા
રૂા.૫૦/-મો.શીરીનબેન કાસમભાઈ દેધરોટીયા
રૂા.૨૫/-મો.ફિઝ્ઝાબેન હસનઅલી દેધરોટીયા
રૂા.૨૫/-મો.હસનઅલી ગુલામહૈદર દેધરોટીયા
રૂા.૫૦/-મો.શબ્બીરઅલી કાસમભાઈ પટેલ
રૂા.૫૦/-મો.રઝીયાબેન શબ્બીરઅલી પટેલ
રૂા.૫૦/-મો.કુલસુમબેન ગુલામમહંમદ પટેલ
રૂા.૫૦/-મો.ઝયનબબેન શરીફભાઈ ભટ્ટા

**રૂા.૧૦૦૧/-મો.મર્હૂમ સુલેમાનભાઈ વજીરભાઈ કડીવાલા(કાકોશી)ની રૂહના સવાબ અર્થે તેમના ચારેય પુત્રો તથા કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૧૦/-મો.અલીરઝા ગુલામમહંમદ મોમિન(વસો)તરફથી કરબલાના શહીદોની અરવાહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/-મો.મર્હૂમ હૈદરઅલીઅલજીભાઈ ઝઘરાળા(રસુલપુર-મેત્રાણા)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.નશીરભાઈ વલીભાઈ બાલીસણા (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૫૧/-મો.નુરીબેન નશીરભાઈ બાલીસણા
રૂા.૨૫૧/-મો.ગુલામહૈદર નશીરભાઈ બાલીસણા
રૂા.૨૦૧/-મો.ઈમદાદઅલી નશીરભાઈ બાલીસણા
રૂા.૧૦૧/-મો.કુલસુમબેન ગુલામભાઈ બાલીસણા
રૂા.૧૦૧/-મો.ઝયનબબેન ઈમદાદઅલી બાલીસણા
રૂા.૫૧/-મો.ઈનામહુસૈન ગુલામભાઈ બાલીસણા
રૂા.૨૫/-મો.તાહેરાબાનુ ગુલામભાઈ બાલીસણા
રૂા.૨૫/-મો.રઝાઅલી ગુલામભાઈ બાલીસણા
રૂા.૨૫/-મો.સકીનાબાનુ ઈમદાદઅલી બાલીસણા
રૂા.૨૫/-મો.મંજુરહુસૈન ઈમદાદઅલી બાલીસણા
રૂા.૨૫/-મો.કામયાબઅલી ઈમદાદઅલી બાલીસણા
રૂા.૧૦૦/-મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ માઢીયા
રૂા.૧૦૦/-મો.ફાતમાબેન રસુલભાઈ નાગલપરા
રૂા.૧૦૦/-મો.ઝયનબબેન મહંમદભાઈ માણસીયા
રૂા.૨૦૦/-મો.હુસૈનાબેન મહંમદભાઈ શેરસીયા
રૂા.૧૦૧/-મો.અકબરઅલી મહંમદભાઈ માણસીયા
રૂા.૩૦/-મો.ઈસ્માઈલભાઈ અલીજી સાઠીયા
રૂા.૨૫/-મો.લાડચીબેન નુરાભાઈ બાલીસણા
રૂા.૨૫/-મો.જીવુબેન રહીમભાઈ બાલીસણા
રૂા.૫૦/-મો.રહીમભાઈ હાસમભાઈ મુખી
રૂા.૫૦/-મો.મરીયમબેન રહીમભાઈ મુખી

રૂા.૫૦/-મો.અમ્મારઅલી એચ. ભગત (દમણ)તરફથી મર્હૂમ મો.હાસમભાઈ જી. ભગત તથા મર્હૂમા ઝયનબબેન એચ. ભગતની રૂહના સવાબ અર્થે.

**રૂા.૫૦૧/-મો.હબીબભાઈ સુલેમાનભાઈ નુરભાણેજ(ઈલોલ તલાવ)તરફથી તેઓ સ્વૈચ્છિક નિવૃત્ત થયા તથા તેમના ઘેર પૌત્રી ફરીદાફાતેમાનો જન્મ થયો તેની ખુશાલી પ્રસંગે.**

રૂા.૧૫૦/-મો.દાઉદ વલી ચૌધરી(મેતા) તરફથી તેમને ઉમ્રહ હજ-ઝિયારત માટે જવાનું નસીબ થયું તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/-મો.સલમાનઅલી યુ. મોમિન (કઠોર)તરફથી મર્હૂમ યુસુફભાઈ હાજી દાઉદભાઈ (ચાવાળા)ની રૂહના સવાબ અર્થે.

**રૂા.૫૦૦/- માર્ચ-૨૦૧૦માં જતા જેઠીપુરાના ઝવ્વાર ભાઈ-બહેનો તરફથી મળેલ ડોનેશન.**

**રૂા.૫૦૦/- એપ્રિલ-૨૦૧૦માં ફૈઝ-અલ-ઈમાન ટૂરમાં જતા ઝવ્વાર ભાઈ-બહેનો તરફથી મળેલ ડોનેશન.**